સુવિચાર

હાસ્ય એ એવી ભાષા છે, જેને બાળક પણ સમજી શકે છે

# સમય મિરર




samaymirror@gmail.com

SAMAY MIRROR (MORNING DAILY)

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-182 ■ DATE : 13-5-2025 ■ TUESDAY ■ Page-10 ■ વૈશાખ વદ ૧, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA BAUG, NEAR SHARDA BAUG, RAJKOT-360001


આ યુગ યુદ્ધનો નથી અને આતંકવાદનો પણ નથી

## ટેરર અને ટોક
## ટેરર અને ટ્રેડ
## પાણી અને લોહી
## એક સાથે નહીં

# ઓપરેશન સિંદૂર આતંક વિરુદ્ધ ભારતની નીતિઃ PM મોદી

## લશ્કરની જવાબી કાર્યવાહી હાલ પૂરતી માત્ર સ્થગિત કરી છે, કાયમ માટે બંધ નથી કરી : પાકિસ્તાનનું વલણ જોઈને નિર્ણય લેવામાં આવશે

**સમય મિરર । નવી દિલ્હી**

વડાપ્રધાન મોદીએ સોમવારે રાત્રે ૮ વાગે રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેઓએ પાકિસ્તાનનું નામ લઈને ખુલ્લી ચેતવણી આપીને કહ્યું હતું કે, આ યુદ્ધ વિરામ નથી લશ્કરી કાર્યવાહી હાલ પૂરતી માત્ર સ્થગિત કરી છે કાયમ માટે રોકી નથી. આવનારા દિવસોમાં પાકિસ્તાનનું આતંકવાદ સાથેનું વલણ જોઈને નિર્ણય લેવામાં આવશે. આ સાથે જ વડાપ્રધાને એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે, સિંધુ જળ સમજૂતી ફરી લાગુ કરવામાં નહી આવે. નદીનું રોકેલું પાણી પાકિસ્તાનને આપવામાં આવશે જ નહીં. પીએમ મોદીએ આ અંગે કહ્યું હતું કે લોહી અને પાણી એક સાથે નહિ વહી શકે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ટેરર અને ટોક એક સાથે નહીં ચાલી શકે. આ ઉપરાંત ટેરર અને ટ્રેડ પણ એક સાથે નહીં ચાલી શકે. આમ કરીને વડાપ્રધાન મોદીએ પાકિસ્તાન સાથે હાલ પ્રવર્તિ રહેલી પરિસ્થિતિને યથાવત રાખવાનો સીધો સંદેશ આપી દીધો હતો.

વડાપ્રધાન મોદીએ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર દેશને આ અંગે કરેલા રાષ્ટ્રજોગ પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારતીય ત્રણેય સેના, ભારતીય જાસુસી એજન્સીઓ અને વૈજ્ઞાનિકોને ભારતવાસીઓ તરફથી હું સેલ્યુટ કરું છું. સૈનિકોની વીરતા સાહસ અને અને પરાક્રમને સાહસના પરિણામ સ્વરૂપ ઓપરેશન સિંદૂર દેશની દરેક માતા બહેન અને દીકરીને આ પરાક્રમ સાથે સમર્પિત કરું છું.

પહેલગામમાં થયેલી બિભસ્ત ઘટનાથી મને વ્યક્તિગત રૂપે ખૂબ જ પીડા થઈ હતી. સિંદૂર હટાવવાનો અંજામ શું આવી શકે છે તે આતંકવાદીઓ જોઈ ચૂક્યા છે. આ સિંદૂર ભાવનાઓનું પ્રતિબિંબ છે. ન્યાયની અખંડ પ્રતિજ્ઞા છે. આ સિંદૂર ભુસવાનું પરિણામ દુનિયા આખીએ જોયું છે. છ તારીખની રાત્રે અને સાત તારીખની સવારે દુનિયાએ ન્યાયની અખંડ પ્રતિજ્ઞા સમાન આ ઓપરેશન સિંદૂરને પરિણામમાં બદલતું જોયું છે. ભારતીય સેનાએ આતંકીઓના અડ્ડા પર સટીક પ્રહાર કર્યો છે. આતંકના આકાઓએ સપનામાં પણ નહીં વિચાર્યું હોય કે ભારત આવો ફેંસલો કરશે.

પાકિસ્તાની આતંકીઓના કેન્દ્ર સમાન માત્ર ઈમારતો જ નહીં પરંતુ આતંકીઓના નાપાક ઈરાદાઓને પણ ભારતીય સેનાએ ધ્વસ્ત કરી નાખ્યા છે. બહાવલપુર, મુરિદકે જેવા આતંકના અડ્ડા ગ્લોબલ ટેરેરિઝમની યુનિવર્સિટી સમાન હતા. આ આતંકની યુનિવર્સિટીઓ તોડી પડાતા આતંકીઓના હોસલા તૂટી ગયા છે. સિંદૂરની તાકાતે આતંકીઓના હેડ ક્વાર્ટરને ફૂંકી માર્યા અને ૧૦૦થી વધુ ખૂંખાર આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા છે.

આતંકના આકાઓ બે ત્રણ દસકાથી ખુલેઆમ ફરતા હતા. ભારત વિરુદ્ધ કાર્ય કરતા હતા. તેને એક ઝટકામાં ભારતીય સેનાના જાંબાઝ જવાનોએ ખતમ કર્યા છે. પાકિસ્તાન અત્યારે ઘોર નિરાશામાં આવી ગયું હોવાથી બોખલાઈ ગયું છે. આ બોખલાહટમાં તેણે વધુ એક દુઃસાહસ કર્યું અને ભારત પર જ હુમલો કરી દીધો. આ હુમલામાં તેઓએ શાળા, કોલેજો, ગુરુદ્વારા,



મંદિર અને સામાન્ય નાગરિકોના ઘરને નિશાન બનાવ્યા હતા. આ ઉપરાંત સૈન્ય ઠેકાણાઓને પણ તેઓએ નિશાન બનાવ્યા હતા. આ બધું જોઈને પાકિસ્તાન વિશ્વ સમક્ષ બેનકાબ થઈ ગયું છે. પાકિસ્તાને ભારત તરફ છોડેલા ડ્રોન અને મિસાઈલ એટેકને ભારતીય સેનાએ તણખલાની જેમ હવામાં જ ખતમ કરી નાખ્યા હતા. પાકિસ્તાનની તૈયારી તો સીમા ઉપર હુમલો કરવાની હતી, પણ ભારતે તો પાકિસ્તાનની છાતી ઉપર જ પ્રહાર કર્યો છે.

ભારતના ડ્રોન અને મિસાઈલોએ સટીકતાથી પાકિસ્તાનમાં અને પીઓકેમાં રહેલા આતંકીઓના અડ્ડાને નિશાન બનાવ્યા. આ ઉપરાંત તેના એરબેઝને પણ ભારે નુકસાન કર્યું કે જે એરબેઝ પર તેઓને ભારે અભિમાન હતું. ત્રણ દિવસમાં જ ભારત પાકિસ્તાનને તબાહ કરી નાખશે એવો તેને જરા પણ અંદાજો ન હતો. ભારતની આક્રમક કાર્યવાહી પછી પાકિસ્તાન ફફડી ગયું હતું તેમ જણાવીને વડાપ્રધાન મોદીએ ઉમેર્યું હતું કે ભારતની આક્રમક કાર્યવાહી બાદ બચવાનો રસ્તો શોધતા શોધતા તેઓએ દુનિયાભરના દેશો પાસે મદદની ગુહાર કરી જોઈ.

૧૦ મેએ પાકિસ્તાનના ડીજીએમઓએ ભારતનો સંપર્ક કર્યો અને યુદ્ધ વિરામનો પ્રસ્તાવ મૂક્યો. આ સમયે ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે હવે પછી પાકિસ્તાન તરફથી કોઈપણ પ્રકારની આતંકવાદી ગતિવિધિ કરવામાં ન આવે અને જો કોઈ પણ પ્રકારની આતંકવાદી ઘટનાને અંજામ અપાશે તો ભારત તેને એક યુદ્ધ તરીકે જ નિહાળીને આગળની કાર્યવાહી કરશે.

આ ઉપરાંત આવનારા દિવસોમાં જો પાકિસ્તાન કોઈપણ કાર્યવાહીનું દુઃસાહસ કરશે તો ભારતીય સેના તેને જડબાતોડ જવાબ આપશે. હાલ ભારતની ત્રણેય સેના એટલે કે એરફોર્સ, આર્મી અને નેવી સહિત બીએસએફ અને ભારતના અર્ધ સૈનિક દળો સંપૂર્ણપણે એલર્ટ છે. હવે પછી પાકિસ્તાનની કોઈપણ આતંકી વારદાતને મુહતોડ જવાબ મળશે અને એ પણ અમારી રીતે અને અમારી શરતો પર જ પાકિસ્તાનને જવાબ આપીશું. અત્યારે તો જ્યાંથી આતંકવાદનું મૂળ નીકળે છે ત્યાં જ ભારતે કઠોર કુઠારાઘાત કર્યો છે.

વડાપ્રધાન મોદીએ ખુલ્લી ચેતવણી આપતા પાકિસ્તાનને ન્યુક્લિયર બ્લેકમેઈલ નહીં કરવા માટે ચેતવ્યા હતા. આવી ન્યુક્લિયર હુમલાની ધમકી આપીને જ તેની પાછળ પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ અત્યાર સુધી મોટા થઈ રહ્યા હતા. પણ ભારત આવી કોઈ ન્યુક્લિયર બ્લેકમેઈલની સ્થિતિને સાંખી નહીં લે. આવી કોઈપણ ઘટનાને ભારત આતંકી અને સરકારને એક સાથે સાંકળીને જ જોશે. આતંકની ઘટના અને સરકાર બંનેને અલગ અલગ જોવામાં નહીં આવે. આમ કહીને વડાપ્રધાન મોદીએ પાકિસ્તાની નેતાઓને પણ કડક શબ્દોમાં ચેતવણી આપી દીધી હતી.

વિશ્વ આખાએ જોયું કે આતંકીઓના જનાઝામાં પાકિસ્તાનના મોટા મોટા અધિકારીઓ ઉમટી પડ્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે અમે આતંકવાદ સામે લગાતાર નિર્ણાયક પગલાંઓ ભરીશું. યુદ્ધના મેદાન પર ભારતે હંમેશા આતંકવાદીઓને ધૂળ ચટાડી છે. ઓપરેશન સિંદૂરથી આમાં એક નવો આયામ જોડાયો છે. ભારતીય સેનાએ રેગીસ્તાનથી લઈને પહાડ ઉપર નવી શક્તિનો પ્રકાશપૂંજ દર્શાવ્યો છે. ખાસ કરીને મેડ ઈન ઈન્ડિયા હથિયારોની પ્રામાણિકતા સિદ્ધ થઈ છે. વિશ્વ આખાએ જોઈ લીધું કે હવે મેડ ઇન ઇન્ડિયાનો સમય આવી ગયો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે દરેક પ્રકારના આતંક વિરુદ્ધ એકજૂટ રહેવું જોઈએ. એકતાથી મોટી કોઈ શક્તિ નથી. આ યુગ યુદ્ધનો નથી પણ સાથોસાથ આ યુગ આતંકવાદનો પણ નથી એમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ પાકિસ્તાનની સરકારને પણ ચેતવી હતી કે જો તેઓ આતંકને સહકાર આપવાનું નહીં છોડે તો એક દિવસ આ આતંકવાદ જ પાકિસ્તાનને ખતમ કરી દેશે. પાકિસ્તાને જો આ પરિસ્થિતિથી બચવું હોય તો તેના ટેરર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સફાયો કરવો પડશે. આનાથી સારો શાંતિનો બીજો કોઈ માર્ગ નથી વડાપ્રધાન મોદીએ વિશ્વ સમુદાયને પણ એક સંદેશ આપ્યો હતો કે અમારી જાહેર નીતિ રહી છે કે પાકિસ્તાન સાથે જો હવે વાત થશે તો એ માત્ર ટેરરના મુદ્દે જ થશે અને પી.ઓ.કે પર જ વાત થશે અન્ય કોઈ પણ વાત પાકિસ્તાન સાથે કરવામાં નહીં આવે. આમ કહીને વડાપ્રધાન મોદીએ વિશ્વના અન્ય દેશોને પણ ચેતવી દીધા હતા કે ભારત અને પાકિસ્તાનની વચ્ચે પડતા પહેલા આ મુદ્દાને ખાસ ધ્યાનમાં રાખે. પીએમ મોદીએ આજે બુદ્ધ પૂર્ણિમાના દિવસે શાંતિનો સંદેશ આપતા કહ્યું હતું કે શાંતિનો માર્ગ પણ શક્તિથી જ આગળ જાય છે. ભારતનું શક્તિશાળી બનવું જરૂરી છે જરૂર પડે ત્યાં શક્તિનો પણ વપરાશ જરૂરી છે અને છેલ્લા દિવસોમાં ભારતે એ જ કર્યું છે.

---

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો

# યુદ્ધ નહીં રોકો તો વેપાર નહીં કરીએ તેવી ચિમકી બાદ સીઝફાયર થયું



**સમય મિરર । નવી દિલ્હી**

ભારતના જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં આતંકવાદીઓના અડ્ડા ધ્વસ્ત કર્યા જેમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ કાર્યવાહી બાદ પાકિસ્તાની સેનાએ અનેક વખત ભારત પર ડ્રોન અને મિસાઇલથી હુમલા કરવાના નિષ્ફળ પ્રયાસ કર્યા જેના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાનના અનેક એરબેઝ નષ્ટ કર્યા. જોકે બંને દેશો હવે સંઘર્ષ વિરામ માટે તૈયાર થયા છે ત્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી મોટો દાવો કર્યો છે.

વોશિંગ્ટનમાં પત્રકાર પરિષદમાં ટ્રમ્પે કહ્યું છે, કે 'મારી સરકારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયરમાં મદદ કરી. મેં બંને દેશોને કહ્યું કે જો તમે રોકાશો નહીં તો અમેરિકા તમારી સાથે કોઈ વેપાર નહીં કરે. જે બાદ બંને દેશો રોકાયા. મારી સરકારે પરમાણુ યુદ્ધ થતાં અટકાવ્યું, મને લાગે છે કે ખતરનાક પરમાણુ યુદ્ધ થયું હોત જેમાં લાખો લોકો માર્યા ગયા હોત. મને ગર્વ છે કે સીઝફાયરમાં મદદ કરી. ઉપપ્રમુખ જે ડી વેન્સ અને વિદેશ મંત્રી રૂબિયોનો આભાર.' નોંધનીય છે કે જે દિવસે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામની જાહેરાત થઈ ત્યારે પણ ટ્રમ્પે આ જ પ્રકારનો દાવો કર્યો હતો. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભારત અને પાકિસ્તાનમાં યુદ્ધવિરામનો દાવો કર્યો હતો. જોકે ભારત દ્વારા અપાયેલા સત્તાવાર નિવેદનમાં ક્યાંય અમેરિકાનું નામ લેવામાં આવ્યું નથી અને કહેવાયું છે કે આ યુદ્ધવિરામ કરવામાં ત્રીજા કોઈ દેશનો હાથ નથી. ભારતીય વિદેશ સચિવ વિક્રમ મિસરીએ યુદ્ધવિરામની જાહેરાત કરતાં કહ્યું છે, કે 'પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઓફ મિલીટરી ઓપરેશન (DGMO)એ ભારતના DGMOને બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કર્યો હતો. જે બાદ બંને દેશો જમીન, વાયુ અને સમુદ્રમાં સાંજે ૫.૦૦ વાગ્યાથી ફાયરિંગ અને સૈન્ય કાર્યવાહી બંધ કરવા તૈયાર થયા. બંને દેશોના DGMO ૧૨મી તારીખે બપોરે ૧૨ વાગ્યે ફરી વાતચીત કરશે.'

---



# અમેરિકા અને ચીન ટેરિફ ઘટાડવા આપસમાં સહમત : બંને દેશોએ 115 ટકા ટેરિફ ઘટાડ્યો

**સમય મિરર । નવી દિલ્હી**

વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરના સમાધાન મુદ્દે ચાલી રહેલી બે દિવસીય વાતચીતમાં બંને દેશોએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. અમેરિકા અને ચીને બંનેએ એકબીજા પર લાદેલા રેસિપ્રોકલ ટેરિફમાં ઘટાડો કરવા સહમતિ દર્શાવી છે. બંનેએ ૯૦ દિવસ માટે લાગુ ટેરિફમાં ૧૧૫ ટકા સુધીનો ઘટાડો કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ચીની સમકક્ષ શી જિનપિંગ ટેરિફ ઘટાડવા સંમત થયા છે. ચીન ૯૦ દિવસ માટે અમેરિકાથી આયાત થતી વસ્તુઓ પર ૧૨૫ ટકાને બદલે માત્ર ૧૦ ટકા ટેરિફ વસૂલશે. જ્યારે અમેરિકા પણ ચીનથી આયાત થતી વસ્તુઓ પર ૯૦ દિવસ માટે ૧૪૫ ટકાને બદલે માત્ર ૩૦ ટકા ટેરિફ વસૂલશે.

અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસન્ટ કહે છે કે બંને દેશોએ ખરેખર ૯૦ દિવસ માટે ૧૧૫ ટકા ટેક્સ ઘટાડ્યો છે. આ રીતે, ચીનનો ૧૨૫ ટકા ટેરિફ હવે ૧૦% અને અમેરિકાનો ૧૪૫ ટકા ટેરિફ ૩૦% પર આવી ગયો છે. બંને દેશોના નેતાઓ સપ્તાહના અંતે સ્વિટ્ઝર્લેન્ડમાં મળ્યા હતા, ત્યારબાદ ટેરિફ ઘટાડવા પર સર્વસંમતિ સધાઈ હતી. જાન્યુઆરીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી બંને દેશો વચ્ચે વેપાર યુદ્ધ શરૂ થયું હતું. ટ્રમ્પે ચીનથી આયાત થતી વસ્તુઓ પર કુલ ૧૪૫ ટકા ટેરિફ લાદ્યો હતો, જેનો જવાબ ચીને અમેરિકા પર કુલ ૧૨૫ ટકા ટેરિફ લાદીને આપ્યો હતો. અમેરિકા અને ચીન વચ્ચેના વેપાર યુદ્ધ પર આ યુદ્ધવિરામને કારણે વિશ્વમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. આ જાહેરાત પછી, હોંગકોંગના શેરબજાર ઈન્ડેક્સ હેંગશેંગમાં ૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે ચીનના શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં પણ તેજી જોવા મળી છે.

---

ઓપરેશન સિંદૂર સંદર્ભે સેનાની ત્રણેય પાંખ તરફથી અંતિમ પ્રેસવાર્તામાં અપાઈ જાણકારી

# તૂર્કિયેના ડ્રોન-ચાઈનીઝ મિસાઈલને ભારતની એર ડિફેન્સ સિસ્ટમે ધ્વસ્ત કરી

**સમય મિરર । નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ વિશે વધુ માહિતી આપવા ભારતીય સેનાના ત્રણેય પાંખના DGએ મીડિયાને સંબોધન કર્યું હતું. આ તમામે ઓપરેશન સિંદૂર વિશે વિસ્તૃત માહિતી આપી. જેમાં ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું કે, 'અમારી લડાઈ આતંકવાદ વિરૂદ્ધ હતી. અમે ૭ મેના રોજ માત્ર આતંકવાદીઓને ટાર્ગેટ કર્યા હતા, પરંતુ પાકિસ્તાનની સેનાએ આતંકવાદનો સાથ આપ્યો. પહલગામ હુમલા બાદ આતંકવાદીઓના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હતો. જેનો જવાબ આપવો જરૂરી હતો.'



ડિરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ એ. કે. ભારતી, DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ અને ડિરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ વાઈસ એડમિરલ એ. એન. પ્રમોદે પ્રેસ બ્રીફિંગમાં માહિતી આપી હતી. DGMOએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, અમે પાકિસ્તાન અને POKમાં કરેલા ઓપરેશનની વિસ્તૃત માહિતી આપી રહ્યા છીએ. અમારી લડત આતંકવાદીઓ સામે હતી. સાતમી મેએ અમે માત્ર આતંકવાદી ઠેકાણા પર જ હુમલા કર્યા હતા, પણ પાકિસ્તાની સેનાએ આતંકવાદીઓનો સાથ આપ્યો, જે કમનસીબી છે. ત્યાર પછી પાકિસ્તાનને જે પણ નુકસાન થયું, તે માટે તે પોતે જ જવાબદાર છે.

પાકિસ્તાનના ડ્રોનને અમારી શોલ્ડર ફાયર હથિયારો વડે નિષ્ફળ બનાવવામાં આવ્યા હતાં. બીએસએફ જવાનો પણ અમારા આ અભિયાનમાં મજબૂતપણે જોડાયા હતાં. તેઓની મદદથી પાકિસ્તાનની નાપાક હરકતોનો સામનો કરી શક્યા. ભારતીય નૌસેનાએ પણ એટલો જ સહકાર આપ્યો છે. અમે સતત સર્વેલન્સના આધારે પાકિસ્તાનની હિલચાલ પર નજર રાખતાં રહ્યા. ભારતીય સેનાની ત્રણેય પાંખની છાવણી, એરફિલ્ડ, ડિફેન્સ યુનિટ સુરક્ષિત છે. ભવિષ્યમાં જરૂર પડ્યે તો કાર્યવાહી કરવા માટે પણ સંપૂર્ણ સક્ષમ છે. ભારતની એર ડિફેન્સ સિસ્ટમ સુરક્ષિત રહી હતી. આકાશ એર ડિફેન્સ સિસ્ટમે શાનદાર દેખાવ કર્યો હતો. પાકિસ્તાન દ્વારા વાપરવામાં આવેલી ચીનની PL-૧૫ મિસાઇલ તોડી પાડવામાં આવી હતી. તૂર્કિયેમાં નિર્મિત ડ્રોન અને ચીનની મિસાઈલને નિષ્ફળ બનાવવામાં આવી. તેના અમુક ટુકડાંઓ મળી આવ્યા છે. આતંકવાદીઓ પર હુમલાઓ અમે નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદને પાર કર્યા વિના જ કર્યા હતાં. અમે તેની સંપૂર્ણ તૈયારીઓ કરી હતી. ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે, 'આપણા એરફિલ્ડ અને લોજિસ્ટિક પર હુમલો કરવો અત્યંત મુશ્કેલ છે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ



# સોનુ ૧૦ ગ્રામે ૩૩૦૦ રૂપિયા ઝંખવાયું ચાંદીમાં પણ ૨૦૦૦ તૂટ્યા

**મુંબઈ :** સોનામાં રેકોર્ડબ્રેક તેજી બાદ હવે કડાકાધડાકા શરૂ થયા હોય તેમ આજે ૧૦ ગ્રામે ૩૩૦૦ રૂપિયાનુ ગાબડુ પડયુ હતુ. તેજીના કારણે ઘણા અંશે ઉકેલાવા લાગતા માનસ પટકાયુ હતું. ઘરઆંગણે તથા વિશ્વસ્તરે કડાકો સર્જાયો હતો. રાજકોટમાં આજે ૧૦ ગ્રામ સોનાનો ભાવ ગગડીને ૯૬૪૦૦ થયો હતો. વિશ્વબજારમાં તે ઘટીને ૩૨૨૭ ડોલર થયુ હતું. ચાંદીમાં રૂા.૨૦૦૦નો કડાકો નોંધાવવા સાથે ભાવ ૯૬૮૦૦ થયો હતો. વિશ્વબજારમાં ૩૨.૧૭ ડોલરનો ભાવ હતો. જાણકારોના કહેવા પ્રમાણે અત્યાર સુધી જેના જોરે તેજી થઈ હતી તે કારણો ઉકેલ ભણી છે. ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ દુર થવા સાથે સિઝફાયર થયુ છે. આ સિવાય અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડડીલ થઈ જતા ટેરીફ વોરનુ જોખમ પણ દુર થવાનુ માનવામાં આવી રહ્યું છે. રશિયા-યુક્રેન વચ્ચે પણ યુદ્ધવિરામના પ્રયાસો થવા લાગ્યા છે તે વાસ્તવિક બને તો માર્કેટમાં વધુ અસર શકય છે. ટુંકાગાળા માટે માર્કેટમાં હવે નેગેટીવ સ્થિતિ રહેવાનું માનવામાં આવે છે. વેપારીઓના કહેવા પ્રમાણે ભાવ માર્કેટનો ટ્રેન્ડ સ્પષ્ટ થયા બાદ ખરીદી વધવાનુ મનાય છે. લગ્નગાળાની ખરીદીની ચમક આવી શકે છે.

# દુબઈમાં રહેતા કેરળના આધેડને ૮.૫ કરોડની લોટરી લાગી



**નવી દિલ્હી :** કેરળના વતની ૫૨ વર્ષીય વેણુગોપાલ મુલ્લચેરીએ દુબઇ ડયુટી ફ્રીના મિલેનિયમ મિલિયનેયર ડ્રોમાં ૧ મિલિયન ડોલર (૮.૫ કરોડ રૂપિયા) જીતી લીધા છે. તે છેલ્લા ૧૫ વર્ષોથી આ ડ્રોમાં નસીબ અજમાવી રહ્યાં હતાં. તે એક આઇટી સપોર્ટ સ્પેશિયાલિસ્ટ તરીકે યુએઇના અજમાનમાં કાર્યરત છે. વેણુગોપાલે જણાવ્યું છે કે આ વિજય મારા માટે કોઇ વરદાનથી ઓછું નથી. આ મારા સંઘર્ષોનો અંત છે તથા એક નવી શરૂઆત છે જે આશા અને ખુશીઓથી ભરી હશે. તેણે જણાવ્યું હતું કે તાજેતરમાં ભારત યાત્રા પછી પરત ફરતી વખતે ૨૩ એપ્રિલે તેમણે દુબઇ એરપોર્ટ પરથી આ વિજેતા ટિકિટ ખરીદી હતી. તેણે વધુમાં જણાવ્યું હતું કે તે છેલ્લા કેટલાક સમયથી ભારે દેવામાં ડૂબેલા હતાં. એક નજીકના વ્યકિતએ વિશ્વાસઘાત કરતા આ દેવાની રકમ વધી ગઇ હતી. મેં તાજેતરમાં જ એક ઘર બનાવ્યું હતું અને આર્થિક તંગદિલી ખૂબ જ વધી ગઇ હતી. જે વ્યકિત પર મેં વિશ્વાસ કર્યો હતો તેણે જ મારી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ સ્થિતિમાં આ જેકપોટ મારા માટે સાચો તારણહાર બનીને આવ્યો છે. બે બાળકોના પિતા વેણુગોપાલે જણાવ્યું હતું કે તે સૌથી પહેલા પોતાના દેવાની ચુકવણી કરશે અને અને પરિવારની સાથે રજાઓ માણશે. મેં હાલમાં સંપૂર્ણ યોજના બનાવી નથી પણ એક લાંબો બ્રેક લઇ પરિવાર સાથે રજાઓ પસાર કરવી જરૂરી છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે ત્યારબાદ હું દુબઇ પરત ફરી એક બિઝનેસ શરૂ કરવા માંગુ છું અને મારા પરિવારને અહીં બોલાવવા માંગુ છું. યુએઇ મારા હૃદયની ખૂબ જ નજીક છે હું અન્ય જગ્યાએ રહેવાની કલ્પના પણ કરી શકતો નથી. વેણુગોપાલની આ પ્રેરણાદાયક ઘટનાં હવે સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઇ રહી છે. ભારત અને ખાડી દેશોમાં લોકોને તેમના સંઘર્ષ અને વિજયથી આશા અને હિંમત મળી રહી છે.

# ઓપરેશન સિંદૂરના શહીદ સૈનિકોને પ્રિયંકા ગાંધીએ આપી શ્રદ્ધાંજલિ

**નવી દિલ્હી :** આતંકવાદીઓ સામેની કાર્યવાહીમાં શહીદ થયેલા સૈનિકો પર કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીનું નિવેદન સામે આવ્યું છે. પ્રિયંકા ગાંધીએ પોતાના X હેન્ડલ પર લખ્યું, 'ભારતીય સેનાની આતંકવાદીઓ સામેની કાર્યવાહી અને પાકિસ્તાન સાથે લશ્કરી મુકાબલા દરમિયાન આપણા ઘણા સૈનિકોની શહાદત અત્યંત દુઃખદ છે. આપણી સેનાના બહાદુર સુબેદાર પવન કુમાર જી, સિપાહી એમ મુરલી નાયક જી, લાન્સ નાયક દિનેશ કુમાર જી, બીએસએફ સબ-ઇન્સ્પેક્ટર મોહમ્મદ ઇમ્તિયાઝ જી, સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર મોગા, રાઇફલમેન સુનીલ કુમાર અને રાજૌરી પોલીસ અધિકારી રાજ કુમાર થાપા જી એ દેશની સુરક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. આ ઉપરાંત, ઘણા નાગરિકોએ પણ જીવ ગુમાવ્યા છે. પ્રિયંકાએ કહ્યું, 'હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.' આ મુશ્કેલ સમયમાં આખો દેશ શોકગ્રસ્ત પરિવારની સાથે ઉભો છે. આપણે બધા હંમેશા આપણા શહીદો અને તેમના પરિવારોના ઋણી રહીશું.

## ઉતાવળે

- છત્તીસગઢના રાયપુરમાં ટ્રેલર–ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૧૩ના મોત–૧૨થી વધુ ઘાયલ
- વડાપ્રધાન મોદીના નિવાસ સ્થાને ત્રણેય સૈન્ય પ્રમુખ સાથે મહત્વની બેઠક, સંરક્ષણમંત્રી રાજનાથ સિંઘની પણ ઉપસ્થિતિ
- પાકિસ્તાનના બ્લૂચિસ્તાનમાં ૪.૬ની તિવ્રતાનો ભૂકંપ, સપ્તાહમાં ત્રીજીવાર પાક. ભૂકંપથી ધ્રુજ્યું
- માલદીવને ભારતે ૫૦ મીલીયન ડોલરની સહાય જાહેર કરી, મુઈજ્જુ સરકારની અપીલ પર એસબીઆઈએ સરકારી ટ્રેઝરી બિલને એક વર્ષ માટે લંબાવ્યું
- ભગવાન રામને પૌરાણિક પાત્ર કહેવા બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ વારાણસી કોર્ટમાં FIR દાખલ થઈ

# શેરબજારમાં યુદ્ધ વિરામની ગરમી : સેન્સેક્સમાં ૨૯૭૫-નિફ્ટીમાં ૮૧૭ પોઈન્ટનો ઉછાળો

## એપ્રિલ ૨૦૨૧ પછી સૌથી મોટા ઉછાળામાં રોકાણકારોની સંપત્તિમાં ૧૩.૪૩ લાખ કરોડનો વધારો

**સમય મિરર | મુંબઈ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધ વિરામ અને અમેરિકા ચીન વચ્ચે ''ટ્રેડ વોર'' સમાપ્ત થવાના અહેવાલોને કારણે આજે શેરબજારમાં તડાફડી બોલી ગઇ છે અને દિવાળી જેવો માહોલ સર્જાયો છે.સેન્સેકસ-નીફટીએ હાઇજમ્પ લગાવતા ઇન્વેસ્ટરોના ચહેરા ઉપર ખુશી છવાઇ ગઇ છે. બંને સૂચકાંકમાં એપ્રિલ-૨૦૨૧ પછીનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ લખાય છે ત્યારે ૨.૧૫ કલાકે સેન્સેકસ ૨૬૯૮ પોઇન્ટ વધીને ૮૨૧૫૨ તો નીફટી ૮૩૪ પોઇન્ટ વધીને ૨૪૮૪૨ ગ્રીન ઝોનમાં છે. HDFC , રિલ-ાયન્સ, અને ICICI બેંક જેવા દિગ્ગજ શેર્સ ઉછળ્યા છે



ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની ઉજવણી શેરબજારમાં થઈ રહી છે. સેન્સેક્સ ૨૭૦૦ થી વધુ પોઈન્ટના બમ્પર ઉછાળા સાથે ૮૨૧૦૦ ના સ્તરને પાર કરી ગયો છે. આજે તે દિવસના ઉચ્ચતમ સ્તર ૮૨૧૬૨ ને સ્પર્શ્યો. હાલમાં તે ૨૭૦૪.૬૧ પોઈન્ટ અથવા ૩.૪૦ ટકાના વધારા સાથે ૮૨,૧૫૯.૦૮ પર છે. નિફ્ટી પણ ૮૪૦.૧૦ (૩.૫%) પોઈન્ટના બમ્પર ઉછાળા સાથે ૨૪,૮૪૮.૧૦ પર ટ્રેડ થઈ રહ્યો છે.

આજે ૧૨ મેના રોજ, સેન્સેક્સ લગભગ ૨૬૫૦ પોઈન્ટ (૩.૩૫%) વધીને ૮૨,૧૦૦ ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. આ વર્ષનો સેન્સેક્સનો સૌથી મોટો ઉછાળો છે. અગાઉ, ૧૫ એપ્રિલના રોજ સેન્સેક્સ ૧,૫૭૭ પોઈન્ટ અથવા ૨.૧૦%વધ્યો હતો.

આ સાથે રોકાણકારોને સપ્તાહની શરૂઆતમાં જ રૂ. ૧૩.૪૩ લાખ કરોડની કમાણી થઈ છે. બીએસઈ માર્કેટ કેપ ૪૧૬.૪ લાખ કરોડ સામે વધી આજે ૪૨૯.૮૩ લાખ કરોડ થયુ છે.

સેન્સેક્સ પેકમાં સામેલ ૩૦ પૈકી ૨૮ શેર આજે ૫ ટકા સુધી ઉછાળે કારોબાર થઈ રહ્યા છે. જ્યારે ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૪૩ ટકા અને સન ફાર્મા ૩.૩૫ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યા હતા. એચડીએફસી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, રિલ-ાયન્સ, ઈન્ફોસિસના શેર્સમાં વોલ્યૂમ વધ્યા હતા.

વૈશ્વિક અને સ્થાનિક સકારાત્મક સંકેતોના કારણે આજે આઈટી, પાવર, અને રિયાલ્ટી શેર્સમાં ધૂમ ખરીદી જોવા મળી હતી. ઈન્ડેક્સ ૪ ટકાથી વધુ ઉછાળે ટ્રેડ થઈ રહ્યા હતા. ટેકનોલોજી, મેટલ, બેન્કેક્સ, ફાઈનાન્સિયલ્સ શેર્સમાં ખરીદી વધી હતી.

ઉલ્લેખનીય છે કે સોમવારે બજાર ખુલે એ પહેલા જ શેરબજારમાં તેજી જોવા મળશે તેવા સંકેત મળી ગયા હતા. એશિયન બજારોમાં તેજી બાદ જ બીએસઈ સેન્સેક્સ અને નિફ્ટીમાં પણ તેજી દેખાઈ. શેરબજારમાં તેજી વચ્ચે લાર્જકેપ કંપનીઓમાં સામેલ એક્સિસ બેન્ક, અદાણી પોર્ટ, બજાજ ફિનસર્વ, ઈટરનલ શેર, બજાજ ફાઈનનાન્સ, એનટીપસી, ટાટા સ્ટીલ, રિલાયન્સ અને આઈસીઆઈસીઆઈ જેવા શેર્સમાં તેજી નોંધાઈ હતી.

# યુદ્ધ વિરામ બાદ જ પુતિન સાથે શાંતિ વાટાઘાટ કરવા ઝેલેન્સ્કીની તૈયારી

**સમય મિરર | નવી દિલ્હી**

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને ઘણો સમય વીતી ગયો છે જોકે તેમ છતા આ યુદ્ધ ચાલી રહ્યું છે. હવે ત્રણ વર્ષ બાદ આ યુદ્ધને સમાપ્ત કરવાની દિશામાં રશિયાએ પહેલ કરી છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેન સાથે ૧૫મી મેના રોજ સીધી વાટાઘાટોનો પ્રસ્તાવ મુક્યો છે. જેના જવાબમાં હવે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ ખુશી વ્યક્ત કરી હતી, અને તેને સારા સંકેતો ગણાવ્યા હતા પરંતુ સાથે કહ્યુ છે કે શાંતિ માટે વાટાઘાટો શરૂ થાય તે પહેલા યુદ્ધ વિરામ થવો જોઇએ.

રશિયાના પ્રમુખ પુતિનના પ્રસ્તાવ પર જવાબ આપતા યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે રશિય-ાએ અંતે યુદ્ધ સમાપ્ત કરવા પર વિચાર કર્યો તે સકારાત્મક સંકેતો છે, વિશ્વ લાંબા સમયથી યુદ્ધ વિરામની રાહ જોઇ રહ્યું હતું, અને કોઇ પણ યુદ્ધને સમાપ્ત કરવાનુ પહેલુ પગલું શસ્ત્રવિ-રામ (સીઝફાયર) છે. અમે આશા રાખીએ છીએ કે રશિયા ૧૨મી મેથી પૂર્ણ, સ્થાયી અને વિશ્વાસ કરી શકાય તેવા યુદ્ધ વિરામની ખાતરી આપશે, યુક્રેન પણ યુદ્ધવિરામ માટે તૈયાર છે.

જોકે રશિયાના પ્રમુખ પુતિને સ્પષ્ટતા કરી દીધી હતી કે યુક્રેન હાલ વાટાઘાટોનો પ્રસ્તાવ સ્વીકાર કરે રશિયા યુદ્ધ વિરામ નહીં કરે. પુતિને હવે યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીને ૧૫મી મેના રોજ ઈસ્તંબુલમાં શાંતિ માટે વાતચીતનો પ્રસ્તાવ મુક્યો છે. બીજી તરફ તુર્કીના પ્રમુખ રેચપ તૈયબ અર્દોગને પ્રેસ કોન્ફરંસમાં કહ્યું હતું કે રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત થાય તે માટે બન્ને દેશોની વાટાઘાટો માટે મેજબાની કરવા માટે તુર્કી તૈયાર છે.

હાલ રશિયાએ સ્પષ્ટતા કરી દીધી છે કે યુક્રેન સાથે આ વાટાઘાટો કોઇ પણ પ્રકારની શરત વગર કરવામાં આવશે. એટલે કે યુક્રેનના યુદ્ધવિરામની માગણીને હાલ રશિયન પ્રમુખે ફગાવી દીધી છે. જોકે તેમ છતા બન્ને દેશો શાંતિ સ્થાપિત કરવા માટે વાતચીતથી રસ્તો કાઢવા તૈયાર થઇ ગયા છે. આ શાંતિ સંકેતો વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે રશિયા અને યુક્રેન માટે આ સપ્તાહ સૌથી મહત્વનું છે. મને આશા છે કે આ યુદ્ધનો અંત આવશે અને હજારો લોકોનો જીવ બચી જશે. મારો પુરો પ્રયાસ રહેશે કે હું બન્ને દેશો વચ્ચે શાંતિ સ્થાપિત કરવામાં સફળ રહું.

# ભારત સહકાર આપે તો પાકિસ્તાનનો સફાયો કરી નાંખીએ : BLAનો દાવો

**સમય મિરર | નવી દિલ્હી**

ભારત સામે યુદ્ધ જેવી સ્થિતિનો સામનો કરી રહેલું પાકિસ્તાન ગૃહયુદ્ધનો પણ સામનો કરી રહ્યું છે. બલૂચિસ્તાનમાં બલોચ જાતિ પર પાકિસ્તાની સૈન્યના અત્યાચારો સામે બળવો કરનારા બલોચ બળવાખોરોની બલૂચ લિબરેશન આર્મીએ ભારતને પાકિસ્તાનના યુદ્ધવિરામને માત્ર દેખાડો ગણાવ્યો છે. આ સાથે તેણે કહ્યું કે, ભારત પાકિસ્તાન સાથે યુદ્ધ ચાલુ રાખે તો અમે પણ પૂર્વમાં પાકિસ્તાન પર તૂટી પડીને બલૂચિસ્તાનને સ્વતંત્ર કરાવવા તૈયાર છીએ. બલૂચિસ્તાનમાં માનવ અધિકાર સંગઠનો પણ મોટાપાયે દેખાવો કરી રહ્યા છે.

પહલગામમાં આતંકી હુમલાનો બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે પાકિસ્તાનમાં આવેલા આતંકીઓના નવ સ્થળોનો નાશ કર્યા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી. જોકે, શનિવારે અચાનક બંને દેશોએ યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. આ જાહેરાતથી બલૂચિસ્તાનની સ્વતંત્રતા માટે લડતા બલોચ બળવાખોરો નિરાશ થયા હતા. બલોચ બળવા-ખોરોની બલૂચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ)એ ભારત અને પાકિસ્તાનના યુદ્ધવિરામ અંગે સ્પષ્ટપણે કહ્યું હતું કે, તે ન તો કોઈનું મહોરું છે અને મૂકદર્શક પણ નથી.

બીએલએએ જણાવ્યું હતું કે, માતૃભૂમિ બલૂચિસ્તાન પર અમારો સશસ્ત્ર સંઘર્ષ એ બાબતનું પ્રમાણ છે કે બલૂચ રાષ્ટ્ર કોઈપણ બાહ્ય સૈન્ય અથવા નાણાકીય સહાયતા વિના પોતાની ધરતી પર દુનિયાના સાતમી પરમાણુ સત્તાને હરાવી રહી છે. અમે પર્વતીય મોરચા, શહેરી મોરચા અને દરેક અન્ય મોરચા પર દુશ્મનને નિઃસહાય કરી દીધા છે. અમને દુનિયાનું વિશેષરૂપે ભારતનું રાજકીય, કૂટનીતિક અને સુરક્ષાનું સમર્થન મળે તો બલૂચ રાષ્ટ્ર આતંકવાદી દેશ પાકિસ્તાનને ખતમ કરી શકે છે અને એક શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને સ્વતંત્ર બલૂચિસ્તાનનો પાયો નાંખી શકે છે.

બીએલએએ ભારતને યુદ્ધવિરામ અંગે સાવધ રહેવા માટે ચેતવણી આપી હતી. તેણે કહ્યું કે પાકિસ્તાનનો શાંતિનો દાવો માત્ર દેખાડો છે. પાકિસ્તાનના વચન પર ક્યારેય વિશ્વાસ કરી શકાય નહીં. બીએલએએ ભારતને વિશ્વાસ અપાવ્યો કે તે પાકિસ્તાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી ચાલુ રાખશે તો પાકિસ્તાને પૂર્વીય અને પશ્ચિમી એમ બે મોરચે લડવું પડશે. પાકિસ્તાન માટે આ યુદ્ધ નિર્ણાયક બની શકે છે. બીએલએએ ત્યાં સુધી કહ્યું કે, પાકિસ્તાનને ખતમ કર્યા સિવાય દક્ષિણ એશિયામાં ક્યારેય શાંતિ શક્ય નથી.

# ટેસ્ટ પીચથી કોહલીનો 'વિરાટ' સંન્યાસ

**સમય મિરર | નવી દિલ્હી**

રોહિત શર્મા પછી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું છે. આ સાથે જ ટેસ્ટમાં વિરાટ-રોહિત યુગનો અંત થયો છે. વિરાટ કોહલીએ સોશિયલ મીડિયા પર ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી હતી. વિરાટ કોહલી વન ડે ફોર્મેટમાં રમતો રહેશે.

વિરાટ કોહલીએ સોશિયલ મીડિયા પર ટેસ્ટમાં સંન્યાસની જાહેરાત કરતા લખ્યુ, ટેસ્ટ ક્રિકેટમાં પહેલી વાર બેગી બ્લુ પહેર્યાને ૧૪ વર્ષ થઈ ગયા છે. પ્રામાણિકપણે, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આ ફોર્મેટ મને આટલી સફર પર લઈ જશે. તેણે મારી કસોટી કરી છે, મને આકાર આપ્યો છે અને મને એવા પાઠ શીખવ્યા છે જે હું જીવનભર લઈ જઈશ હું હંમેશા મારા ટેસ્ટ કારકિર્દીને સ્મિત સાથે જોઈશ.વિરાટ કોહલી ટી-૨૦ વર્લ્ડકપ બાદ ટી-૨૦ ફોર્મેટમાંથી સંન્યાસ લઇ ચુક્યો છે. હવે કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી પણ સંન્યાસની જાહેરાત કરી છે. વિરાટ કોહલી હવે વન ડે ફોર્મેટમાં રમતો રહેશે.

વિરાટ કોહલી ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ભારતનો સૌથી સફળ કેપ્ટન રહ્યો છે. વિરાટ કોહલીએ ૬૮ ટેસ્ટ મેચમાં ભારતની કેપ્ટન્સી કરી છે જેમાં ૪૦માં ટીમને જીત મળી છે. કોહલીએ જ્યારે ટીમની કેપ્ટન્સી સંભાળી હતી ત્યારે ભારતીય ટીમ ICC રેન્કિંગમાં સાતમા સ્થાન પર હતી. વિરાટ કોહલી અને સાથી ખેલાડીઓની મહેનતને કારણે કોહલીએ વર્લ્ડ નંબર-૧ સુધી ટીમને પહોંચાડી હતી. આ પહેલા રોહિત શર્માએ બુધવારે (૭ મે) ટેસ્ટ



ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. ૭ મેના રોજ તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી અને રેડ બોલ ક્રિકેટને અલવિદા કહ્યું છે. જોકે, તે વનડે ક્રિકેટમાં મેચ રમવાનું ચાલુ રાખશે. ૩૮ વર્ષીય રોહિત શર્માએ ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝમાં ઝ૨૦ વર્લ્ડ કપ જીત્યા બાદ T20માંથી નિવૃત્તિ લીધી હતી.

વિરાટ કોહલીની ટેસ્ટ કરિયરની વાત કરીએ તો તેને ૧૨૩ ટેસ્ટ મેચ રમી છે. વિરાટ કોહલીએ ૧૨૩ ટેસ્ટ મેચમાં ૨૧૦ ઈનિંગ રમી છે જેમાં ૯૨૩૦ રન બનાવ્યા છે. વિરાટ કોહલીનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૨૫૪ રન છે. આ દરમિયાન વિરાટ કોહલીએ ૩૦ સદી અને ૩૧ અડધી સદી ફટકારી છે.

# દેશમાં અનાજનો પુરવઠો ભરચક્ક થતાં રાજ્યોને એક સાથે ત્રણ માસનો ક્વોટા ઉપાડવા કેન્દ્રનો આદેશ

**સમય મિરર | નવી દિલ્હી**

દેશમાં આગામી સમયમાં શરૂ થનારા નૈઋત્યના ચોમાસા પુર્વે અને દિવાળી બાદ આવનારી ખરીફ પાકની સીઝનને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે હવે રાજયોને એકી સાથે ત્રણ મહિનાનો રેશનીંગ કવોટા ઉપાડવા જણાવ્યું છે. દેશમાં હાલ અનાજના ભંડાર ભરપુર છે.

ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા પાસે ઘઉં અને ચોખા બંનેના ગોડાઉનો ભરેલા છે અને નવી સીઝન શરુ થઈ તેમાં પણ ઘઉંની આવક માતબર થઈ છે અને તેના કારણે ગોડાઉનોમાં અનાજનો બગાડ ન થાય તે માટે કેન્દ્ર સરકારે રાજયોને અનાજનું વિતરણ વ્યવસ્થામાં ઝડપ લાવવા અને જરૂર પડે ત્રણ મહિનાનો સ્ટોક એકીસાથે લઈ લેવા જણાવ્યું છે.

રાજયોને પણ તે એકીસાથે ડીસ્ટીબ્યુટ કરવા કહેશે. સતાવાર માહિતી મુજબ ભારત રેશનીંગ વ્યવસ્થા માટે દર મહીને ૩.૩ થી ૩.૪ મીલીયન ટન ચોખા અને ૧.૫ થી ૧.૬ મીલીયન ટન ઘઉં વિતરણ કરે છે અને દેશભરમાં ૮૦ કરોડ લાભાર્થીઓને ફ્રી અનાજ આપવામાં આવે છે.

જેની સામે હાલ કેન્દ્ર પાસે ઘઉં અને ચોખાનો ૬૬.૧૭ મીલીયન ટનનો સ્ટોક છે અને તે પુરા વર્ષમાં જાહેર વિતરણ વ્યવસ્થા મારફત આપવામાં આવે તો પણ તેનાથી વધુ છે.

આમ દેશમાં અનાજના ભંડાર ભરાયેલા છે જેની સામે કુલ ૮૫.૯૦ મીલીયન ટનની કેપેસીટી સામે ૮૦.૨૧ મીલીયન ટન અનાજ ગોડાઉનમાં છે અને સરકાર માટે તે ખાલી કરવા જરૂરી છે.

# મોદી સરકારની પ્રશંસા-આલોચના કરવા બે ફાંટામાં વહેંચાયો વિપક્ષ

**સમય મિરર | નવી દિલ્હી**

વિપક્ષી નેતાઓ તરફથી પાકિસ્તાન સામે ઓપરેશન સિંદુર બાદ યુદ્ધ વિરામ મુદ્દે સરાહના-આલ-ોચના વિપક્ષ નેતાઓ દ્વારા થઈ છે. યુદ્ધ નીતિ સરાહનીયઃ કોંગ્રેસનાં વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે મોદી સરકારની આતંક વિરોધી નીતિની સરાહના કરી છે.

તેમણે લખ્યુ છે છેલ્લા ૧૧ વર્ષમાં તેમના કાર્યકાળમાં ત્રણ મોટા આતંકી હુમલા થયા છે.પઠાનકોટ, પુલવામાં અને પહેલગામ અને દરેક વખતે સરકારે તેને ગંભીરતાથી ડીલ કર્યા છે. શું ત્રીજા પક્ષનો હસ્તક્ષેપનો દરવાજો ખોલ્યો છે? શું દિલ્હીએ ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રીજા પક્ષનો દરવાજો નવી દિલ્હીએ ખોલાવ્યો છે? કોંગ્રેસનું માનવુ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંવાદ માટે 'તટસ્થ મંચ'નો ઉલ્લેખ અમેરિકાનાં વિદેશ મંચનો ઉલ્લેખ અમેરિકાનાં વિદેશમંત્રી માર્કો રૂબિયો દ્વારા કરવામાં આવે તે અનેક સવાલો ઉભા કરે છે તેમ કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું છે.

મનમોહનસિંહ આજે હોત તો બેઠક બોલાવતા અમે ઈચ્છીએ છીએ કે સંસદનું વિશેષ સત્ર હોય અને સર્વદલીય બેઠક બોલાવવામાં આવે. રાજનીતિક દળોને અપીલ છે કે જયાં સુધી સરકાર તેમને ન કર તે વડાપ્રધાન પણ બેઠકમાં હાજર રહેશે.

ત્યાં સુધી તેઓ બેઠકમાં સામેલ ન થાય.જો આજે વડાપ્રધાન મનમ-ોહનસિંહ હોત તો તેઓ સર્વદળીય બેઠકમાં હાજર રહ્યા હોત તેમ કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે જણાવ્યું હતું.

# DEO કચેરીનો વહીવટ ગયો ખાડે : શૈક્ષણિક સંઘે સાંસદના દ્વાર ખખડાવ્યા

## ઈન્ચાર્જથી ગાડું ગબડાવાય છે : નવી પેન્શન યોજના, LTCના પડતર બિલ, આચાર્યોના પગાર પાયરી સહિતના પ્રશ્ને લેખિત ફરિયાદ

**સમય મિરર | રાજકોટ**

શિક્ષણના હબ ગણાતા સૌર-ાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં જીલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારીની કચેરીમાં છેલ્લા લાંબા સમયથી કાયમી શિક્ષણ અધિકારીની નીમણુક ન કરાતા ઈન્ચાર્જથી ગાડુ ગબડાવાઈ રહ્યું છે. જેના પરિણામે આ કચેરીનો વહીવટ ખાડે ગયાની ફરીયાદ સાથે રાજકોટ શહેર જીલ્લા શૈક્ષણીક સંઘ સંકલન સમિતિ દ્વારા આજે શિક્ષણ બોર્ડના પૂર્વ મેમ્બર ડો.પ્રિયવદન કોરાટની આગેવાની હેઠળ સાંસદ પુરૂષોતમ રૂપાલાના દ્વાર ખટખટાવી આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

શિક્ષણ બોર્ડના પૂર્વ મેમ્બર અને રાજકોટ શહેર જીલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના અધ્યક્ષ ડો. પ્રિયવદન કોરાટે આ મામલે જણાવ્યું હતું કે જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરીનો વહીવટ છેલ્લા લાંબા સમયથી ખાડે જતા શૈક્ષણિક અને વહીવટી કામો ઠપ્પ બની ગયા છે. આ મામલે સાંસદ પુરૂષોતમ રૂપાલા તેમજ જીલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી છે.

ડો.પ્રિયવદન કોરાટે જણાવ્યું હતુ કે, આ શિક્ષણાધિકારી કચેરીમાં શાળાઓના શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણના ૪૫૦થી વધુ કેસો પડતર પડેલા છે. આચાર્યની પગાર પાયરી નિયત કરવામાં વિલંબ થઈ રહ્યો છે.

નવી વર્ધીત પેન્શન યોજના અંતર્ગત નિવૃત થતા ગ્રાન્ટેડ શાળ-ાઓના કર્મચારીઓને રજાનું રોકડમાં રૂપાંતરનો લાભ મળે તે અંગેના ઠરાવમાં સુધારો કરવાનો પ્રશ્ન હજુ જૈસે થે રહેવા પામેલ છે.

રાજકોટ શહેર જીલ્લાની ગ્રાન્ટેડ શાળાઓ પૈકીની કેટલીક ગ્રાન્ટેડ શાળાઓની અગાઉના વર્ષની ગ્રાન્ટ ગણત્રી હજુ બાકી રહેવા પામી છે. ઉચ્ચતર પગાર ધોરણ અને પ્રમોશનના મુદ્દે પટાવાળા, કલાર્ક કર્મચારીઓને આ કચેરી દ્વારા ધકાઓ ખવડાવવામાં




આવી રહ્યા છે.

એલટીસી, રજાનો લોકલ બીલો પડતર પડેલા છે. જીલ્લામાં શાળ-ાઓના વ્યાયામ શિક્ષકોની સંખ્યા અને ખાલી જગ્યાઓ જાહેર કરવી જરૂરી છે તેમ છતાં આ બાબતે કાર્યવાહી કરવામાં આવતી નથી.

શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના અધ્યક્ષ ડો.કોરાટે વધુમાં એવું પણ જણાવ્યું હતું કે જીલ્લા શિક્ષણાધિકારી કચેરી શહેર અને ગ્રામ્યની કચેરીઓ અલગ અલગ કરવા વર્ષ ૨૦૧૬થી મંજૂરી આપવામાં આવી છે. પરંતુ આ કચેરી અલગ કરી તેમાં કાયમી અધિકારીઓની કોઈ કારણોસર નિમણુંકનો પ્રશ્ન લટકાવાઈ રહ્યો છે.

નિવૃત કર્મચારીઓના રજાના રોકડ રૂપાંતરનો પ્રશ્ને પણ કોઈ કાર્યવાહી કરાતી નથી તેમજ આ કચેરીમાં ફરજ બજાવતા કેટલાક નિરીક્ષકો મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને કારકૂનો પોતાની મનમાનીથી વહીવટી કામગીરી કરતા હોવાની પણ તેઓએ ફરીયાદ કરી હતી.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના આ શીથીલ વહીવટના પગલે ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો અને શિક્ષકો સહિતના કર્મચારીઓ ભારે પરેશાની મહેસુસ કરી રહ્યા છે ત્યારે આ પ્રશ્ને વહેલી તકે પગલા લેવામાં આવે તેવી તેઓએ માંગણી ઉઠાવી હતી. આ રજૂઆતમાં શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના ઉપાધ્યક્ષ દીનેશ ભુવા, ડો. લીલા કડછા, અશોક ભારાઈ, શૈલેષ સોજીત્રા (પ્રમુખ) રસીક ભંડેરી (ઉપપ્રમુખ) સહિતના હોદેદારો અને ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## રાજકોટ ભાજપના નેતા અને RMCની બાંધકામ સમિતિના ચેરમેન ચેતન સુરેજાની બુદ્ધિ થઈ ભ્રષ્ટ




# ૨૪૦ સીટમાં આટલું જ યુદ્ધ જોવા મળે આખું યુદ્ધ જોવા ૪૦૦ સીટ આપવી પડે!



### આટલેથી ન અટકતા ખુદ તેમણે પોતે જ આ બફાટ સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યો ('સભાન' અવસ્થામાં પોસ્ટ કરી કે શું એવી પણ ચર્ચા)

### ચેતન સુરેજાની આ ચેષ્ઠાથી ખુદ પાર્ટી સ્તબ્ધ, ઠપકો મળતાં તાબડતોબ પોસ્ટ ડિલિટ કરવી પડી


### શહીદ વીરજવાનની વિધવાઓના 'સિંદૂર'ની આ મજાક છે, શૌર્ય શક્તિ અને સૈન્ય તાકાતનું અપમાન છે તેવો શહેર ભરમાંથી વરસતો ધિક્કાર

### ધારાસભ્યો, સાંસદ, કોર્પોરેટરો પાર્ટીના હોદેદારો, કાર્યકરો સહિત ૪૬૨ સભ્યો ધરાવતા ગ્રુપમાં આ પોસ્ટ મુકાઈ હતી

### ચેતન સુરેજા વિરુદ્ધ શહેરીજનોમાં સોશિયલ મીડિયા આક્રોશ, 'સુરેજાને ગધેડા પર રાજકોટ આખામાં ફેરવી ભાન કરાવો કે આ ઓપરેશન સિંદૂરનું અપમાન છે'

**સમય મિરર | રાજકોટ**

કાશ્મીરના પુલવામામાં ધર્મ પૂછીને નિર્દોષ ભારતીયોને ગોળી ધરબી દઈ મહિલાઓના સુહાગ ઉજાડનાર આતંકવાદીઓ અને તેનું ભરણપોષણ કરતા પાકિસ્તાનના ઘરમાં ઘુસી ભારતના વીરજવાનોનો આભાર વ્યક્ત કરવા દેશભરમાંથી દેશપ્રેમનો ધોધ વહી રહ્યો છે, ભારતના જડબાતોડ જવાબ સામે પાકિસ્તાન ત્રણ જ દિવસમાં ઘુટણિયે પડી ગયું, શીઝ ફાયરની માફામાફી કરી અને અંતે યુદ્ધ વિરામ થયું ત્યારે વડાપ્રધાન મોદીની ભાજપ સેનાના જ રાજકોટ સ્થિત ચેતન સુરેજા નામના એક નેતાએ આઘાતજનક કહી શકાય તેવી બુદ્ધિનું વરવુ પ્રદર્શન કર્યુ, વાત છે. રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ સમિતિના ચેરમેન અને ભાજપના કોર્પોરેટર ચેતન સુરેજાની. અક્કલના લઠ્ઠ જેવા આ મહાશયે એવો બફાટ કર્યો કે '૨૪૦ સીટમાં આટલુ જ યુદ્ધ જોવા મળે આખુ યુદ્ધ જોવુ હોય તો પુરેપુરી ૪૦૦ સીટ





આપવી પડે!' જોવા જેવુ તો એ છે કે, ગુસ્તાખી ભર્યો તેનો આ બફાટ સોશિયલ મીડિયામાં પોસ્ટ મુકી વાયરલ કર્યો. આવી પોસ્ટથી વિવાદનો ભડકો થયો છે. ખુદ તેના પક્ષના આગેવાનો સ્તબ્ધ છે. પાર્ટીનો ઠપકો આવતા ચેતન સુરેજાએ તાબડતોબ તેની આ પોસ્ટ ડિલિટ કરી (જો કે, ત્યાં સુધીમાં તો આ પોસ્ટ સ્કીન શોટ થઈ વાવાઝોડાની જેમ ફેલાઈ ગઈ હતી.) RAJKOT BJP નામના વોટ્સએપ ગ્રૂપમાં અચાનક જ પોસ્ટ મૂકવામાં આવી હતી.આ પોસ્ટે રાજકોટ શહેર ભાજપના ટોચના હોદ્દેદારોને પણ શરમજનક સ્થિતિમાં મૂકી દીધા છે. ભાજપના આ ગ્રૂપમાં ૪૬૨ જેટલા સભ્ય છે.જેમાં રાજકોટના ચારેય ધારાસભ્ય, તમામ કોર્પોરેટર ઉપરાંત પૂર્વ અને વર્તમાન હોદ્દેદારોનો પણ સમાવેશ થાય છે. આ પોસ્ટ થકી કોર્પોરેટર ચેતન સુરેજા શું કહેવા માગે છે તે તો તેઓની પૂછપરછ થાય તો જ ખ્યાલ આવે. ભારત પાકિસ્તાન યુદ્ધમાં ભારતના ૫ જવાને શહીદી વોહરી છે. ભારતના સૈનિકોની અપમાન કરતી આ પોસ્ટ જાણકારોમાં ચર્ચાઈ રહી છે. વિવાદ વધતા શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ સમગ્ર મુદ્દો હાથમાં લેવો પડ્યો હતો. ચેતન સુરેજાના બફાટને ઢાંકવા પ્રમુખ માધવ દવેએ ખુલાસા કર્યા હતા.

## શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ સુરેજાના બફાટને હ્યુમર ઈમોજી ગણાવ્યો

કોર્પોરેટર ચેતન સુરજાના બફાટ બાદ શહેર ભાજપ પ્રમુખ માધવ દવએ સમગ્ર બાબતે જણાવ્યું હતું કે, આ સમગ્ર મુદ્દો મને સવારે ધ્યાનમાં આપ્યો હતો.તાત્કાલિક કોર્પોરેટર ચેતન સુરેજા સાથે મેં વાત કરી છે. ચેતન સુરેજાને ફોરવર્ડ મેસેજ આવ્યો હતો.હ્યુમર ઈમોજી તરીકે તેમનાથી આ મેસેજ ફોરવર્ડ થયો હતો. અત્યારના સંજોગ પ્રમાણે આ યોગ્ય ગણાય નહીં. મેં અધ્યક્ષ તરીકે ચેતન સુરેજાને જે કહેવાનું હતું એ કહી દીધું છે. ચેતન સુરેજાએ દિલગીરી વ્યક્ત કરી માફી માંગી છે. તેમની દિલગીરી અને માફી માંગવાની વાત મેં પ્રદેશના અગ્રણીઓ સાથે કરી લીધી છે.

## દેશનો પ્રશ્ન હોય ત્યારે આવી પોસ્ટ મુકવી ન જોઈએ : કોંગ્રેસ પ્રમુખ

ચેતન સુરેજાએ બુદ્ધિનું પ્રદર્શન કર્યું છે. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ એવી પ્રતિક્રિયા આપી હતી કે, દેશનો પ્રશ્ન હોય ત્યાં આવી પોસ્ટ મૂકવી જ ન જોઈએ.આ દેશ અને સેનાનો પ્રશ્ન છે.આમાં રાજકારણ હોવું જોઈએ નહીં.આ ગંભીર બાબત ગણાય આમાં ચેતન સુરેજા કોર્પોરેટરને સસ્પેન્ડ કરવો જોઈએ.વર્ષ ૧૯૭૧માં ઈન્દિરા ગાંધીના સમયમાં પણ યુદ્ધ થયું હતું.એ સમય આ પ્રકારની કોઈ હરકત થઈ ન હતી.યુદ્ધ બાબતમાં રાજકારણ હોવું જોઈએ નહીં. દેશના સૈનિકોને પ્રોત્સાહન આપવાનું હોય. એવામાં આ કોર્પોરેટરે અક્કલનું પ્રદર્શન કર્યું છે. કોર્પોરેટર ચેતન સુરેજા સામે કડકમાં કડક પગલાં લેવાવા જોઈએ. દિલ્હીમાં જ્યારે સર્વદલીય બેઠક યોજાઈ હતી.ત્યારે અમારા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી બેઠકમાં હાજર રહી કોંગ્રેસ તમારી સાથે છે તેમ જણાવ્યું હતું. દેશના જવાનોને પ્રોત્સાહન આપવાનું હોય. કોર્પોરેટર ચેતન સુરેજા ભાન ભૂલ્યો છે.



# રાજકોટ મનપામાં તા. ૨૦મીએ સામાન્ય સભા, એજન્ડા પ્રસિદ્ધ

### ગે.કા. બાંધકામ, સિટી બસ, ફાયર NOC, ગ્રાન્ટના પ્રશ્નો જનરલ બોર્ડમાં મુકાયા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના આગામી તા.૨૦ના રોજ મળનારા જનરલ બોર્ડનો એજન્ડા પ્રસિધ્ધ થયો છે. આજે સવારે પ્રશ્નોત્તરી મુકવા કોર્પોરેટરો પહોંચ્યા હતા અને ડ્રોથી ક્રમ નકકી કરવામાં આવતા ૧ થી ૩ ક્રમે ભાજપના સભ્યોના પાંચ પ્રશ્નો રજૂ થયા છે. જયારે કોંગ્રેસના કોર્પોરેટરના પ્રશ્ન ચોથા ક્રમે હોય વધુ એક વખત ભાજપના કોર્પોરેટરોના પ્રશ્નોની સરકારી ચર્ચામાં જ બોર્ડ પુરૂ થઇ જાય તેવું લાગે છે. છતાં એક પ્રશ્નમાં ફાયર એનઓસી અને નોટીસની વિગતો પૂછવામાં આવી છે.

ભાજપના ૧૨ અને કોંગ્રેસના એક એમ કુલ ૧૩ કોર્પોરેટરે કુલ ૨૨ પ્રશ્ન રજૂ કર્યા હતા. પ્રથમ પ્રશ્ન વોર્ડ નં.૫ના ભાજપના મહિલા કોર્પોરેટર રસિલાબેન સાકરીયાનો છે. તેમણે મૂકેલા બે પ્રશ્નમાં એક વર્ષમાં કેન્દ્ર અને રાજય સરકારે ફાળવેલી ગ્રાન્ટ અને કામની વિગતો તથા બીજા પ્રશ્નોમાં ૨૦૨૪-૨૫માં મિલ્કત અને વ્યવસાય વેરાની નવી આકારણી, નોંધણી, રીવાઇઝ આકારણીના આંકડા તેમજ ત્રીજા ક્રમે જયશ્રીબેન ચાવડાએ ટાઉન પ્લાનીંગ વિભાગને છેલ્લા બે વર્ષમાં અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા ઇમ્પેકટ ફી કાયદા હેઠળ વોર્ડવાઇઝ મળેલી અરજીઓ, તેના નિકાલની વિગતો પૂછી છે.

ચોથા ક્રમે કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભારાઇના ત્રણ પ્રશ્નો છે. તેમણે છેલ્લા ૧૫ વર્ષમાં મનપાની વસ્તી અને વિસ્તાર વધવા સાથે વોર્ડવાઇઝ કરાયેલી ભરતી, શાખાઓ સ્ટાફની ઘટની વિગત પૂછી છે. સીટી બસમાં તા.૧૧/૧/૨૪ થી ૧/૫/૨૪ સુધીમાં ડ્રાઇવરની સંખ્યા, બસની સંખ્યા, ડ્રાઇવરની ઉંમરના નિયમ, લાયસન્સ, પેનલ્ટી, બસ અને હેવી ટ્રકમાં ડ્રાઇવરોની ભરતીની વિગતો પૂછી છે.

જ્યારે ફાયર વિભાગ દ્વારા એક વર્ષમાં ફાયર એનઓસી રજુ કરવા વોર્ડવાઇઝ કેટલા બિલ્ડીંગનો નોટીસ અપાઇ, આ નોટીસો પૈકી કેટલા મિલ્કત ધારકોને એનઓસી આપવામાં આવ્યા તેની માહિતી ભાજપના કોર્પોરેટર અલ્પનાબેન દવેએ માંગી છે.



### ઘંટેશ્વર-મોટામવાની TP સ્કીમની પણ દરખાસ્ત

ઘંટેશ્વર અને મોટા મવાની બે નવી ટીપી સ્કીમ બનાવવા તથા અન્ય સ્કીમમાં દરખાસ્તોને પરામર્શ આપવાની કાર્યવાહી આ બોર્ડમાં થશે. ચૂંટણી વર્ષમાં આવેલી અર્ધો ડઝનથી વધુ ટીપી સ્કીમની દરખાસ્તો અંગે વિપક્ષના સભ્યો શું માહિતી લે છે તે પણ મહત્વનું બની રહેશે. કોર્પો.માં ભળેલા ઘંટેશ્વર વિસ્તારની ટીપી નં.૪૬ બનાવવાનો ઈરાદો પણ જાહેર કરવાનો પ્રસ્તાવ એજન્ડામાં આવ્યો છે. રહેણાક અને ઔદ્યોગિક ઝોન સાથેના આ વિકાસશીલ વિસ્તારમાં ટીપી સ્કીમ બનાવવી આવશ્યક દર્શાવવામાં આવી છે. તેનું ક્ષેત્રફળ ૧૯.૨૫ લાખ ચો.મી. (૧૯૨.૫૬ હેકટર) થાય છે. જે રૂડાની પરાપીપળીયા, ઘંટેશ્વર, માધાપરની હદને ટચ થાય છે. આ ૪૬ નંબરની દરખાસ્ત બનાવવા માટે મુખ્ય નગર નિયોજક દ્વારા પણ પરામર્શ મળી ગયો છે. આથી સરકારમાં મંજૂરી માટે બંને નવી ટીપી સ્કીમ મોકલવામાં આવનાર છે. રાજકોટની કામચલાઉ પ્રારંભિક ટીપી નં.૧૮માં સામેલ સત્તામંડળને ફાળવવામાં આવેલા જાહેર હેતુના અંતિમ ખંડો તથા ટીપી રસ્તાની દરખાસ્તને પરામર્શ આપવા દરખાસ્ત મૂકવામાં આવી છે. ટીપી ૩૧ના જાહેર હેતુના અંતિમ ખંડ તથા રસ્તા અન્વયે ફેર કામચલાઉ પુનઃ રચનાની દરખાસ્ત રજૂ કરાઈ છે.


# રાજકોટમાં પાણીજન્ય રોગચાળો વકર્યો

### કમળાના ૪, ઝાડા-ઉલ્ટીના ૨૦૪ કેસ નોંધાયા

**સમય મિરર | રાજકોટ**

ભર ઉનાળે માવઠારૂપી વરસાદ વરસતા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરવાનો ભય ઉભો થયો છે. જેના લીધે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર કામગીરી કરવામાં આવી રહી છે અને મેલેરિયા, ઝાડા ઉલ્ટી અને કમળાના નવા નોંધાયેલા કેસ જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ શહેરમાં તમામ વિસ્તારમાં થતાં પાણી વિતરણના સેમ્પલ લઈ આ પાણી ક્લોરિન યુક્ત છે કે નહીં તેની ચકાસણી કરાતી હોય છે. જેમાં એક સપ્તાહ દરમિયાન ૪૫૧ વિસ્તારોમાં ક્લોરીન ટેસ્ટ કરવામાં આવેલ જેમાં એક વિસ્તારનો રિપોર્ટ નેગેટીવ આવ્યાનું સત્તાવાર જાહેર થયું છે. જેના લીધે આ વિસ્તારમાં ક્લોરીન વગરનું પાણી વિતરણ થતાં રોગચાળાનો ભય ઉભો થાય તેવુ લાગી રહ્યુ છે. એક સપ્તાહમાં પાણી જન્ય કમળાના ૪ કેસ, ઝાડા-ઉલ્ટીના ૨૦૪ કેસ નોંધાયા છે.

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૦૫/૫/૨૦૨૫ થી તા.૧૧/૦૫/૨૦૨૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૨૪,૧૯૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૦૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.



તંત્રીલેખ



## હમ કરે વો લીલા ઔર આપ કરો તો કરેક્ટર ઢીલા

જગત આખાના જમાદાર બનવાનો અભરખો લઈને ફરતા અને બે દેશો વચ્ચેયુદ્ધ ભડકાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા અમેરિકાએ હવે યુદ્ધ વિરામ કરાવવામાં સરપંચ બનવાનો ઠેકો લીધો છે. દુનિયા આખી જાણે છે કે વિશ્વમાં કોઈ પણ જગ્યાએ  નાનુ-મોટુ કોઈ પણ યુદ્ધ થાય એમાં ક્યાંકને ક્યાંક અમેરિકાનો પ્રત્યક્ષ કે પરોક્ષ હાથ હોય જ છે. અમેરિકાની અબજો ડોલરનો વેપાર કરતી શસ્ત્રોની મસમોટી ઈન્ડસ્ટ્રીઝ વિશ્વમાં થતી લડાઈઓ કે ગૃહયુદ્ધો પર જ ટકેલી છે. દુનિયાભરમાં અસ્ત્ર-શસ્ત્ર વેચીને અમેરિકાને તગડુ કરનારા યુ.એસ.ના વર્તમાન અને પૂર્વ પ્રમુખો ઘર આંગણે છાસવારે થતી ગોળીબાર અને તેમાં હણાતા નિર્દોષ નાગરીકોની ઘટનાઓ રોકી શકાતી નથી. અને વિશ્વના અન્ય દેશોના યુદ્ધોમાં ડખલગીરી કરવા હાલી મળે છે.

પાકિસ્તાને આપણા શહેરી વિસ્તારો અને લશ્કરી મથકો ઉપર હુમલા કરવાના નિષ્ફળ પ્રયાસ કરીને ભારત સામે જંગે ચડવાનું દુઃસાહસ કર્યું તેનો જવાબ ભારતે આપ્યો ત્યારે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયો અને યુરોપિયન યુનિયનના ઉચ્ચ અધિકારીએ ભારત અને પાકિસ્તાનને યુદ્ધ વિસ્તરે નહીં તે માટે પગલાં ભરવાનો અનુરોધ કર્યો છે, પણ ભારતે જવાબ આપ્યો હતો. કે પાકિસ્તાન જો લશ્કરી મથકો ઉપર હુમલા કરે તો અમારો જવાબ ખૂબ, ખૂબ મક્કમ હશે. આતંક સામે સંયમ નહીં, સજા હોય. અમેરિકા અને યુરોપના દેશો આતંકવાદનો વિરોધ કરે છે.  પણ સ્વયં તેનાથી પિડિત તો છે જ. પણ તેથી શું ? મૂળ તો પહેલગામના હુમલાનો બદલો લેવા માટે ભારતે પાકિસ્તાનના ખોળે બેઠેલા અને ખભા ઉપર ચડેલા આતંકીઓના અડ્ડાઓ ઉપર હુમલા કરીને પચીસ મિનિટમાં આતંકવાદીઓનો સફાયો કર્યો. આમ કરવા પહેલાં ખુદ વડાપ્રધાન મોદીએ વારંવાર ચેતવણી આપી. એક પછી એક ‘અહિંસક આક્રમક પગલાં જાહેર કર્યાં અને વિશ્વના લગભગ તમામ દેશોના એલચીઓનો સંપર્ક સાધીને પરિસ્થિતિથી વાકેફ કર્યા - ત્યારે પણ અમેરિકાને સૂઝ્યું નહીં કે પાકિસ્તાન ઉપર દબાણ કરે - આતંકીઓને ભારતના હવાલે કરે નાપાક હુમલા નહીં કરવા તાકીદ કરે અને ભારતે આતંકીઓ ઉપર હુમલો કર્યા પછી પણ વિદેશી નેતાઓને પુરાવા બતાવ્યા. નાગરિકો ઉપર કે કોઈ ધર્મસ્થાનો ઉપર હુમલા થયા નથી - હકીકતમાં આતંકીઓના કફન ઉપર પાકિસ્તાની ઝંડા લપેટવામાં આવ્યા અને જનાજામાં નાપાક સૈનિકો જોડાયા.

આતંકીઓ ‘શહીદ’ બન્યા. આ પુરાવા નથી ? અમેરિકા ભૂલી જાય છે કે, ઓસામા બિન લાદેનને પાકિસ્તાનમાં ઘૂસીને ઠાર માર્યો - તો ભારત દુશ્મનોનો સફાયો કરે તેમાં ખોટું શું છે ? અમેરિકા કરે તે સ્વબચાવ અને આપણે કરીએ તે આક્રમણ ? અમેરિકાના વિદેશ પ્રધાને લડાઈ આગળ નહીં વધારવાની સલાહ બંને દેશોને આપી હતી. અને ભારત-પાકિસ્તાન વચ્ચે સંવાદ શરૂ કરાવવા માટે મદદ કરવાની ઓફર કરી હતી. ભારત સાથે મળીને આતંકવાદ વિરોધી લડત કરવાની વાત કરે છે ! પણ હવે ઘણું મોડું થઈ ગયું છે. ભારત ઉપર અનેક વખત હુમલા થયા - સ્વામિનારાયણ - અક્ષરધામ મંદિરથી લઈને ભારતની લોકશાહીના મંદિર - સંસદ ભવન ઉપર પણ આક્રમણ થયું - છતાં ભારતે સંયમ જાળવ્યો તે નબળાઈ હતી ?!  યુરોપના ૨૭ સભ્યદેશોના યુનિયનના ઉચ્ચ પ્રતિનિધિ આતંકવાદનો સખત વિરોધ કરે છે, પણ જે જવાબદાર હોય તેને સજા થવી જોઈએ એમ પણ કહે છે ત્યારે પાકિસ્તાનની ચોરી ઉપર સીનાજોરી કેમ ચલાવી લેવાય ?  હવે શસ્ત્રાગારમાંથી મિસાઈલ્સ છૂટયા, ડ્રોન ઊડયાં પછી સંયમની સલાહ અપાય  છે ! આ સલાહ - દબાણ પાકિસ્તાનના જનરલ મુનીર ઉપર કરવું જોઈએ. ભારતે વારંવાર સ્પષ્ટતા કરી કે અમે આતંકીઓને ખતમ કરીએ છીએ. પાકિસ્તાની નાગરિકો ઉપર અથવા લશ્કરી મથકો ઉપર હુમલા નથી. આમ છતાં આપણા શહેરો અને મથકો ઉપર મિસાઈલ્સ છોડીને એમણે પોતાનું નાક કપાવ્યું છે. ભારતને જાણે આમંત્રણ આપ્યું કે આવો અમારા ઉપર આક્રમણ કરો ! અને તે પછી ભારતે પાકિસ્તાની એર ડિફેન્સ સિસ્ટમ ભેદીને હુમલા કર્યા છે. હજુ પણ જો પાકિસ્તાની જનરલને ‘ખુજલી’ હોય તો તૈયાર રહે !

જનરલ મુનીરે ભારતને છેડીને મધપૂડો છંછેડયો તેનું કારણ છે ઘરઆંગણે જનરલની હાંસી ઊડી રહી છે. આતંકવાદી અડ્ડા ખેદાનમેદાન કરીને આપણે અંગૂઠો બતાવ્યો છે, તેથી રહીસહી તાકાત અને ટાંગ ઊંચી બતાવવાના પ્રયાસ છે ! પાકિસ્તાનમાં નાક નહીં તો હાક વાગે છે એમ લોકોને બતાવવા સેનાને બલિનો બકરો બનાવી રહ્યા છે. અત્યારે વિશ્વમાં અશાંતિ અને અજંપો છે. ઈઝરાયલ સ્વબચાવ માટે લડે છે. યુક્રેન તેની હયાતિ - અસ્તિત્વની આઝાદી માટે લડે છે. સત્તાવાર આતંક સામેની આ લડાઈ ગણાય કે નહીં ? છતાં યુદ્ધવિરામ થાય છે અને ભંગ પણ થાય છે. ભારતે ‘સ્વદેશી વિદેશનીતિ’ અપનાવી છે, ત્યારે આતંકવાદ સામેની લડાઈ આપણે સ્વબળ ઉપર લડી રહ્યા છીએ.  સહાનુભૂતિ સૌ બતાવે છે, સલાહ-ભાષણો આપે છે, પણ આતંકવાદ સામે લડવા કોણ તૈયાર છે ? હવે યુરોપમાં પણ પડછાયા લાંબા થઈ રહ્યા છે ત્યારે આતંકના જન્મસ્થાન અને તેને પોષતા દેશ પાકિસ્તાનને સલાહ નહીં, સજા આપવાની જરૂર છે. અણુબોમ્બની ધમકીથી ભારતને ડરાવી નહીં શકાય. ભારતે હવે બીજા લોકો શું કહેશે ? તેવી ચિંતા કરવાની જરૂર નથી. પાકિસ્તાનને આતંકવાદી દેશ કહેવા, કબૂલવા ઘણા મિત્રદેશો હજુ તૈયાર નથી, એમના માટે હવે આપણે માન-આદર રાખવાની જરૂર નથી અને આપણે આતંક સામે ભરેલાં પગલાંથી કોણ રાજી કે નારાજ હોય તેની પરવા કરવી જરૂરી નથી. અમેરિકા સંયમ રાખવાની સલાહ આપીને ‘ન્યાયાધીશ’ બનવા માગે છે. સામાન્ય રીતે યુદ્ધ આગળ વધે અને પાકિસ્તાનના દિવસો ભરાઈ જાય ત્યારે યુદ્ધવિરામની અને સમાધાનની વાત શરૂ થાય, પણ ભારત મક્કમ છે. નેહરુનો ઈતિહાસ અને ઐતિહાસિક ભૂલનું પુનરાવર્તન મોદી કરે જ નહીં. નેહરુની ભૂલનાં કારણે કાશ્મીરનો વિસ્તાર આજે પાકિસ્તાનના કબજામાં છે. ૧૯૬૫માં ભારતનો વિજય અને હાથ ઉપર હોવા છતાં સમાધાન કરવા સોવિયેત રશિયાએ દબાણ કર્યું અને તાશ્કંદમાં આપણે ભારતના ‘લાલ’ ગુમાવ્યા. શક્ય છે કે - પાકિસ્તાન ઉપર યુદ્ધવિરામ માટે જ માગણી ઊઠી અને દબાણ થાયું હવે સમજૂતી અને સમાધાન નહીં, પાકિસ્તાનની શરણાગતિ - એક જ વિકલ્પ છે. આતંકવાદીઓ ભારતના હવાલે કરોઃ ન્યાય અમે કરીશું - ખુલ્લી અદાલતમાં. આ લડાઈ કાશ્મીરનાં નામે નથી, આતંકની સામે છે. યુદ્ધ વિરામની જાહેરાી ડોનાલ્ડ ટ્રમ્પે કરી કે તેની પાસે કરાવાઈ એ મુદ્દે વિપક્ષ સંસદના બન્ને સત્રની ખાસ બેઠક બોલાવવા માંગે છે. ટ્રમ્પે તો યુદ્ધ વિરામની ઘોષણા કરીને બન્ને હાથમાં લાડવા રાખઈને બન્ને દેશો (ભારત-પાકિસ્તાન) સાથેના સબંધો જાળવી રહ્યા છે. ભારતને જ જોઈતુ હતુ એ મળી ગયું છે પણ અમેરિકા દુનિયાભરમાં યુદ્ધ કરાવે એ આત્મ સન્માનની રક્ષા, સ્વરક્ષા અને અન્ય કોઈ દેશ યુદ્ધ કરે ત્યારે શાંતિના દૂત તરીકેની ભૂમિકા ભજવી આતો ગાંડી સાસરે ન જાય અને ડાહીને શિખામણ આપવા જેવી બાબત છે. ભારતે પબ્લિડ ડોમિનમાં જો કે સ્પષ્ટ કરી દીધું છે કે ભારત કોઈ પણ સ્થિતિમાં મધ્યસ્થિ ઈચ્છતુ નથી. છતાં અમેરિકાની સલાહ ભારતે શા કારણે માનવી પડી તેનું પિષ્ટ પિંજણ હવે પછી કરીશું

# દુનિયાને અંધારામાં રાખીને ભારતે પોખરણમાં ઉપરા-ઉપરી પાંચ અણુધડાકા કર્યા હતાં

## જમીનની નીચે પરમાણુ બોમ્બનું પરીક્ષણ કર્યા બાદ તત્કાલીન PM વાજપેયી, સંરક્ષણમંત્રી જયોર્જ ફર્નાન્ડીઝ અને એ.પી. જે અબ્દુલ કલામ સહિતનાએ પરીક્ષણ સ્થળે જઈને જાત નિરીક્ષણ કર્યુ હતું

મે-૧૯૯૮માં ભારત 'ઑપરેશન શક્તિ' દ્વારા પાંચ પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યાં. પ્રથમ તબક્કામાં ૧૧મી મેના ત્રણ વિસ્ફોટ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૩મી મેના રોજ વધુ બે પરીક્ષણ કરવામાં આવ્યાં.

આમ તો ૧૯૭૪માં ભારતે 'ઑપરેશન સ્માઈલિંગ બુદ્ધા' દ્વારા પોતાની ક્ષમતા અને આકાંક્ષાનો પરિચય વિશ્વને કરાવી દીધો હતો, પરંતુ ૧૯૯૮નાં પરીક્ષણ અગાઉ કરતાં અલગ હતાં.તત્કાલીન ભાજપ સરકારને આ વિસ્ફોટોનું શ્રેય આપવામાં આવે છે, પરંતુ ખુદ વાજપેયીના કહેવા પ્રમાણે, 'વાસ્તવિક જનક' તો અન્ય એક રાજપુરુષ હતા. આ પરીક્ષણો સીઆઈએ માટે શરમજનક હતા, કારણ કે તેના વિશે તેમને કોઈ અંદાજ ન હતો. શીતયુદ્ધ સમાપ્ત થઈ ગયું હતું અને સોવિયેટ સંઘના વિઘટન બાદ અમેરિકા જ જગતનું એકમાત્ર 'શક્તિકેન્દ્ર' હતું.

માત્ર બે મહિના પહેલાં આવેલી સરકારે પરીક્ષણ કરી દેખાડ્યાં હતાં. ૧૯૯૮માં યુએસની ગુપ્તચર સંસ્થાઓની ભારતની ઉપર નજર તો હતી, પરંતુ અમુક યુક્તિઓને કારણે આ વખતે ભારત તેમને થાપ આપવામાં સફળ રહ્યું હતું. અમેરિકાના રાજકારણીઓ અને મીડિયાએ પણ ગુપ્તચર સંસ્થાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. ખુદ સીઆઈએના વડાએ કહ્યું કે 'એ ઘટનાને હું ક્યારેય ભૂલી નહીં શકું.'

ભારત દ્વારા ૧૯૯૮થી દર વર્ષે ૧૧મી મેના દિવસને 'નેશનલ ટેકનોલોજી ડે' તરીકે ઊજવવામાં આવે છે, 'જય જવાન, જય કિસાન અને જય વિજ્ઞાન'નો નારો આપવામાં આવ્યો. 'વોશિંગ્ટન પોસ્ટ'એ અનેક સૂત્રો દાવો કર્યો હતો કે ''રવિવારની અડધી રાત્રે અમેરિકાના ઉપગ્રહોએ 'એકદમ સ્પષ્ટ' હિલચાલ નોંધી હતી. પરીક્ષણને હજુ છએક કલાકનો સમય હતો. છતાં સીઆઈએ દ્વારા ચેતવણી આપવામાં આવી ન હતી, કારણ કે અમેરિકાના અણુ કાર્યક્રમ માટે જવાબદાર ઍનાલિસ્ટોને અપેક્ષા ન હતી કે ભારત દ્વારા પરીક્ષણ કરવામાં આવશે, એટલે તેઓ ઍલર્ટ પર ન હતા.''

પ્રસંગ રંગ
- પી.એન.જાડેજા

એક અધિકારીને ટાંકતા અખબારે લખ્યું કે તસવીરો આવી ગઈ હતી, પરંતુ ઍનાલિસ્ટો તેમના ઘરે ઊંઘી રહ્યા હતા. પરિણામસ્વરૂપે વિસ્ફોટો થયા નહીં અને ભારતના વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીના સાર્વજનિક સ્વીકરણ અંગે ન્યૂઝ સેવાઓએ અહેવાલ ન આપ્યા, ત્યાં સુધી રાષ્ટ્રપતિ ક્લિન્ટન તથા વ્હાઈટ હાઉસના ઉચ્ચઅધિકારીઓને જાણ ન થઈ. જ્યારે વ્હાઈટ હાઉસ દ્વારા સીઆઈએ પાસે આના વિશે જવાબ માગવામાં આવ્યો, ત્યારે તેમની પાસે કોઈ માહિતી ન હતી.

અમેરિકાના અન્ય એક અખબાર 'ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ'એ એક અધિકારીને ટાંકતા લખ્યું, 'ભારતે માત્ર સીઆઈએને જ નહીં, પરંતુ સમગ્ર અમેરિકાના તંત્રને મૂર્ખ બનાવ્યું. હું એ સ્વીકારનાર પહેલો છું કે તેમણે મને પણ મૂર્ખ બનાવ્યો. અમને લાગતું હતું કે ભારત અણુ કાર્યક્રમ પર આગળ નહીં વધે. અમે ભૂલ કરી બેઠા.'' અમેરિકાની ગુપ્તચર કમિટીના વડા રિચાર્ડ સેલ્બીએ સમગ્ર ઘટનાક્રમને ''બહુ મોટી નિષ્ફળતા'' અને ''અમેરિકાના ગુપ્તચરતંત્રની દાયકાની સૌથી નિષ્ફળતા'' જેવા શબ્દો દ્વારા વખોડી કાઢી હતી. જોકે, તત્કાલીન રાષ્ટ્રપતિ ક્લિન્ટને ટેનટના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

''પોખરણ રેન્જમાં થઈ રહેલી હિલચાલને અમેરિકાના સેટેલાઈટ પકડી શક્યા ન હતા, જે (તેમને) ગુસ્સો અપાવનારી વધુ એક બાબત હતી. તે સેટેલાઈટે તસવીરો લીધી હતી. એ સમયે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપલબ્ધ ન હતું. એટલે વ્યક્તિએ તસવીરોનું જાતે વિશ્લેષણ કરીને જમીન ઉપર થયેલા ફેરફારો ચકાસવા પડતા હતા. યાદ રાખવું રહ્યું કે સેલફોનનો પણ શરૂઆતનો સમય હતો અને એ દિવસોમાં ઈન્ટરનેટની સ્પીડ કિલોબાઈટ્સમાં હતી.'' વિસ્ફોટો બાદ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી, સંરક્ષણમંત્રી જ્યોર્જ ફર્નાન્ડીઝ, અણુ કાર્યક્રમના 'માનસપિતા' એપીજે અબ્દુલ કલામ વગેરેએ ઘટનાસ્થળે જઈને જાતનિરીક્ષણ કર્યું હતું. તેનો એક ઉદ્દેશ એ પણ હતો કે વિકિરણના ભયની અટકળોને વિરામ આપવો.

અણુ પરીક્ષણ વખતે ભારતની ગુપ્તચરસંસ્થા રિસર્ચ ઍન્ડ ઍનાલિસીસ વિંગમાં ઉચ્ચપદે તહેનાત વિક્રમ સૂદે તેમના પુસ્તકમાં (Unending Game: A Former RAW Chief's Insights into Espionage) સીઆઈએની નિષ્ફળતાનો ઉલ્લેખ કર્યો છે. તેઓ લખે છે : ''અમેરિકાના તત્કાલીન રાજદૂત ફ્રેન્ક જી. વાઈસનરે ભારતના તત્કાલીન મુખ્ય સચિવ અમરનાથ વર્મા સાથે મુલાકાત કરી હતી અને પોખરણની કેટલીક તસવીરો દેખાડી હતી. જેના વિશ્લેષણ દ્વારા અમેરિકાના ઉપગ્રહો ક્યારે પોખરણ પરથી પસાર થાય છે અને કેવી રીતે નજર રાખે છે તેના વિશેનું અનુમાન કરી શકાયું હતું. તેમણે જરૂર કરતાં વધુ દેખાડી દીધું હતું.''



''આના પછી જાસૂસીની દુનિયાની જૂની તરકીબો કામે લાગી હતી - 'ઈરાદાઓને છુપાવો, ધ્યાન બીજે ભટકાવો અને ગુપ્તતા જાળવો. જેટલું દેખાડવાનું હોય, જ્યારે અને જેટલું દેખાડવાનું હોય, ત્યારે અને એટલું દેખાડો અને બીજું છુપાવો.' દરરોજ અમેરિકાના સેટેલાઈટ પસાર થઈ જાય તે પછી કામગીરી હાથ ધરવામાં આવતી હતી અને કોઈપણ જાતના પુરાવા રાખ્યા વગર દરરોજ રાત્રે કામ ચાલતું રહ્યું.'' આગળ જતાં વાજપેયી સરકારમાં સૂદ RAWના વડા પણ બન્યા. જોકે ભારતે ધ્યાન ભટકાવવા માટે અન્ય એક ઉપાય પણ અજમાવ્યો હતો.વાજપેયી સરકાર બની તેના અમુક સમયમાં જ પાકિસ્તાને વિદેશી હુમલાખોર મહમદ ઘોરીના નામ પરથી 'ઘોરી' મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. એટલે અમેરિકાને લાગતું હતું કે ભારત પણ મિસાઈલ પરીક્ષણ કરીને તેનો જવાબ આપશે. વર્ષો પછી પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે કહ્યું હતું, ''વિશ્વનો બીજો ભાગ (પશ્ચિમ) ઊંઘી રહ્યો હતો, ત્યારે ચાંદીપુર ખાતે ત્રિશૂલ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું. દર બે કલાકે એક મિસાઈલ પરીક્ષણ કરવામાં આવ્યું.'' ''બીજી બાજુ, પોખરણ ખાતે મેઈન 'ફોકસ પોઈન્ટ'થી દૂર પીનાકા રોકેટનું પરીક્ષણ કરવામાં આવ્યું તથા ઍરફોર્સનાં વિમાનોએ બનાવટી રનવેને ધ્વસ્ત કરનારા બોમ્બનું પરીક્ષણ ચાલુ રાખ્યું. માત્ર ત્રણ લોકો અને તેમની વિશ્વાસપાત્ર ટીમ જાણતી હતી કે શું થવાનું છે.'' ગુપ્તચરતંત્રની કાર્યપદ્ધતિ પ્રમાણે, શું નિષ્કર્ષ નીકળ્યો એ ગુપ્ત જ છે, પરંતુ એ ઘટનાક્રમ અંગે જે મુખ્ય વાત બહાર આવી એ હતી કે ભારત તેના અણુકાર્યક્રમ માટે ઈન્ટેલિજન્સ તથા ઍનાલિટિકલ ઈનપુટ ન મળી શક્યા, કારણ કે ભારતનો કાર્યક્રમ અમેરિકન, રશિયન, ચાઈનિઝ કે ફ્રેન્ચ સંશાધનો પર આધારિત ન હતો. ટેનટે પોતાના પુસ્તક 'At the Center of the Storm: My Years at the CIA'માં લખે છે, 'ભારત દ્વારા ૧૯૯૮માં કરવામાં આવેલાં અણુપરીક્ષણોને હું ભૂલી નથી શકતો. હું ઈચ્છું છું કે આ એવી ઘટનાઓમાંથી છે કે ઘડિયાળના કાંટા ઊલટા ફેરવી શકું અને તેમને ભૂંસી શકું.' ભારતના અણુ કાર્યક્રમો અંગે બે પાનામાં લખ્યું છે. તેઓ કહે છે, ''બંને દેશો (ભારત અને પાકિસ્તાન) અણુ હથિયારોની ઈચ્છા, ઈરાદો અને ક્ષમતા ધરાવતા હતા અને અમે તેનાં જોખમોથી પણ વાકેફ હતા. ભારત અને પાકિસ્તાનની સરહદ વિશ્વની અન્યો કોઈ પણ સરહદ કદાચ પેલેસ્ટાઈનવાસીઓ અને ઈઝરાયલની સરહદ કરતાં પણ વધારે વિવાદાસ્પદ છે. ઉપમહાદ્વીપમાં અણુ હથિયારોનો મતલબ હતો કે લાખો લોકોનાં મૃત્યુ થઈ શકે છે.'' ભાજપ દ્વારા તેના ચૂંટણીઢંઢેરામાં અણુ પરીક્ષણની જાહેરાત કરવામાં આવી હતી, એટલે આના વિશે અમેરિકાનું ક્લિનટન વહીવટીતંત્ર આના વિશે બિલકુલ અજાણ હોય તે વાત અતિશયોક્તિભરેલી જણાય.ટેનટે તેમના પુસ્તકમાં લખ્યું છે, 'ભારતના રાજકારાણીઓ સાર્વજનિક રીતે જે કંઈ કહી રહ્યા હતા, તે મુજબ જ કરશે, એવું અમને નહોતું લાગતું. એક પાઠ એ મળ્યો કે ઘણી વખત ઈરાદા ગુપ્ત હોય તે જરૂરી નથી, પરંતુ તેને સાંભળવા અને જોવાની જરૂર હોય છે.' આનો વધુ એક પરચો ટેનટને ૧૫ દિવસમાં મળવાનો હતો. ભારતના અણુપરીક્ષણ પછી પરંપરાગત હરીફ પાકિસ્તાને જાહેરાત કરી હતી કે તે પણ અણુપરીક્ષણ કરશે. તા. ૨૮મી મે ૧૯૯૮ના દિવસે પાકિસ્તાન બલૂચિસ્તાનના ચાગઈ ખાતે રાશ કોહ પર્વતમાળામાં એકસાથે પાંચ પરીક્ષણ કર્યાં હતાં અને બે દિવસ પછી ફરી પરીક્ષણ કર્યાં હતાં. જોકે, પાકિસ્તાનની આ હિલચાલ અમેરિકાના સેટેલાઈટે ઝડપી લીધી હતી અને પાકિસ્તાનને પરીક્ષણ ન કરવા અપીલ કરી હતી, પરંતુ પાકિસ્તાનનું તંત્ર ઝૂક્યું ન હતું અને પરીક્ષણ કર્યાં હતાં.

આમ 'ટાઈમ-ટ્વીન' દેશો ૧૫ દિવસના અંતરમાં સાર્વજનિક રીતે અનુક્રમે છટ્ઠા અન સાતમા અણુ હથિયાર સંપન્ન રાષ્ટ્ર બન્યા હતા અને તેમના ઉપર આર્થિક તથા સૈન્યપ્રતિબંધ પણ લાદવામાં આવ્યા હતા.

૧૯૯૮માં ભારતે પરમાણુ પરીક્ષણ કર્યાં, પરંતુ તેનો પાયો ૧૫ વર્ષ પહેલાં નખાઈ ગયો હતો. નિવૃત્ત મેજર જનરલ મૃણાલ સુમન તેમના પુસ્તક 'Of Military Matters: Pokhran to Siachen'માં પર લખે છે. ૧૧૩ એન્જિનિયર રેજિમેન્ટે જાન્યુઆરી ૧૯૮૧માં જોધપુરના થાર રણમાં સૈન્યકવાયત હાથ ધરી રહી હતી. તે સમયે અમને ૫૦૦ ફૂટ ઊંડા અને ૧૨ ફૂટ પહોળો શાફ્ટ (ડાર) કરવાનું કહેવામાં આવ્યું હતું. જે અંગ્રેજી મૂળાક્ષર ' ક' આકારનો બનાવવાનો હતો. અમારા માટે આ કામ મુશ્કેલ હતું, એમાં પણ આ રણવિસ્તાર હતો, એથી વધારે મુશ્કેલી હતી. લોકો તથા વાહનોની અવરજવરથી દૂર નજીકમાં કોઈ માનવવસ્તી ન હોય તેવી જગ્યા પસંદ કરવાની હતી. એક દિવસ મારા ઉપરી અધિકારી લેફ્ટનન્ટ કર્નલ કેસી ઢિંગરા મને ગાડીમાં લઈ ગયા. તેઓ ગાડી ચલાવી રહ્યા હતા અને હું તેમની પાસે બેઠો હતો ત્યારે તેમણે મને 'ક' આકારના શાફ્ટ વિશે વાત કહી હતી. આ જરૂરિયાત શા માટે છે, એ અમે બંને સમજી ગયા હતા, છતાં બંનેમાંથી કોઈ 'અણુ' કે 'પરીક્ષણ' કે 'બોમ્બ' જેવો શબ્દપ્રયોગ નહોતો કર્યો. અણુવિસ્ફોટ બાદ તેના ધડાકા તથા વિકિરણને ફેલાતા અટકાવવા માટે ડાર ખોદ્યા બાદ અંદરની બાજુએ વિસ્ફોટકો મૂકવામાં આવે છે. 'કદાચ પાણી નીકળે તો?' એવા વિચારથી એક નહીં બે ડાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. અંતે ખેતોલાઈ તથા લોહારકી ગામ પાસેની નવ કિલોમીટરની જગ્યા પસંદ કરી. ગ્રામીણો પાસેથી સ્થાનિક ભૂગોળની માહિતી મેળવવા અમે કહાણી ઘડી કાઢી હતી કે અમે સેનાના કેમ્પ માટે જગ્યા શોધી રહ્યાં છીએ. ક્યાં પાણી નીકળશે?

૧૯૯૮ના પરમાણુ વિસ્ફોટો માટેનું શ્રેય ડૉ. એપીજે અબ્દુલ કલામને આપવામાં આવે છે. જેઓ ભારત સરકારના વૈજ્ઞાનિક સલાહકાર હતા. તેમણે કહ્યું હતું કે ભારતે પોતાની સુરક્ષા માટે પરીક્ષણ કર્યાં છે અને વધુ પરીક્ષણની જરૂર નહીં રહે, કારણ કે આગળના પરીક્ષણ કમ્પ્યુટર પર જ થઈ જશે.

# સ્વપ્નમાં જીવંત વ્યક્તિને મૃત જોવું સારું કે ખરાબ?

સપના આપણા મનના ઊંડાણનું પ્રતિબિંબ છે, જે પ્રતીકાત્મક રીતે આપણી લાગણીઓ, જીવનની ઘટનાઓ અથવા ભવિષ્યના સંકેતો પ્રદાન કરે છે. સ્વપ્ન વિજ્ઞાન અનુસાર, દરેક સ્વપ્નનો એક ખાસ અર્થ હોય છે. આપણે સ્વપ્નમાં કોઈ જીવિત વ્યક્તિને મૃત જોઈએ છીએ, ત્યારે આ સ્વપ્ન ડરામણું લાગે છે. જોકે, સ્વપ્ન વિજ્ઞાનમાં તેનો અર્થ હંમેશા નકારાત્મક હોતો નથી; તે શુભ કે અશુભ બંને હોઈ શકે છે. તેનો અર્થ વ્યક્તિના વાતાવરણ, વ્યક્તિત્વ અને તમારા જીવનની પરિસ્થિતિ પર આધાર રાખે છે.



### આવા સ્વપ્નનો અર્થ શું છે?

સ્વપ્ન વિજ્ઞાન અનુસાર, જીવંત વ્યક્તિને મૃત જોવાનો વાસ્તવિક મૃત્યુ સાથે કોઈ સંબંધ નથી. આ સ્વપ્ન પ્રતીકાત્મક છે અને જીવનમાં પરિવર્તન, સંબંધની સ્થિતિ અથવા તમારા ડર અને ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. તેનો સાચો અર્થ સમજવા માટે એ જોવું જરૂરી છે કે સ્વપ્ન કેવા વાતાવરણમાં હતું - શાંત કે ડરામણું, અને તે વ્યક્તિ સાથે તમારો સંબંધ કેવો હતો. આ સ્વપ્ન ક્યારેક સકારાત્મક પરિવર્તનનો સંકેત આપે છે, અને ક્યારેક તે સંબંધોમાં તણાવની ચેતવણી પણ આપે છે.

સ્વપ્ન વિજ્ઞાન અનુસાર, આ સ્વપ્ન ચોક્કસ પરિસ્થિતિઓમાં શુભ માનવામાં આવે છે, ખાસ કરીને જ્યારે વાતાવરણ સકારાત્મક હોય. આવા સ્વપ્ન ઘણીવાર તે વ્યક્તિના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યનું પ્રતીક છે જેને તમે તમારા સ્વપ્નમાં મૃત જુઓ છો. જો તમે સ્વપ્નમાં તમારા માતા-પિતા, ભાઈ-બહેન અથવા મિત્રોને મૃત જુઓ અને વાતાવરણ શાંત હોય, તો તે તેમના લાંબા આયુષ્ય અને સ્વાસ્થ્યની નિશાની હોઈ શકે છે. આ સ્વપ્ન નવી શરૂઆત અથવા સકારાત્મક ફેરફારોનો પણ સંકેત આપે છે.

### તે ક્યારે અને શા માટે અશુભ બને છે?

સ્વપ્ન વિજ્ઞાન અનુસાર, કેટલીક પરિસ્થિતિઓમાં આ સ્વપ્ન અશુભ પણ હોઈ શકે છે. ખાસ કરીને જ્યારે વાતાવરણ ઉદાસી કે ભયથી ભરેલું હોય. જો તમે તમારા નજીકના કોઈને મૃત જુઓ છો અને સ્વપ્ન ડરામણું છે, તો તે તમારા સંબંધમાં તણાવ અથવા ભાવનાત્મક અંતરની નિશાની હોઈ શકે છે. આ સ્વપ્ન તમને સંબંધો સુધારવા માટે પગલાં લેવાની સલાહ આપે છે.

### સ્વપ્ન વિજ્ઞાનના ઉપાયો

જો આ સ્વપ્ન તમને પરેશાન કરે છે, તો તમે કેટલાક પગલાં લઈ શકો છો. સવારે હનુમાન ચાલીસાનો પાઠ કરો, તેનાથી

**દરેક સ્વપ્નનો એક ખાસ અર્થ હોય છે. આપણે સ્વપ્નમાં કોઈ જીવિત વ્યક્તિને મૃત જોઈએ છીએ, ત્યારે આ સ્વપ્ન ડરામણું લાગે છે**

નકારાત્મક પ્રભાવ ઓછો થાય છે. જરૂરિયાતમંદોને દાન કરવાથી પણ અશુભ અસરો ઓછી થઈ શકે છે. સવારે ધ્યાન કરો અને તમારા મનપસંદ દેવતાને પ્રાર્થના કરો. જો સ્વપ્ન વારંવાર આવે છે, તો તેને કોઈ જ્યોતિષી સાથે શેર કરો.

# કાળી સૂકી દ્રાક્ષ પલાળીને ખાવાના ફાયદા, આયર્નનો છે સારો સ્ત્રોત

કાળી દ્રાક્ષમાં રહેલા વિટામિન સી અને અન્ય પોષક તત્વો રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આ ઉપરાંત તેમાં રહેલું ફાઈબર કબજિયાત અટકાવે છે અને પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. કાળી દ્રાક્ષમાં રહેલું રેસવેરાટ્રોલ મગજની કાર્યક્ષમતા વધારે છે અને અલ્ઝાઈમર જેવા રોગોને અટકાવી શકે છે

કાળી સૂકી દ્રાક્ષ ટેસ્ટની સાથે સાથે હેલ્થ માટે પણ બેસ્ટ છે. કાળી સૂકી દ્રાક્ષ એ ખૂબ જ શક્તિશાળી પૌષ્ટિક ડ્રાયફ્રુટ છે. તેમાં ઘણા પ્રકારના વિટામીન, ખનિજ તત્વો અને ફાઈબર હોય છે

કાળી સૂકી દ્રાક્ષ ટેસ્ટની સાથે સાથે હેલ્થ માટે પણ બેસ્ટ છે, પાણીમાં પલાળેલી કાળી સૂકી દ્રાક્ષનું સેવન કરવું ઘણું ફાયદાકારક રહે છે. કાળી સૂકી દ્રાક્ષ એ ખૂબ જ શક્તિશાળી પૌષ્ટિક ડ્રાયફ્રુટ છે. તેમાં ઘણા પ્રકારના વિટામીન, ખનિજ તત્વો અને ફાઈબર હોય છે. કાળી સૂકી દ્રાક્ષ શરીરને ઈન્સ્ટન્ટ એનર્જી આપે છે.

સૂકી દ્રાક્ષ પુષ્કળ આયર્ન હોય છે જે આપણા શરીરમાં લોહીની ઉણપને પૂર્ણ કરે છે. જો તમે સૂકી દ્રાક્ષને રાત્રે પાણીમાં પલાળી રાખો અને સવારે તેનું સેવન કરો તો તેના ફાયદાઓ અનેકગણો વધી જાય છે. સૂકી દ્રાક્ષના નિયમિત સેવનથી પાચનશક્તિ વધે છે અને વજન ઘટાડવામાં પણ રામબાણ સાબિત થઈ શકે છે.

### પાચન આરોગ્ય સુધારે છે

પલાળેલી કાળી સૂકી દ્રાક્ષમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, જે પાચનમાં મદદ કરે છે અને કબજિયાત અટકાવે છે.

આયર્નનો સારો સ્ત્રોત

કાળી સૂકી દ્રાક્ષ આયર્નનો સારો સ્ત્રોત છે. તેને ખાલી પેટ ખાવાથી આયર્નનું શોષણ સુધારવામાં અને એનિમિયા અટકાવવામાં મદદ મળી શકે છે.

### વૃદ્ધત્વ ઘટાડે છે

કાળી સૂકી દ્રાક્ષમાં રહેલા એન્ટીઓક્સિડેન્ટ્સ અને વિટામિન સી મુક્ત રેડિકલ સામે લડવામાં મદદ કરે છે. તંદુરસ્ત ત્વચાને પ્રોત્સાહન આપે છે અને વૃદ્ધત્વના સંકેતોને ઘટાડે છે.

### હૃદયના સ્વાસ્થ્ય માટે સારું

કાળી દ્રાક્ષમાં પોટેશિયમ અને મેગ્નેશિયમ હોય છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને હૃદય રોગનું જોખમ ઘટાડે છે

### એનર્જી લેવલ વધારે છે

પલાળેલી કાળી સુકી દ્રાક્ષમાં ગ્લુકોઝ અને ફ્રુક્ટોઝ જેવી કુદરતી શર્કરા હોય છે, જે ત્વરિત ઊર્જા પૂરી પાડે છે.

કાળી દ્રાક્ષ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તેમાં વિટામિન અને ખનિજો જેવા ઘણા પોષક તત્વો રહેલા છે. આમાં ભરપૂર માત્રામાં ફાઈબર, આયર્ન, પોટેશિયમ, મેગ્નેશિયમ, વિટામિન સી અને વિટામિન કે જેવા પોષક તત્વો ભરપૂર માત્રામાં જોવા મળે છે. તેનું સેવન કરવાથી સ્વાસ્થ્યમાં ઘણો લાભ થાય છે. શું તે શરીરમાં હિમોગ્લોબિનનું લેવલ સુધારવામાં મદદ કરે છે? ફાઈબર કબજિયાત અટકાવે છે અને પાચનતંત્રને સ્વસ્થ રાખે છે



# થોડી સાવચેતી રાખવાથી બળબળતી ગરમીમાં બાળકોને સ્વસ્થ રાખી શકાય છે

ઉનાળો બાળકો માટે આનંદ માણવાનો સમય છે, પણ તેમાં બીમારીના વિશિષ્ટ પડકારો પણ સર્જાય છે. જો કે યોગ્ય સાવચેતી રાખીને વાલીઓ મોસમી બીમારીના જોખમમાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે. બાળકો સમગ્ર મોસમ દરમ્યાન ઊર્જાવાન અને બીમારીમુક્ત રહે તેના માટે લક્ષણોની વહેલી ઓળખ, યોગ્ય સ્વચ્છતા, નિયમિત વેક્સિન અને સ્વચ્છ આદતો અત્યંત જરૂરી છે.

સારી રીતે માહિતગાર અને સતર્ક રહેવાથી પરિવારો આરોગ્ય સંબંધિત સમસ્યાના અવરોધ વિના તેમના ઉનાળાની મજા માણવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. નાનકડી તકેદારી આ સીઝનને બાળક માટે સુરક્ષિત અને યાદગાર બનાવવામાં મહત્વનો ફાળો આપી શકે છે.

ઉનાળા દરમ્યાન ખાસ કરીને બાળકો વધુ નબળા હોય છે. તેમની પ્રતિકારશક્તિ હજી વિકસી રહી હોવાથી તેમજ તડકામાં રમવાની તેમની પ્રબળ ઈચ્છાને કારણે બીમારીનો જલદી શિકાર બને છે. ઊંચા તાપમાન અને વધતા ભેજ સાથે સંક્રમણનું જોખમ, ખોરાકના બગાડ અને ડીહાઈડ્રેશનની શક્યતા વધુ રહે છે. અગ્રણી બાળરોગ નિષ્ણાંતોના મતે લક્ષણોની વહેલી ઓળખ અને તાત્કાલિક કાર્યવાહી બાળકોને સક્રિય અને બીમારીથી મુક્ત રાખવા ખૂબ જ જરૂરી છે.

ઉનાળો તડકો, મોજ, બાહ્ય રમતો અને અવિસ્મરણીય પારિવારીક વેકેશનની મોસમ છે. બાળકો માટે તે મોટાભાગે સ્કૂલમાંથી રજા અને આઉટડોર રમતો રમવાના દિવસો છે. જો કે ઉત્સાહ અને આઝાદી સાથે ઉનાળામાં મૌસમી બીમારીમાં વૃદ્ધિ પણ થાય છે, ખાસ કરીને બાળકો આ સીઝનમાં વધુ સંખ્યામાં બીમાર પડે છે.

ગરમી, સંક્રમિત પાણી અને અસ્વચ્છ ખોરાકના સંપર્કમાં વધુ વાર આવવાથી ટાઈફોઈડ, ઝાડા ઉલટી, આંખની બળતરા અને વિવિધ પાણી જન્ય બીમારીઓ થાય છે. પરિણામે વાલીઓએ તેમના બાળકો સ્વસ્થ અને સુરક્ષિત ઉનાળો માણી શકે તેના માટે રક્ષણાત્મક પગલા લેવા જરૂરી થઈ પડે છે.

ઉનાળામાં સામાન્યપણે ઝાડા ઉલ્ટીના કેસ વધુ થાય છે, ખાસ કરીને બાળકો તેનો વધુ શિકાર બને છે. આ બીમારીઓ સંક્રમિત પાણી અથવા ખોરાકના સેવનથી થાય છે. તેના લક્ષણોમાં વારંવાર ઝાડા, ઉલટી, પેડુમાં દુઃખાવો અને ડીહાઈડ્રેશન તેમજ નબળાઈના લક્ષણો જણાય છે.

ઝાડાને રોકવામાં સ્વચ્છતા મહત્વનો ભાગ ભજવે છે. વાલીઓએ ખાતરી કરવી કે તેમના બાળકો શૌચ પછી અને ભોજન પહેલા સારી રીતે હાથ સ્વચ્છ કરે. ખોરાકને સારી રીતે રાંધીને તાજો જ ખાવો. નવજાત બાળકોને સ્તનપાન કરાવવાથી સંક્રમણો સામે વધારાનું રક્ષણ મળે છે.

ઝાડા ઉલટીની સારવારમાં ડીહાઈડ્રેશન પર વધુ ધ્યાન આપવામાં આવે છે. ઓઆરએસથી શરીરમાં પાણી અને ઈલેક્ટ્રોલાઈટ સંતુલન જળવાઈ રહે છે. એકવાર ઉલટી બંધ થયા પછી બાળકો સામાન્ય ખોરાક ખાઈ શકે પણ ખાંડયુક્ત પીણા અને સોડા ટાળવા, તેનાથી લક્ષણો વધુ ઉગ્ર બની શકે છે.



કોલેરા, મરડો, હેપટાઈટીસ એ, કમળો જેવી બીમારી અસ્વચ્છ પાણીના સેવન અથવા સંપર્કમાં આવવાથી પણ પાણીજન્ય બીમારીનો ચેપ લાગી શકે છે. સારી રીતે ન જળવાયેલા જાહેર સ્વીમીંગ પૂલ અથવા જાહેર જળાશયોનો ઉપયોગ ચેપનું કારણ બની શકે.

પાણીજન્ય બીમારીમાં સામાન્યપણે તાવ, ઉલટી, ઝાડા અને પેટમાં ચૂંક જેવા લક્ષણો જણાય છે. આવી બીમારી ટાળવા બાળકોને માત્ર ઉકાળેલું અથવા ફિલ્ટર કરેલું પાણી જ આપવું અને પૂલમાં તરતી વખતે પાણી મોઢામાં ન જાય તેનું ધ્યાન રાખવું. સ્વીમીંગ પૂલમાં જતા પહેલા અને પછી શાવર અને અંગત સ્વચ્છતા મહત્વના સાબિત થાય છે. સુરક્ષાના સ્તરમાં વધારો કરવા હેપટાઈટીસ એ અને ટાઈફોઈડના વેક્સિન અત્યંત જરૂરી છે.

સાલમોનેલા ટાઈફી બેક્ટેરિયાથી થતો ટાઈફોઈડ તાવ એક ગંભીર ચેપ છે અને મુખ્યત્વે સંક્રમિત પાણી અને ખોરાક દ્વારા થાય છે. એમાં સતત ઊંચો તાવ, પેટમાં દુઃખાવો, નબળાઈ અને ક્યારેક ફોલ્લી થાય છે. ટાઈફોઈડથી પીડિત બાળકોને ભૂખ ઓછી થવી અને થકાન જેવી સમસ્યા પણ થાય છે. ટાઈફોઈડથી રક્ષણની શરૂઆત સ્વચ્છ પીવાના પાણીની ખાતરી કરવાથી થાય છે. પીવા પહેલા પાણી ઉકાળવું અથવા પ્રમાણિત વોટર ફિલ્ટરનો ઉપયોગ મહત્વના સાબિત થાય છે. હાથની યોગ્ય સ્વચ્છતા, ખાસ કરીને શૌચ પછી અને ભોજન પહેલા હાથ ધોવા જરૂરી છે. ટાઈફોઈડથી બચવાનો સૌથી ખાતરીદાયક ઉપાય છે વેક્સિનેશન. છ મહિનાથી વધુ વયના બાળકોને ટાઈફોઈડનું વેક્સિન આપવામાં આવે છે.

બાળકને ટાઈફોઈડનું નિદાન થયા પછી સારવારમાં સામાન્યપણે એન્ટીબાયોટિક કોર્સ તેમજ ડીહાઈડ્રેશન ટાળવા ઓઆરએસ આપવામાં આવે છે. રિકવરી દરમ્યાન બાળકો નિયમિત કેળા, ચોખા અને બાફેલા શાકભાજીનું સેવન કરે તેની વાલીઓએ ખાતરી કરવી.

કંજંક્ટીવાઈટીસ અથવા ગુલાબી આંખ અત્યંત ચેપી છે અને ઉનાળામાં વધુ થાય છે. બેક્ટેરિયા, વાયરસ અથવા એલર્જેનથી થતી આ બીમારીમાં આંખો લાલ થવી, બળતરા થવી, આંખમાંથી પાણી વહેવું જેવા લક્ષણો જણાય છે.

કંજંક્ટીવાઈટીસની સારવારમાં કારણ પર વધુ ધ્યાન આપવામાં આવે છે. બેક્ટેરિયાથી થયેલા ચેપમાં એન્ટીબાયોટિક આંખના ટીપા આપવામાં આવે છે જ્યારે વાયરસથી થયેલા ચેપમાં આંખ ભીની રાખતા ટીપા આપવામાં આવે છે.

# લગ્ન પછીનો ગોલ્ડન રોમાન્સ સમય જતાં કથીર કેમ બની જાય છે?

સંબંધો નાજુક છોડ જેવા હોય છે જેને સતત કાળજી અને પોષક તત્વોની જરૂર પડતી હોય છે. તેથી જ સભાનપણે કરાયેલા પ્રયાસો વર્ષો સુધી આત્મીયતા જાળવી રાખવામાં સહાય કરે છે.



ધીમો અલગાવ કોઈ એક ઘટનાને કારણે નથી થતો પણ ઉપેક્ષિત પળો, નહિ કહેવાયેલા વાક્યો અને જોડાણની ગુમાવેલી તકો એકત્ર થવાનું પરિણામ હોય છે. આ પેટર્ન વહેલી તકે ઓળખીને તેમજ સતર્ક રહીને કપલો તેમના જોડાણને ફરી જીવિત કરી શકે છે અને લાંબા ગાળાનો પરિપૂર્ણ સંબંધ વિકસાવી શકે છે. મહત્વનું છે.

મેરેજ કાઉન્સિલરોના મતે કપલો રાતોરાત છૂટા નથી પડતા, પણ તેમની આત્મીયતા અને ભાવનાત્મક જોડાણમાં ઘસારો ધીમી અને સુક્ષ્મ પ્રક્રિયા છે જેમાં શરૂઆતમાં તો નજીવા ફેરફાર થતા હોય છે. તેમના મંતવ્યો મુજબ કપલો વચ્ચેના વધતા અંતર માટે કેટલાક સામાન્ય પણ ઉપેક્ષિત કારણો હોય છે.

રોમેન્ટિક સંબંધના પ્રારંભિક તબક્કા ઉત્સાહ, ધગશ અને જોડાણની મજબૂત લાગણીથી યુક્ત હોય છે. આ હનીમૂન તબક્કામાં બંને પાર્ટનરો સક્રિય રીતે તેમના જોડાણને મજબૂત કરવા તેમનો સમય, પ્રયાસ અને લાગણીઓ રોપે છે. પણ જેમ સમય પસાર થાય છે અને જીવન એક દિનચર્યા બની જાય છે ત્યારે ગતિશીલતા પણ બદલાય જાય છે. આ મહત્વનો તબક્કો છે જ્યારે સંબંધ સભાન પ્રયાસો અને હેતુપૂર્વકના કાર્યો માગી લે છે જેથી પ્રેમ, નજદીકી અને આત્મીયતા જળવાઈ રહે. કમનસીબે ઘણા કપલો લાપરવાહી અથવા જીવનના વિક્ષેપોને કારણે અલગ થવા લાગે છે, અને ઘણીવાર તો તેમને એની જાણ પણ નથી હોતી.

સંબંધોમાં મોટું પરિવર્તન ત્યારે આવે છે જ્યારે કપલ વાલી બને છે. બાળકોને સમય અને ધ્યાન આપવું સ્વાભાવિક હોવા છતાં કેટલાક કપલો તમામ લાગણી સંતાનોમાં કેન્દ્રિત કરવાની ભૂલ કરે છે. આવા સમયે ઘણીવાર લગ્નજીવનમાં સમસ્યા ઊભી થાય છે. બાળકો લાગણીનું કેન્દ્ર સ્થાન બને છે, જે લાગણી એકસમયે કપલ વચ્ચે મર્યાદિત હતી. સમય જતા આ અસંતુલન કપલને ભાવનાત્મક રીતે છૂટા કરી નાખે છે અને રોમેન્ટિક સહચરના સ્થાને સહવાલી બની જાય છે.

વાતચીત કોઈપણ સંબંધની ધડકન હોય છે. કપલો વચ્ચે જેમ અંતર વધતું જાય છે તેમ તેઓ અર્થસભર વાતચીત અને હળવાશ વાર્તાલાપ કરવાનું બંધ કરી દે છે. એક સમયે તેમને જોડેલા રાખતું આ હાસ્ય અને સહિયારી રમૂજની ખોટ એક ભાવનાત્મક ખાલીપો સર્જે છે. વાતચીત અથવા સાથે રમૂજ માણવાનું બંધ કરનાર કપલો ઘણીવાર ભાવનાત્મક રીતે છૂટા પડી જાય છે અને એક જ છત નીચે લાગણીશૂન્ય બનીને સાથે રહેતા ભાડૂતોની જેમ રહે છે.

ભાવનાત્મક દૂરીનો સૌથી પ્રથમ સંકેત છે લાપરવાહી. થોડો સમય સાથે રહ્યા પછી, કપલો સામાન્ય દિનચર્યામાં ખોવાઈ જાય છે અને એકબીજાને હળવાશથી લેવાનું શરૂ કરે છે. એકમેક સાથે હોવાનો પ્રારંભિક રોમાંચ ઓછો થઈ ગયો હોય છે અને પ્રેમ તથા લાગણીના નાનકડા હાવભાવ લુપ્ત થવા લાગે છે. ઘરે આવતો પાર્ટનર હવે મહત્વનો પ્રસંગ નથી રહેતો, પણ દિનચર્યાનો હિસ્સો બની ગયો હોય છે. દરકારનો આ અભાવ વ્યક્તિઓને ઉપેક્ષિત અને અપ્રિય હોવાનું મહેસૂસ કરાવે છે અને ક્રમશઃ એકસમયે પ્રિય રહેલું ભાવનાત્મક જોડાણ સમાપ્ત થઈ જાય છે.

પ્રેમસંબંધ દરમ્યાન પાર્ટનરો એકબીજાને પ્રભાવિત કરવા અને એકબીજાને વિશેષ લાગણી અપાવવા નોંધપાત્ર પ્રયાસ કરતા હોય છે. ડેટ માટે પોષાકની પસંદગીથી લઈને એકબીજાને શુભેચ્છા અથવા આશ્ચર્યચકિત કરવાનો પ્રયાસ કરતા હોય છે. આવું વર્તન આકર્ષણ અને આત્મીયતા વધારનારું હોય છે. જો કે એકવાર સંબંધ પરિવારમાં પરિવર્તિત થયા પછી બંને આવા પ્રયાસ પડતા મુકે છે. સંબંધમાં અવકાશ જરૂરી ભલે હોય પણ તેનાથી સતત એકબીજાની કદર અને પ્રશંસા કરવાની લાગણી લુપ્ત ન થવી જોઈએ. તમારા પાર્ટનરને વિશેષ અને પ્રિય હોવાની લાગણી અપાવવાનું ચાલુ રાખતા સંબંધ જીવંત રહે છે.

કોઈપણ નજીકના સંબંધમાં ઘર્ષણ સ્વાભાવિક હિસ્સો હોય છે. જો કે અપૂર્ણ જરૂરીયાતો, ભાવનાત્મક પીડા અથવા વિભિન્ન લક્ષ્યાંકો જેવી બાબતો વિશે કઠિન વાતચીત ટાળવાથી તીવ્ર નારાજગી સર્જાય છે. કપલો ઘણીવાર શાંતિ જાળવવા આવી ચર્ચા ટાળતા હોય છે, પણ તેમ કરીને તેઓ એકબીજાને ખરી રીતે સમજવાની અને એકમેકનું સમર્થન કરવાની તક ગુમાવે છે. મુશ્કેલ ચર્ચા જ્યારે સંભાળપૂર્વક અને પારસ્પરિક આદર સાથે કરવામાં આવે ત્યારે ઊંડી સમજદારી અને ભાવનાત્મક નિકટતાથી સંબંધો વધુ મજબૂત બને છે.

માનસિક આરોગ્ય અને થેરપી ફરતે સભાનતા વધતી હોવા છતાં હજી ઘણા સમાજમાં સંબંધ બાબતે વ્યાવસાયિક મદદ લેવામાં સંકોચ અનુભવાય છે. ઘણા કપલો કાઉન્સિલર અથવા થેરપિસ્ટનો સંપર્ક કરવા અગાઉ તેમનો સંબંધ ગંભીર રીતે ખરાબ થઈ જાય ત્યાં સુધી રાહ જુએ છે. ત્યાં સુધીમાં વ્યાપક નુકસાન થઈ ચુક્યું હોય છે. પ્રારંભિક તબક્કે માર્ગદર્શન મેળવવાથી કપલો પડકારોનો સામનો કરી શકે છે, તેમનું જોડાણ ફરી બનાવી શકે છે અને સમગ્ર બાબત નિયંત્રણની બહાર થઈ જાય તે પહેલા તંદુરસ્ત ચર્ચા પેટર્ન વિકસાવી શકે છે.

# દામ્પત્ય જીવનમાં નિર્મળ ઈમાનદારી આપસી સબંધો વધુ સુદ્રઢ બનાવે છે

પતિ-પત્ની વચ્ચે ગમે તેટલો ઝઘડો થાય કે મતભેદ થાય, એક વાત હંમેશાં યાદ રાખવાની હોય છે કે પતિ-પત્ની હંમેશાં એક જ પાર્ટીમાં હોય છે, વિરોધી પાર્ટી નથી. પતિ અને પત્ની શબ્દ જ એકબીજાને પૂરક છે, એકબીજાનો વિરોધાર્થી શબ્દ નથી જ. એટલે જ સંબંધની ઈમાનદારી એટલે ગમે એટલો ઝઘડો કે તણાવ પછી પણ જ્યારે બહારના લોકો સામે એકબીજા વિશે વાત કરવાની થાય ત્યારે હંમેશાં યાદ રાખવું કે પતિ-પત્ની મળીને એક જ પાર્ટી બનાવે છે, એક જ છે. એટલે ઈમાનદારી એ છે કે ક્યારેય પીઠ પાછળ એકમેકનું ઘસાતું ન જ બોલવું. જે કંઈ કહેવું છે, જે કંઈ અણગમતી વાત છે તે વાત એકબીજાને જ શાંત અવાજમાં કહી દેવી. કદાચ એ ચર્ચા દરમિયાન ઝઘડો થાય તો પણ પહેલેથી નક્કી રાખો કે આ ચર્ચાને અંતે પણ આપણે તો એક છીએ અને એટલી ઈમાનદારી આપણે જિંદગીભર નિભાવવાની છે.

ઘણી વખત જોવા મળે છે કે પોતે સંબંધમાં કેટલું વિચારે છે, કેટલો ભોગ આપે છે અને વફાદાર છે એવી જાહેરાતો કરનાર ખરેખર સંબંધની ઈમાનદારી નિભાવતા જ ન હોય એવું બને. જેમ કે, પતિ-પત્ની એકબીજા આગળ પ્રેમની અભિવ્યક્તિ કરે અને પછી મિત્રો આગળ એ જ વાતની મજાક બનાવી કહે કે, 'આજે તો મારી આ વાતથી એ કેવી પટી ગઈ!' અથવા તો આ પુરુષોને એમ છે કે આપણને કંઈ જ સમજ પડતી નથી, પરંતુ એનો જ લાભ ઉઠાવીને આપણે આપણું કામ કાઢવી લેવાનું, તો એને ઈમાનદારી ન કહેવાય.

કેટલીકવાર ઘરના કે બહારના કામ અંગે કે જવાબદારી અંગે છટકબારી શોધવી હોય ત્યારે જૂઠું બોલીને છટકી જવું એ સૌથી સહેલો ઉપાય હોય છે, પણ નિખાલસ બની એ વાત પણ હળવા મૂડમાં ચર્ચી લેવાથી સંબંધમાં સચ્ચાઈ જળવાઈ રહેશે અને એ જ જરૂરી છે, કારણ કે જિંદગીભર જેની સાથે જીવવાનું છે એની સામે પારદર્શક થવું બહુ જરૂરી છે .



જો એવો ડર હોય કે ઈમાનદારીપૂર્વક બધું કહી દેવાથી સામેવાળી વ્યક્તિને ગુસ્સો આવશે તો પહેલેથી કબૂલાત કરી લેવી કે, 'આ વાત કદાચ તને ન પણ ગમે, પણ મને આ સાચું લાગે છે' અને જ્યારે સામેવાળું પાત્ર એ કહે ત્યારે આપણે સ્વીકારી લેવું, પણ જો ઈમાનદાર થવાથી સંબંધ તૂટી જશે એવું લાગે તો એ સંબંધ બાંધવામાં કે નિભાવવામાં કોઈ કચાશ ચોક્કસ છે.

એકબીજા સાથે જોડાયેલા રહેવા માટે જેટલો અગત્યનો પ્રેમ છે એટલી જ ઈમાનદારી પણ આવશ્યક છે. એકબીજા સાથે વફાદારી માત્ર ઈમાનદારી નથી, વાણી વર્તનમાં એકરૂપતા એટલે કે જેવો વિચાર મનમાં હોય એને જ વાણીમાં વ્યક્ત કરવો અને એ પ્રમાણેનું આચરણ કરવું એ ઈમાનદારી છે.

# કન્ડેન્સ્ડ મિલ્કમાંથી બનતી હૈદરાબાદી શાહી રબડી

શાહી ટુકડા એક અદભુત હૈદરાબાદી મીઠાઈ છે જે મિઠાઈના રૂપમાં અથવા જમ્યા પછી ડેઝર્ટમાં પીરસવામાં આવે છે. તેને પરંપરાગત રીતે બનાવવા માટે બ્રેડને ઘીમાં તળવામાં આવે છે અને પછી શાહી રબડીની સાથે પીરસવામાં આવે છે. પરંતુ આ વિધિમાં અમે બ્રેડને ઘી લગાવીને શેકી છે અને ઝડપથી રબડી બનાવવા માટે કન્ડેન્સ્ડ મિલ્ક નો ઉપયોગ કર્યો છે. અન્ય મિઠાઈની તુલનામાં આ બનાવવી સરળ છે અને બહુ જ ઓછો સમય લાગે છે. તો આવો આજે આપણે આ રેસીપી પ્રમાણે શાહી ટુકડા બનાવતા શીખીએ.



## સામગ્રીઃ

- ૨૧/૨ કપ ફુલ ફેટ દૂધ (આખું મલાઈવાળું દૂધ)
- ૧/૪ કપ ગળ્યું કન્ડેન્સ્ડ મિલ્ક
- ૧ ટેબલસ્પૂન ખાંડ
- ૪-૫ કેસરના તાંતણા
- ૨ ટેબલસ્પૂન છીણેલું પનીર અથવા માવો અથવા મિલ્ક પાઉડર, વૈકલ્પિક
- ૧/૪ ટીસ્પૂન એલચીનો પાઉડર
- ૪ બ્રેડ સ્લાઈસ
- ૨-૩ ટેબલસ્પૂન ઘી, શેકવા માટે
- ૧/૨ ટેબલસ્પૂન કાપેલા કાજુ
- ૧/૨ ટેબલસ્પૂન કાપેલા પિસ્તા
- ૧/૨ ટેબલસ્પૂન કાપેલી બદામ

## બનાવવાની રીત

જો તમે ફ્રોજન પનીરનો ઉપયોગ કરી રહ્યા હો તો પહેલા તેને રૂમના તાપમાન પર લાવો અને પછી છીણો. આ વિધિમાં કન્ડેન્સ્ડ મિલ્કનો (ગળ્યું ઘટ્ટ દૂધ) ઉપયોગ થયો છે જે કોઈપણ કરિયાણાની દુકાનમાં સરળતાથી મળી જાય છે.એક જાડા તળિયાવાળી કડાઈમાં દૂધ, કન્ડેન્સ્ડ મિલ્ક, ખાંડ અને કેસરના તાંતણા નાખોં અને મધ્યમ આંચ પર ઉકળવા માટે મૂકો. જ્યારે દૂધ ઉકળવા લાગે ત્યારે આંચને ધીમી કરો અને મિશ્રણને ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળો. તેમાં લગભગ ૧૦-૧૫ મિનિટનો સમય લાગશે. તેને કડાઈથી ચિપકતા રોકવા માટે વચ્ચે ક્યારેક ક્યારેક ચમચાથી હલાવતા રહો.તેમાં છીણેલું પનીર અને એલચીનો પાઉડર નાખોં અને બરાબર મિક્ષ કરો.ગેસ બંધ કરો અને તૈયાર કરેલી રબડીને રૂમના તાપમાને ઠંડી થવા દોબ્રેડ સ્લાઈસની કિનારીઓ કાઢી નાખોં અને તેને ૪ ત્રિકોણ અથવા ૪ સરખા ચોરસ ટુકડાઓમાં કાપો.બ્રેડના ટુકડાની બંને બાજુ બ્રશથી ઘી લગાવો. તેને એક નોન-સ્ટિક પેન અથવા તવામાં ધીમી આંચ પર શેકો. જ્યારે નીચેની સપાટી ગોલ્ડન બદામી રંગની થવા લાગે ત્યાં સુધી શેકો.તેને પલટો અને બીજી બાજુ પણ ગોલ્ડન બદામી રંગની થાય અને ક્રિસ્પી થાય ત્યાં સુધી શેકો. તેને એક થાળીમાં કાઢો.ક્રિસ્પી બ્રેડના ટુકડાઓને એક ઊંડી પ્લેટમાં મૂકો અને તેની ઉપર તૈયાર કરેલી રબડી નાખોં.તેને કાપેલા પિસ્તા, કાજુ અને બદામથી સજાવો. તેને તરત જ પીરસો અથવા પીરસવાની પહેલા ૩૦ મિનિટ માટે ફ્રીજમાં મૂકી દો. સ્વાદિષ્ટ શાહી ટુકડા પીરસવા માટે તૈયાર છે.

# રાજ્યમાં ૭.૨૮ લાખ ઘરોના કોઈ ખરીદનાર જ નહીં

## વૈશ્વિક મંદીની સૌથી વધારે ખરાબ અસર રિઅલ એસ્ટેટ સેક્ટર પર : રેરાનો ડેટા : ૧૪૪ પ્રોજેક્ટ જ કાર્યરત

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાતમાં કોરોનાકાળ બાદ રિયલ એસ્ટેટ માર્કેટમાં આવેલી તેજીને હવે બ્રેક લાગી હોય તેવું જણાય છે. ગુજરાતમાં જંત્રીના દરો વધવાના ફફડાટ વચ્ચે જુના જંત્રીદરો મુજબ મિલકતોના દસ્તાવેજો નોંધાવવા છેલ્લા બે માસથી ધસારો જોવા મળી રહ્યો છે.

આમ છતાં ગુજરાતમાં ૭.૨૮ લાખ તૈયાર યુનિટો વેંચાયા વગરના હોવાનું રેરાના ડેટા ઉપરથી જાણી શકાયું છે.વૈશ્વિક મંદીની અસર હવે સૌથી વધુ ધબકતા રિયલ એસ્ટેટ સેકટર ઉપર પણ પડી રહી છે. ગુજરાતમાં ચાલુ નાણાંકીય વર્ષમાં અત્યાર સુધીમાં માત્ર ૧૪૪ નવા પ્રોજેકટ 'રેરા'માં નોંધાયા છે જે પાછલા વર્ષ કરતાં ઘણા ઓછા છે.



વર્ષોના સ્થિર વિકાસ પછી, ગુજરાતનું રિયલ એસ્ટેટ ક્ષેત્ર તેનો શ્વાસ પકડી રહ્યું હોય તેવું લાગે છે. વૈશ્વિક આર્થિક ખેંચાણ, જમીનના ભાવમાં વધારો અને જંત્રીના દરમાં સંભવિત ઉછાળા અંગે તાજેતરમાં થયેલી મૂંઝવણને કારણે બજારનો ધબકારા થોડો શાંત થયો છે. આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં રાજ્યભરમાં ફક્ત ૧૪૪ નવા પ્રોજેક્ટ નોંધાયા છે - જે પાછલા વર્ષોની સરખામણીમાં ઘણો ઘટાડો છે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) ના એક ચોંકાવનારા અહેવાલમાં નજીકથી નજર નાખવામાં આવે તો રેરા કાયદો લાગુ થયા પછી, રાજ્યમાં લગભગ ૧૩,૪૬૩ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ નોંધાયા છે જેમાં લગભગ ૧૬.૨૨ લાખ આવાસોનો સમાવેશ થાય છે. પરંતુ હવે મંદી ખરેખર દેખાય છેઃ ૧૬.૨૨ લાખમાંથી ફક્ત ૮.૯૪ લાખ એકમો વેચાયા છે. તેથી ૭.૨૮ લાખ એકમોનો મોટો હિસ્સો હજુ પણ ખરીદદારોની રાહ જોઈ રહ્યો છે. જેના કારણે ડેવલપરોના આ પ્રોજેક્ટ્સમાં ₹૪.૨૩ લાખ કરોડ ફસાયેલા છે.

ગુજરાત RERAના ૨૦૨૩-૨૪ ના વાર્ષિક અહેવાલમાં, વર્તમાન ચેરપર્સન (અને ભૂતપૂર્વ IAS અધિકારી) અનિતા કરવાલે સ્વીકાર્યું કે RERA કાયદાએ ક્ષેત્રમાં વધુ વ્યવસ્થા અને વિશ્વાસ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ખરીદદારો અને વિકાસકર્તાઓ વચ્ચેના વિવાદોમાં ઘટાડો થયો છે, જે કોઈ નાની જીત નથી. પરંતુ આંકડા હજુ પણ આંખો ખોલનારા છે. વેચાયેલા ન હોય તેવા સ્ટોક કેવી રીતે વધે છે તે અહીં છે.

# યાત્રાધામ સાળંગપુરમાં કષ્ટભંજન દાદા હનુમાનજી મહારાજને જરદોશી વર્કનો શણગાર


## વૃંદાવનમાં ૧૫ દિવસે તૈયાર થયો : ૬૦૦ ડઝન કેરીનો અન્નકુટ ધરાયો

**સમય મિરર | સાળંગપુર**

સાળંગપુરમાં દાદાને ગુલાબ અને સેવંતીના ફુલનો શણગાર ધરાવવામાં આવ્યો છે. આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને પ્યોર સિલ્કના જરદોશીના વર્કવાળા વાનરની થઈમવાળા વાઘા પહેરાવ્યા સાથે ૬૦૦ ડઝન કેરીનો અન્નકુટ ધરાવાયો હતો.

આજે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી અને સવારે ૭:૦૦ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. આજે અનેક હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.





આજે હનુમાનજીને ૧ કિલો પ્યોર સોનામાંથી બનેલો રજવાડી મુગટ અને કુંડળ પહેરાવવામાં આવ્યા છે. સવા ફૂટ ઊંચા અને દોઢ ફૂટ પહોળા મુગટમાં બે પોપટની આકૃતિ બનાવાઈ છે. જેમાં હેન્ડ પેઈન્ટેડ મીણા કારીગરી કરાઈ છે. એટલું જ નહીં મુગટમાં ફૂલ, ઝાડ અને બે મોટા કમળની ડિઝાઈન ચાર ચાંદ લગાવે છે. તો ૩૫૦ કેરેટ લેબ્રોન ડાયમંડથી જડતર કરાયેલો આ મુગટ બનાવતા ૧૮ કારીગરોને ૩ મહિનાનો સમય લાગ્યો હતો.

# સુરતમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં છાતીમાં બોલ વાગતા અમ્પાયરનું કરૂણ મોત

## અબ્રામા ખાતે રમાતી મેચમાં બનેલો બનાવ : આંખોનું દાન

**સમય મિરર | સુરત**

સુરતમાં ઉનાળામાં અલગ અલગ ગ્રાઉન્ડમાં ક્રિકેટનું આયોજન થતાં હોય છે. ત્યારે અબ્રામા ખાતે આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમ્પાયરીંગ કરતી વખતે બોલ છાતીમાં વાગ્યા બાદ બેભાન થઈ ગયેલા યુવકનું મોત નીપજ્યું હતું. પોસ્ટમોર્ટમમાં પ્રાથમીક રીપોર્ટમાં તેમનું મોત હેમરેજના કારણે થયું હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે.



ઓલપાડના બરબોધનના વતની અને જહાંગીરપુરા રાજગ્રીન એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૨૫ વર્ષીય પાર્થ રાજેશભાઈ સુરતી દાંડી રોડ કુકણીગામ ખાતે આવેલી ફાઉન્ટન હેડ સ્કૂલમાં સ્પોર્ટસ ટીચર તરીકે નોકરી કરતા હતા. તેઓ અવાર નવાર અલગ અલગ ટુર્નામેન્ટમાં અમ્પાયરીંગ કરવા જતા હતા. રવિવારે તેઓ અબ્રામાં ખાતે આવેલા વી.ડી. દેસાઈ ગ્રાઉન્ડમાં આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમ્પાયરીંગ કરતા હતા. ત્યારે તેમને સિઝન બોલ છાતીના ભાગે વાગ્યા બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. જેમાં પ્રાથમીક રિપોર્ટમાં બ્રેનહેમરેજ થવાના કારણે તેમનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. તેમની આંખોનું દાન કરવાનું હોવાથી તેમના મૃતદેહને સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં તેમની ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું.

### કાપડ કંપનીઓને ઉત્પાદનની વ્યૂહ રચના-નીતિઓ સુધારવાની ફરજ પડી

# કપાસના ભાવમાં અનિયમિતતા આવતા ગુજરાતનો ટેક્સટાઈલ્સ ઉદ્યોગ મુશ્કેલીમાં

**સમય મિરર | અમદાવાદ**

કપાસ એ ભારતમાં ટેક્સટાઇલ્સમાં સૌથી મહત્વનો કાચો માલ છે, પણ ચોમાસાની અસ્થિરતા, પાકની અનિશ્ચિતતા તથા આંતરરાષ્ટ્રિય વેપારને લીધે કપાસ હાલમાં ભાવમાં અનિયમિત વધઘટનો ભોગ બન્યો છે. સિન્થેટિક ફાઈબર્સના પૂરવઠામાં પણ કેટલાક આંચકા તથા ભાવ દબાણનો સામનો કરવામાં આવ્યો હતો, જે મુખ્યત્વે ક્રુડઓઈલના ભાવની વધઘટને આધારીત છે, તેના લીધે પોલિસ્ટર પર તથા તેના સહાયક વર્ગને પણ અસર થાય છે.

આ બધી અસ્થિરતા સ્પિનિંગ, વણાટ અને ગાર્મેન્ટિંગમાં માર્જિનને મર્યાદિત કરી રહી છે, ખાસ તો, ફિક્સ્ડ કોન્ટ્રાક્ટ કે પછી ઓછા ખર્ચે ઈનપુટ્સ આપવા પર કામ કરતા સહયોગીઓ માટે મુશ્કેલી ઉભી થાય છે અને નરમ માંગ જેવું વાતાવરણમાં મુશ્કેલી વધારે છે.યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન જેવી મહત્વની બજારોમાં ફુગાવાનું દબાણ, ગ્રાહકોનો સંતોષ અને વપરાશની પેટર્ન પણ વિવેક જોવા મળી રહ્યો છે, તો આ પરિવર્તન અનુભવવાને લીધે - આ બધાએ ભારતીય વસ્ત્રો અને કાપડ લેવા પર નકારાત્મક અસર કરી છે. કેટલાક પ્રદેશમાં જીઓપોલિટિકલ તનાવ, વેપારમાં વિક્ષેપ તથા સંરક્ષણવાદ જેવી બાબતો પરિસ્થિતિ વધુ બગાડી રહ્યા છે. આર્થિક તથા વેપારમાં તનાવ ઉપરાંત, ટેક્સટાઈલ વેલ્યૂ ચેઈનની માન્યતા અને ટકાઉપણા પર દબાણ વધી રહ્યું છે. વૈશ્વિક ખરીદદારો અને કપડાની બ્રાન્ડ્સ ટ્રેસેબલ, નૈતિક તથા પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનની માંગ કરી રહ્યા છે.આનાથી ભારતીય કાપડ કંપનીઓને તેમની ઉત્પાદન વ્યૂહરચનાઓ અને નીતિને ફરીથી સુધારવાની ફરજ પડી છે. લિલોતરી, પાણી અને રસાયણ બચત અને ઈએસજી (પર્યાવરણ, સામાજિક અને શાસન)ના વિચારોને અપનાવવા તરફનો પ્રયત્ન વેગ પકડી રહ્યો છે. ત્યારે જેટલો સમય અને મૂડી-સઘન બજારમાં ફરી રહી છે, તે વૈશ્વિક બજારમાં લાંબા ગાળાની સ્પર્ધાત્મકતા માટે જરૂરી છે. ટેકનોલોજી અપગ્રેડેશન ચાલી રહ્યું હોવા છતા પણ સમગ્ર વેલ્યૂ ચેઈનમાં તે એકતરફી જોવા મળી રહ્યું છે. સ્પિનિંગ ઉદ્યોગે ઓટોમેશન અને કાર્યક્ષમતામાં ઘણી પ્રગતિ કરી છે, ત્યારે પ્રોસેસિંગ, ફિનિશિંગ અને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ જેવા ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગોમાં હજી પણ ઘણી ખાલી જગ્યા પડી છે. આમાં સ્પાસ્મોડિક ગુણવત્તા ચકાસણી, જૂની મશીનરી અને ડેટા-આધારિત પ્રક્રિયાઓના અભાવનો પણ સમાવેશ થાય છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ - જેમાં એઆઇ-આધારિત આગાહી, હોશિયારીપૂર્વકનું ઈન્વેન્ટરી મેનેજમેન્ટ અને બ્લોકચેન-આધારિત પારદર્શિતાનો સમાવેશ થાય છે - તો, હવે કોઈ વિકલ્પ નથી. તે માત્ર વધુ કાર્યક્ષમતા માટે જ નહીં પરંતુ વૈશ્વિક સ્ટેકહોલ્ડર્સની બદલાતી માંગણીઓને પૂર્ણ કરવાના પ્રયાસ પણ જરૂરી છે. ભારતીય ટેક્સટાઈલ્સ ઈકોસિસ્ટમ પોતાને માત્ર જથ્થાબંધ સપ્લાયર તરીકે જ નહીં, પરંતુ ગુણવત્તા, પાલન અને ઝડપી ઉત્પાદન પણ કરવું જોઈએ.

# ગુજરાતના આઠ પ્રોબેશ્નરી IAS અધિકારીઓ મુખ્યમંત્રીની મુલાકાતે

## વિવિધ મુદ્દે CM સાથે વાર્તાલાપ કર્યા

**સમય મિરર | ગાંધીનગર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ૨૦૨૪ની બેચના ગુજરાતને ફાળવાયેલા ૮ યુવા પ્રોબેરી આઈ.એ.એસ. અધિકારીઓએ ગાંધીનગરમાં લીધી હતી. આ પ્રોબેશ્નરી આઈ.એ.એસ. અધિકારીઓ રાજ્યના ખેડા, અમરેલી, કચ્છ, રાજકોટ, ભરૂચ, તાપી, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાં સુપરન્યુમરી આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂંક માટે ફાળવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોબેશ્નરી આઈ.એ.એસ. અધિકારીઓને માર્ગદર્શન આપતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના વિકાસના રોલ મોડલ રાજ્ય એવા ગુજરાતમાં જન સેવાની તેમને જે વિશિષ્ટ તક મળી છે તેને અમૃતકાળમાં વિકસિત



ભારત માટે વિકસિત ગુજરાત બનાવવા આ યુવા અધિકારીઓ પોતાનુ સંપૂર્ણ યોગદાન આપીને ઉજાગર કરશે એવો તેમને વિશ્વાસ છે.

આ શુભેચ્છા મુલાકાત વેળાએ મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, વહિવટી સુધારણા અને તાલિમ પ્રભાગના અગ્ર સચિવ હારીત શુક્લ અને મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ ઉપસ્થિત રહ્યા હતાં.

# અમરેલીમાં નાર્કોટિક્સ સ્નિફર ડોગે ગાંજાના જથ્થા સાથે એકને ઝડપ્યો

## ૧.૩૯૪ કિલો ગાંજા સાથે ૫૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરતી SOG

**સમય મિરર | અમરેલી**

અમરેલી શહેરમાં સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચે નાર્કોટિક્સ સ્નિફર ડોગ ડમીની મદદથી મોટી સફળતા મેળવી છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચના હેઠળ, પી.આઈ. આર.ડી. ચૌધરીની ટીમે હનુમાનપરા મેઈન રોડ પર આવેલ પાઠક સ્કૂલની બાજુમાંથી આરોપીની ધરપકડ કરી છે.

ખાનગી બાતમીના આધારે કરવામાં આવેલી રેડમાં ગૌરાંગભાઈ રણછોડભાઈ જોષીને ૧.૩૯૪ કિલોગ્રામ સૂકા ગાંજા સાથે પકડી પાડવામાં આવ્યા છે. આ ગાંજાની કિંમત રૂ. ૧૩,૯૪૦ આંકવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ અને બાઈક સહિત કુલ રૂ. ૫૪,૧૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



પૂછપરછ દરમિયાન આરોપીએ અરવિંદભાઈ કુંભારનું નામ જાહેર કર્યું છે, જેને પકડવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. સમગ્ર કેસ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો છે. આ ઓપરેશનમાં સંજયભાઈ પરમાર, યુવરાજસિંહ સરવૈયા, નાજભાઈ પોપટ, રાઘવેન્દ્રભાઈ ધાધલ, જીજ્ઞેશભાઈ પોપટાણી, અરવિંદભાઈ ચૌહાણ, સ્વાગતભાઈ કુંવરિયા, રાહુલભાઈ મહેતા અને સાહિર ડોગ ટીમનો સમાવેશ થાય છે.

### સોમવાર, બુધવાર અને શુક્રવારે સ્પર્ધા યોજાશે

# ઊનાના શિક્ષક દ્વારા વેકેશનમાં વાંચનવીર સ્પર્ધાનું આયોજન કરાયું

**સમય મિરર | ઉના**

હાલ તમામ શાળાઓમાં વેકેશન ની રજાઓ માણવા બાળકો વાલીઓ પોત પોતાના પ્રવાસ આયોજન બનાવી લીધાં છે ત્યારે ઉના નાં સોનારી ગામ ની સરકારી પ્રાથમિક શાળા નાં શિક્ષક દ્વારા પોતાના ગામ નાં બાળકો માટે વેકેશન વાંચન વીર સ્પર્ધા નું બેસ્ટ આયોજન આચાર્ય નાં આચાર્ય નાં માર્ગદર્શન હેઠળ ગોઠવી છાત્રો ને વિજ્ઞાન ટેક્નોલોજી ના આ યુગમાં મોબાઈલ થી દુર રાખવા લાઈબ્રેરી નાં માધ્યમ થી વાંચન લેખન ક્ષેત્રે શોક બાળકો માં રૂચિ થાય તેવાં પ્રયાસ કરી રહ્યા છે

હરખઘેલા માતાપિતા પણ પોતાના બાળકોને હોંશે હોંશે મોબાઈલ પકડાવી ગૌરવની લાગણી અનુભવતા નજરે ચડે છે ત્યારે ઉના તાલુકાની સોનારી પ્રાથમિક



શાળાના આ.શિ. ભરતકુમાર શિંગડ દ્વારા બાળકો માટે વાંચનવીર સ્પર્ધાનું અનોખું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં બાળકો ને અઠવાડિયામાં ૩ દિવસ સોમવાર, બુધવાર અને શુક્રવારે લાઈબ્રેરીના પુસ્તકો લેવા શાળા એ આવી શકે છે. જે પુસ્તક બાળક લઈ જાય તે ઈસ્યુ રજીસ્ટરમાં નોંધ કરી આપવામાં આવે છે બાળકોએ પણ પોતે વાંચેલ પુસ્તકોનું લિસ્ટ બનાવવાનું જેમાં પુસ્તકનું નામ, લેખકનુ નામ, કિંમત, પેઈઝની સંખ્યા અને રીવ્યુ લેનાર શિક્ષકની સહીની નોંધકરાવે છે.

# ગુજરાત સરકાર દ્વારા ૪૩૧ કરોડના ૭૬,૪૦૦ મેટ્રીક ટન ચણાની ખરીદી

## સરકારે અત્યાર સુધીમાં ૧૦૦ કરોડની ચૂકવણી ખેડૂતોને કરી

**સમય મિરર | ગાંધીનગર**

ગુજરાતમાં રાજ્ય સરકારે ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ કરી હતી. રાજ્ય સરકારે કુલ ૪૩૧ કરોડની ૭૬૪૦૦ મેટ્રિક ટન ચણાની ખરીદી કરી છે. આ ખરીદીમાં સરકારે ખેડૂતોને ૧૦૦ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. ૧.૧૪ લાખ ખેડૂતોને ચણાની ખરીદી માટે મેસેજ મોકલવામાં આવ્યા હતા. રાજ્યમાં હાલમાં ૧૨૮ કેન્દ્રો પર ટેકાના ભાવે ચણાની ખરીદી ચાલુ છે.

ગુજરાત સરકારે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણાની ખરીદી શરૂ કરી છે. અત્યાર સુધીમા રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી ૪૩૧ કરોડની ૭૬૪૦૦ મેટ્રિક ટન ચણાની ખરીદી છે. આ ખરીદી માટે સરકારે ખેડૂતોને ૧૦૦ કરોડની ચૂકવણી પણ કરી છે. ચણાની ખરીદી માટે સરકાર દ્વારા



૧.૧૪ લાખ ખેડૂતોને મેસેજ મોકલાયા હતાં. ચણાની ખરીદી માટે ૩.૩૩ લાખ ખેડૂતોએ નોંધણી કરાવી હતી. ૨૧ એપ્રિલથી ૯૦ દિવસ માટે આ ખરીદી શરૂ કરવામાં આવી છે. હાલમાં રાજ્યમાં ૧૨૮ કેન્દ્રો પરથી ચણાની ખરીદી ચાલી રહી છે.

ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ.આશા યોજના હેઠળ ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ગુજરાતમાં ૨૧ એપ્રિલથી ચણાની ખરીદી શરૂ કરવામાં આવી હતી.ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવિ સિઝન દરમિયાન ચણા માટે અગાઉ રૂ.૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો હતો.

# પોરબંદરમાં કોળી સમાજ આયોજીત ભાગવત કથામાં સર્વજ્ઞાતિની ૩૫ કન્યા લગ્નગ્રંથીથી જોડાઈ

## આયોજકો દ્વારા દાતાઓનું સન્માન કરાયું : વિવિધ કાર્યક્રમોની ઉજવણી

**સમય મિરર | ગોસા (ઘેડ)**

શ્રી કોળી સેવા સમિતીના આયોજકો દ્વારા સૌરાષ્ટ્ર-પોરબંદરના ઇતિહાસમાં પ્રથમ વખત શ્રીમદ્ ભાગવત કથા અને રૂકમણી વિવાહ સાથે સર્વ જ્ઞાતિય ૩૫ દિકરીઓ માટે સમૂહ લગ્નોત્સવનું આયોજન તા. ૧૦-૦૫-૨૦૨૫, શનિવારના રોજ કરવામાં આવેલ હતું.

આ એક અનેરું આયોજન એટલા માટે કહેવું સત્ય રહેશે કે આજે છગનભાઈ કરગઠીયાના પુત્ર ચી. હિતેશ અને ચનાભાઈ ખાખસની પુત્રી ચી. અનીતા ચનાભાઈ એ રૂકમણી અને શ્રી કૃષ્ણ સ્વરૂપે પ્રભુતાના પગલાં પડ્યા હતા.

શ્રીમદ્ ભાગવત કથામાં દિકરી અને દિકરાએ શ્રીકૃષ્ણ-રૂકમણી સ્વરૂપે પરણાવતા આ પ્રસંગ ભવ્ય ઉત્સવમાં ફેરવાય ગયો હતો. શ્રીમદ્ ભાગવત




સપ્તાહ દરેક હિંદુઓ માટે ધાર્મિક આશ્થાનું કેન્દ્ર બિંદુ સમાન સાત દીવસીય ધાર્મિક ઉસત્વ છે. ત્યારે આ શ્રીમદ્ ભાગવત કથા માં આવતા વિવિધ પ્રસંગો માં ખાસ તો કૃષ્ણ જન્મોસત્વ અને શ્રીકૃષ્ણ - રુક્મણી ના વિવાહ નો પ્રસંગ અનેરી રીતે ઉજવાતો હોય છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મણીજીના લગ્ન પ્રસંગ હોય અને બીજી બાજુ આ પ્રસંગે સર્વે જ્ઞાતિ ની દીકરીઓ પોતાના મનના માણીગર ભરથાર સાથે સપ્ત પદીના સાત ફેરા ફરતા હતાં એ એક સામાજીક અને ધાર્મિક દ્રશ્ય ખડું થયું હતું.

આ સફળ પ્રસંગના સાક્ષી બનાવ વા બદલ ધન્યતા અનુભવીને આયોજકોને આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી કોળી સેવા સમિતિના આમંત્રણને માન આપીને પોરબંદર ના ધારાસભ્ય અર્જુનભાઇ મોઢવાડીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઇ બોખીરીયા, ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ભાઈ ચુડાસમા અને સમાજના અનેક આગેવાનો એ પ્રત્યક્ષ હાજર રહીને દિકરીઓને આશીર્વાદ આપ્યા હતા. કોળી સેવા સમિતી દ્વારા આ ઉત્સવમાં કોઈપણ પ્રકારે સહયોગ આપનાર દરેક સહયોગી અને સહયોગી ગૃપો પ્રત્યે આભાર પ્રગટ કરીને સ્મૃતિ ચિન્હ આપીને સન્માનીત કર્યા હતા.

આ ભગીરથ કાર્યની સફળતાપૂર્વક સંપન્ન થવામાં ભગવાનજી કાનજી ચાવડા-ભગા બાપુ, હિતેશ ચુનીલાલ વાજા, મનોજભાઈ મકવાણા, લાખાભાઈ મોકરીયા, હેમંતભાઈ મોકરીયા, વિરમભાઈ મોકરીયા, દુદાભાઈ બારીયા વગેરે અને સાથે સાથે શ્રી કોળી સેવા સમિતી- મહિલા મંડળની બહેનો ભાવનાબેન ચાવડા, પૂજાબેન સોલંકી, વૈશાલીબેન વાજા, સોનલબેન, રીટાબેન મોઢા, ચેતનાબેન શિયાળ, વગેરે બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદના મેઘાણીનગરમાં રિક્ષા ચાલક અને તેના પરિવાર દ્વારા પોલીસ કર્મચારી પર હુમલો

## ઉભો રાખતા મામલો બિચક્યો, હું રાવણ છું કહી તૂટી પડ્યા : ચાર સામે ફરિયાદ નોંધાઈ

**સમય મિરર | અમદાવાદ**

મેઘાણીનગરમાં રિક્ષાચાલક રોડ પર સ્ટંટ કરી રહ્યો હતો. જેથી પોલીસે તેને ઉભો રાખી સમજાવવા પ્રયત્ન કર્યો હતો. જો કે, શખ્સે કહ્યું હતું કે હું રાવણ છું તુ મારી રિક્ષા કેવી રીતે ઉભી રખાવી શકે તેમ કહી પોલીસ સાથે માથાકૂટ કરીને તેના પરિવારના સભ્યોને બોલાવ્યા હતા. બાદમાં બે મહિલા સહિત ચાર લોકોએ પોલીસ પર હુમલો કર્યો હતો. આ અંગે પોલીસકર્મીએ ચાર લોકો સામે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી છે.

મેઘાણીનગર વિસ્તારમાં મયૂરભાઇ સોલંકી હેડ કોન્સ્ટેબલ તરીકે પીસીઆર વાનમાં ફરજ બજાવે છે. ગઈકાલે તેઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે રાત્રે ૧૧ વાગ્યે મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે



એક રીક્ષા ચાલક પોતાની રિક્ષાથી સ્ટંટ કરતો હતો તેથી મયૂરભાઇ તેની પાસે ગયા હતા અને તેની રિક્ષા ઉભી રખાવી હતી. અને ચાલકને તું રિક્ષા કેમ આ રીતે ચલાવે છે. આટલું કહેતા રિક્ષા ચાલકે ઉશ્કેરાઇને તુ મને ઓળખે છે હું રાવણ છું અહીંનો દાદો છું, તુ મારી રિક્ષા કેવી રીતે ઉભી રખાવી શકે. પછી તેણે મારા મારી શરૂ કરી હતી. જો કે, મયૂરભાઇએ તેને સમજાવવા પ્રયત્ન કર્યો હતો. તેણે ફોન કરી તેના પત્ની અને બહેન તથા ભાઇને બોલાવી લીધા હતા. આ તમામ લોકોએ પોલીસ સાથે માથાકુટ કરી મારા મારી કરીને તમે પોલીસવાળાઓને છોડીશુ નહિ અને જીવવા નહિ દઇએ જ્યાં મળશો ત્યાં મારી નાખીશુ તેવી ધમકી આપી હતી. જેથી પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરતા પોલીસ ત્યાં આવી હતી. બીજી તરફ પોલીસ આવે તે પહેલાં તેઓ પલાયન થઇ ગયા હતા. આ અંગે મયૂરભાઇએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં કાલુ ઉર્ફેરાવણ પટણી, શ્રાવણ પટણી, રાવણની પત્ની અને તેની બહેન સામે સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં શૈલેષભાઇ દેસાઇ હોમગાર્ડ જવાન તરીકે નોકરી કરે છે. ગઇકાલે રાત્રે નોકરી પર હાજર હતા ત્યારે શ્રાવણ પટણી આવ્યો હતો તેણે જણાવ્યું હતુ કે, હું રાવણનો ભાઇ છું અમે બધા વિસ્તારના દાદા છીએ. તમે પોલીસવાળા અમારા ધ્યાનમાંજ છો તમને દોડાવી દોડાવી મારવાના છે તેમ કહી ગાળો બોલવા લાગ્યો હતો. આ સમયે હોમગાર્ડ જવાનોએ તેને સમજાવવા પ્રયત્ન કર્યો હતો. જો કે, તેમણે ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ રસ્તામાં પડેલ પથ્થર અન્ય હોમગાર્ડ જવાન કિર્તિભાઇને માથામાં મારતા તેઓ બેભાન થઇ ગયા હતા. બૂમાબૂમ કરતા આસપાસના લોકો આવી જતા ત્રણેય શખ્સો ત્યાંથી નાસી ગયા હતા. ત્યારે ઇજાગ્રસ્ત કિર્તીભાઇને ગંભીર ઇજા થતા સારવારઅર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. આ અંગે શૈલેષભાઇએ શ્રાવણ પટણી સહિત ત્રણ શખ્સો સામે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી છે.

# વેરાવળ ખાતે આપાતકાલિન પરિસ્થિતિમાં સ્વબચાવ માટે નાગરિક સંરક્ષણ મોકડ્રિલ યોજાઈ

## ફાયર, આરોગ્ય સહિતના વિભાગોનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન નિહાળી સ્વબચાવની પદ્ધતિઓ વિશે માહિતગાર કરાયાં

**સમય મિરર | વેરાવળ**


તસવીર : મીલન ઠકરાર

પ્રવર્તમાન સ્થિતિને અનુલક્ષી વહીવટી તંત્ર દ્વારા વેરાવળ ખાતે સરદારસિંહ રાણા (કે.સી.સી ગ્રાઉન્ડ) ખાતે એન.સી.સી. કેડેટ્સ અને સામાન્ય નાગરિકો માટે આપાતકાલીન પરિસ્થિતિમાં કઈ રીતે વિપરીત પરિસ્થિતિનો સામનો કરી શકાય તે માટેની સિવિક ડિફેન્સની સમજ આપતી નાગરિક સંરક્ષણ મોકડ્રિલ જિલ્લા કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

સ્કૂલ, કોલેજના વિદ્યાર્થીઓમાં 'એકતા અને અનુશાસન'ના પાઠ ભણાવતી દેશની સૌથી મોટી સૈન્ય તાલીમ આપતી સંસ્થા એટલે નેશનલ કેડેટ્સ કોર્પ્સ. કેડેટ્સ જવાબદાર નાગરિક, નિયમ પાલન અને રાષ્ટ્ર ધર્મ સાથે સેના અને સમાજને જોડતી કડી છે. કેડેટ્સમાં એકતા, અનુશાસન અને લીડરશીપના ગુણોની કેળવણી સાથે વહીવટી તંત્રના વિવિધ વિભાગોના સંકલન અને કામગીરીથી માહિતગાર થાય તે માટે સિવિક ડિફેન્સની સમજ આપતી તાલિમ યોજાઈ હતી.

આ તાલિમ પ્રવૃત્તિમાં મિસાઇલ હૂમલા અથવા હવાઈ હૂમલા જેવા સંજોગો દરમિયાન ઉપસ્થિત સર્વે કેડેટ્સ તેમજ નાગરિકોને ક્રાઉલિંગ (સૂઈ જવું), સાંકડી અને ઓછામાં ઓછી જગ્યા હોય તો બચવા માટે કૂકડૂક સ્ટાઈલ, ફાયરમેન લિફ્ટ, વધુ વજન ધરાવનાર વ્યક્તિઓને ઊંચકવા ટૂ-મેન લિફ્ટ, ઈમર્જન્સી કોલ એક્ટિવ કરવા સહિત તાત્કાલિક સ્થિતિમાં ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપવા માટે શું કરવું અને શું ન કરવું તેની સમજ આપવામાં આવી હતી.

# સાવરકુંડલામાં માવઠાથી નાવલી નદી બે કાંઠે




**સમય મિરર | સાવરકુંડલા**

સાવરકુંડલા ખાતે આવેલ નાવલી નદી પર તાત્કાલિક હનુમાનજી આશ્રમ નજીકનો ચેક ડેમ છેલ્લા ઘણા દિવસથી થયેલા કમોસમી વરસાદના કારણે ઓવરફ્લો થયો છે. ભારે વરસાદના પગલે નાવલી નદી તેના બંને કાંઠે વહી રહી છે. આમ છેલ્લા એકાદ અઠવાડિયાથી બપોર પછી પવન સાથે વરસાદ ખાબકતાં આને માવઠું કહેવું કે ચોમાસુ?

# સાવરકુંડલાના કેવડાપરા નજીક ગેસનો બાટલો લીકેજ થતાં આગ : બે લોકો દાઝ્યા

## ઘાયલોને સારવારમાં ખસેડાયા : જાનહાની ટળતા તંત્રએ રાહત અનુભવી

**સમય મિરર | સાવરકુંડલા**



સાવરકુંડલા શહેરના કેવડા પરા વિસ્તાર નજીક આવેલા દેવીપૂજક વાસમાં આજે એક દુઃખદ ઘટના બની હતી. અહીં રહેતા ગરીબ પરિવારના શ્રી કિશોરભાઈ રાજુભાઈ જીપલોટના ઘરે ઇન્ડિયન ગેસનો બાટલો ચાલુ કરતી વખતે અચાનક લીકેજ થતા ભયંકર આગ લાગી ગઈ હતી. આ આગ એટલી વિકરાળ હતી કે ગણતરીની પળોમાં જ ઘર તેમજ ઘરમાં રાખેલો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની જવાળાઓ આસપાસના વિસ્તારમાં પણ ફેલાઈ જવાની ભીતિ સેવાઈ રહી હતી, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આ દુર્ઘટનામાં કિશોરભાઈના પરિવારના બે સભ્યોને હાથ અને પગના ભાગે સામાન્ય દાઝ્યા હતા. તેઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી આ ઘટનાની જાણ થતા જ વોર્ડ નંબર ૯ ના કાઉન્સિલર રમેશભાઈ ચૌહાણ અને અનિલભાઈ ગોહિલે તાત્કાલિક સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને જાણ કરી હતી. ત્વરિત કાર્યવાહી કરતા નગરપાલિકાના ફાયર બ્રિગેડના કર્મચારીઓ જયરાજભાઈ ખુમાણ, કૌશિકભાઈ તેમજ અજીતભાઈ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડની સમયસરની કાર્યવાહીને કારણે મોટી જાનહાનિ ટળી હતી. ફાયર સુપરવાઇઝર શ્રી જયરાજભાઈએ તાત્કાલિક એરો ગેસ એજન્સીના માલિક બબાશેઠને આ ઘટના અંગે જાણ કરી હતી. જેના પગલે એરો ગેસ એજન્સીના કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને લીકેજ થયેલો તેમજ અન્ય એક એમ કુલ બે ઇન્ડિયન ગેસના બાટલા કબજે લીધા હતા. ગેસ લીકેજનું ચોક્કસ કારણ જાણવા માટે એજન્સી દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ગેસ સિલિન્ડરની સલામતીને લઈને અનેક સવાલો ઉભા થયા છે. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ આગના કારણે કિશોરભાઈના પરિવારને ભારે આર્થિક નુકસાન થયું છે.આ ઘટનાની સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે

# ઉના મુસ્લિમ સમાજના અગ્રણીની બન્ને પુત્રીઓ બોર્ડ પરીક્ષામાં ઝળકી

## અફસીને ધો. ૧૦માં મેળવ્યા ૯૭.૬૮ PR

**સમય મિરર | ઉના**



ઉનાનાં મુસ્લિમ સમાજ પંચ નાં સભ્ય સાજીદ ભાઈ કુરૈશી તેમજ નિવૃત તલાટી મંત્રી કુરૈશી ભાઈ ની પૌત્રી દ્વારા તાજેતરમાં લેવાયેલી ધોરણ ૧૦ એસ એસ સી ની પરીક્ષા માં સારા રેન્ક સાથે પરીક્ષા માં ઉણિત થતાં મુસ્લિમ સમાજ અને શાળા નું નામ રોશન કર્યું છે. મહુવા ખાતે આવેલી જાફરી સ્કૂલ માં ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી અફસીન સાજીદ ભાઈ એ તાજેતરમાં લેવાયેલી ધોરણ ૧૦ ની પરીક્ષા માં ૯૭.૬૮ પર્સનલ રેન્ક મેળવી એ ગ્રેટ સાથે શ્રેષ્ઠ દેખાવ કરી મુસ્લિમ સમાજ નું ગૌરવ વધાર્યું હતું તેમજ તેમના કાકા હાજી જહીર ભાઈ ઈસ્માઈલ ની પુત્રી સુહાની એ ૭૪.૬૮ રેન્ક મેળવી પાસ થતાં બન્ને દિકરી નાં ઉત્કૃષ્ટ પરફોર્મન્સ સમાજ ની અન્ય ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી દિકરી માટે પ્રેરણા શોષ બની છે અંત્રે ઉલ્લેખનિય છે કે ઉના શહેરમાં વર્ષો સુધી તલાટી મંત્રી તરીકે સેવાઓ આપી ચુકેલા સ્વ ઈસ્માઈલ ભાઈ કુરેશી ની બન્ને પૌત્રી હાલ ઉચ્ચ શિક્ષણ મેળવી રહીં છે અને સંસ્કાર સાથે દિન દુનહીવ તાલીમ મેળવી અન્ય દિકરીઓ પણ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા આગળ આવે અને માતાપિતા દિકરીઓ ને પ્રોત્સાહિત કરે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ઊના, ગીરગઢડામાં કમોસમી વરસાદનાં કારણે થયેલ પાક નુકસાનનું વળતર ચુકવવા માંગણી

## તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ડેપ્યુટી કલેકટરને આવેદનપત્ર આપી સર્વે કરાવવા રજુઆત કરી

**સમય મિરર | ઊના**



ગીર સોમનાથ જિલ્લા નાં ઉના ગીરગઢડા તાલુકા માં અચાનક ફુંકાયેલા માવઠાથી પડેલાં ભારે વરસાદ અને પવન નાં કારણે બાગાયતી ખેતી કેસર કેરી તેમજ તલ બાજરા ડુંગળી અને બંદરો પર ડ્રાઈ ફીસ ને થયેલાં નુકસાન નું તાત્કાલિક અસરથી સર્વે કરીને વળતર ચુકવવા ઊના ગીરગઢડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાન્ત અધિકારી ને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી

તાજેતરમાં સમગ્ર રાજ્યમાં તીવ વાવાઝોડા સાથે ભારે વરસાદ પડેલ છે. ગીર સોમનાથ જીલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં પણ વાવાઝોડા સાથે પડેલ ભારે કમોસમી વરસાદને કારણે ઉનાળું પાક જેવા કે, તલ, બાજરી, મગ, ડુંગળી અને કેરીના પાકને અને ઘાસચારાને ભારે નુકસાન થયું છે. જેનાં કારણે ખેડૂતોને ખુબ આર્થિક નુકસાની વેઠવી પડી છે જગત નાં તાત ચિંતિત હોય મોંઘા ભાવ ના બિયારણ ખાતર અને જંતુનાશક દવા નાં ખર્ચ માથે પડતાં ખેડૂતોના તૈયાર પાકો અને ખેતરમાં ઉભા નાશ થતાં હાથમાં આવેલ કોળીયો છીનવાઈ જતાં દેણા માં ડુબી રહ્યો છે વર્ષ માં એક વખત આવતી કેસર કેરી નાં પાકોને જે નુકસાની થયેલ છે .

ઈજારાદારો ને પણ આ બાગો માં આવેલાં કેરી નાં બગીચા માં કેરી ખરી જતાં તેમજ બંદરો પર શુકકી ફિશ નાસ થતાં વેપારી ને પણ ફટકો પડ્યો હોય તેનો તાત્કાલિક સર્વે કરાવી ઉના અને ગીર ગઢડા તાલુકામાં નુકશાની પામેલા ખેડૂતો ને કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત વિસ્તારો-લોકોનો સર્વે કરાવી સત્વરે સહાય ચુકવવા ની કાર્યવાહી હાથ ધરવા ઉના કોગ્રેસ સમિતિ પ્રમુખ ધીરૂભાઇ સોલંકી તેમજ ગીર ગઢડા કોગ્રેસ સમિતિ પ્રમુખ મનસુખભાઇ ભેસાણીયા શહેર કોંગ્રેસ પ્રમુખ ગુણવંતભાઇ તળાવીયા, કાનજીભાઈ સાખટ તેમજ કોંગ્રેસ અગ્રણી આગેવાનો દ્વારા રાજ્ય નાં કૃષિમંત્રી રાઘવજી ભાઈ પટેલ ને સંબોધન કરી પ્રાન્ત અધિકારી મારફતે આવેદનપત્ર આપ્યું હતું.

# ગીર સોમનાથ સાંપ્રત ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગો માટે રોજગાર કેમ્પ યોજાયો

## ૧૫૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

**સમય મિરર | વેરાવળ**


તસવીર : મીલન ઠકરાર

ગીર સોમનાથ સાંપ્રત એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન કરવામાં આવેલ જે કાર્યક્રમ સ્મિત મહિલા હોસ્પિટલ બાજુમાં, જૈન દેરાસર, ખાતે રાખવામા આવેલ હતો.

આ સ્વરોજગાર કેમ્પનું ઉદઘાટન અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ ના ડેપ્યુટી ડાયરેક્ટર કિન્નરીબેન દેસાઈ, રોજગાર અધિકારી સંગીતાબેન તેમજ જૈન દેરાસરના પ્રમુખ જાગેશભાઈ ચોવટિયા, સુરેશભાઈ કંપાણી, દિનેશભાઈ, તથા અનીશભાઈ રાચ્છ વગેરે ઉપસ્થિત રહી કેમ્પનું ઉદઘાટન કરવામાં આવેલ અને દીપ પ્રાગટ્ય દિવ્યાંગ ભાઈ બહેનો ના હસ્તે કરવામાં આવેલ સાથે સાથે સમગ્ર ગીર સોમનાથના દિવ્યાંગો તેમજ આજુ બાજુના દિવ્યાંગો જે સ્વરોજગાર કરવા માંગતા હોય તેવા લગભગ ૧૫૦ થી વધારે દિવ્યાંગોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

કેમ્પમાં જે દિવ્યાંગો સ્વરોજગારી કરવા માગતા હોય તે તમામ દિવ્યાંગોનું એસેસમેન્ટ કરવામાં આવેલ અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઇ પરમાર તથા તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ હોવાનું એક યાદીમાં જણાવ્યું છે.

# માંગરોળ એસ.એસ.એજ્યુકેશનલ એકેડમીનો વાર્ષિક ઉત્સવ અને તેજસ્વી તારલાઓનું સન્માન

## મોબાઈલ દૂષણ, ખોટા ખર્ચાઓ અને શિક્ષણ પ્રેરક નાટકો રજૂ કરી સંદેશ અપાયો

**સમય મિરર | માંગરોળ**


તસવીર : યુસુફ ચુડલી માંગરોળ

માંગરોળ એસ. એસ. એજયુકેશનલ એકેડમી નો વાર્ષિક ઉત્સવ રંગેચંગે ઉજવાયો હતો. આ તકે માંગરોળની તમામ મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ગત વર્ષે સારા ગુણથી ઉત્તીર્ણ થનારા એસએસસી, એચએસસી, સ્નાતક, અનુસ્નાતક, વકીલ, ડોક્ટર સહિતની પદવી પ્રાપ્ત કરનારા તમામ મુસ્લિમ સમાજના ૧૩૦ તેજસ્વી તારલાઓ ને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. જેમા સ્કૂલની બાળાઓ અને બાળકોએ વર્તમાન પરિસ્થિતિ સંલગ્ન અનેકવિધ કાર્યક્રમો રજુ કરી સમાજ સુધારણા માટે વિશેષ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો. સમાજમાં પ્રવર્તતી દેખાદેખી મા થતા ખોટા ખર્ચાઓ, મોબાઈલ દૂષણો તેમજ શૈક્ષણિક જાગૃતતા ઉજાગર કરવા સુંદર નાટક રજુ કરાયા હતા. આ તકે માંગરોળ ઘાંચી મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસૈન ઝાલા, જમીયત ઉલેમા-એ-હિંદના સેક્રેટરી અ. રજાક ગોસલીયા, સોયબભાઈ ભાભા, ઈબ્રાહીમભાઈ વરામ, આહમદભાઈ બતક, સુલેમાનભાઈ ચાંદ, આદમભાઈ ભાટા, દાઉદભાઈ ભાટા, હારૂનભાઈ ચુડલી, સહીતની શહેરની નામાંકિત હસ્તીઓ તેમજ કલોલના સૈયદ સાદીકભાઈ, રીયાજભાઈ પઠાણ, ચૌહાણ સિકંદરભાઈ, નાગોરી જાનમુહમ્મદ, સૈયદ શાકીરભાઈ ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામને નિહાળવા મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષો ઉમટી પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંચાલક ઉષ્માનભાઈ ભટ્ટુ, ઉબેદૂલ્લાહભાઈ જાડલા, હસનભાઇ કોતલ અને શાળાના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

### સિદી બિલાલી જમાત અને યંગ કમિટિ દ્વારા

# વેરાવળમાં યોજાયેલ સમુહલગ્નમાં ૧૦ દંપતીએ પ્રભુતામાં પગલાં માંડ્યા



**સમય મિરર | વેરાવળ**

વેરાવળ ખાતે આઈ ડી ચૌહાણ સ્કૂલની પાછળના ગ્રાઉન્ડમાં સિદી બિલાલી જમાત અને યંગ કમીટી દ્વારા ૧૨ માં વર્ષે સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૦ દંપતીઓએ રિતી રિવાજ મુજબ સાદાઈથી નિકાહ કરેલ હતી.

આજના આ મોંઘવારીમા ગરીબ માતા પિતા પોતાના બાળકની લગ્ન ની ચિંતા થી પિડાતા હોય છે ત્યારે આ આયોજકો પોતે માતા પિતા બનીને ધામ ધુમ થી લગ્ન કરાવી આપે છે આ સમુહલગ્ન માં વેરાવળ અને સિદી સમાજના આજુબાજુ રહેતા સર્વ લોકોએ હાજરી આપેલ હતી જેમાં જાંબુરના આગેવાન અબ્દુલભાઈ મસગુલ, ખિલાવડ ના મુખ્તારભાઈ, બોદુભાઈ પોલીસવાળા, તાલાળા ના શકીલ ભાઈ પરમાર સહીતનાએ નવ દંપતીઓને દુઆ આપેલ હતી આ તકે દહેજ ની લોકોએ પ્રશંસા કરેલ હતી, આ સમુહ લગ્નોત્સવ સફળ બનાવવા મહિનાઓથી મહેનત કરતા હતા સિદી વેરાવળ પ્રમુખ હુશેન ચાંદ એસ.પી, ઉપપ્રમુખ હનીફ રશીદ અન્ટુ અને હાસમ ભાઈ મુસાગરા દ્વારા તમામ લોકો માટે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલાના લોહાણા બોર્ડિંગમાં વન નેશન, વન ઈલેક્શનનો સેમિનાર યોજાયો

## લાયન્સ ક્લબ અને સદભાવના ગ્રુપના નિષ્ણાંતો દ્વારા માહિતી અપાઈ

**સમય મિરર | સાવરકુંડલા**




સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલ લોહાણા બોર્ડિંગ ખાતે વન નેશન વન ઇલેક્શન સંદર્ભે જાગૃતિ લાવવા માટે સેમિનાર યોજાયો હતો.

સાવરકુંડલામાં લાયન્સ ક્લબ અને સદભાવના ગૃપ દ્વારા વન નેશન વન ઇલેક્શનના સમર્થનમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સાવરકુંડલા શહેર અને તાલુકાના વેપારીઓ, ડોક્ટરો, વકીલો, લોકો અને વિવિધ જ્ઞાતિના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઇલેક્શનની વિસ્તૃત સમજણ આપી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત ચૂંટણી ખર્ચમાં ઘટાડો થશે, સમય અને સંસાધનોની બચત થશે, અને દેશના વિકાસ કાર્યોને વધુ ઝડપથી આગળ વધારશે તેવા વન નેશન વન ઈલેક્શનના ફાયદાઓ અંગે સમજણ આપી હતી. દેશના વિકાસમાં તેની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહેશે. આ નિર્ણયથી ચૂંટણી ખર્ચમાં ઘટાડો થશે અને સંસાધનોની બચત થશે એ લોકતંત્ર માટે ખૂબ મહત્વપૂર્ણ ગણી શકાય. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સદભાવના ગૃપ અને લાયન્સ ક્લબ સાવરકુંડલાના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આ સંમેલનમાં વેપારીઓ, ડોક્ટરો, વકીલો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. અને આ વિચારને સમર્થન આપ્યું હતું.

# કેશોદમાં મહિલાઓ માટે નિઃશુલ્ક ગાયનેક માર્ગદર્શન સેમિનાર યોજાયો

## નિષ્ણાંત તબીબો દ્વારા માહિતી અપાઈ

**સમય મિરર | કેશોદ**




આજરોજ આંબાવાડી વિસ્તારમાં આવેલાં લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે નિશુલ્ક ગાયનેક સેમિનાર નું આયોજન કરવામાં આવેલું હતું. સામાજિક જીવનમાં આદિકાળથી ચાલી આવતી પરંપરાઓ અને કુટુંબ વ્યવસ્થા વચ્ચે આજના આધુનિક સમયમાં ધંધા રોજગાર વ્યવસાય ને કારણે સંયુક્ત કુટુંબ હવે નાનું કુટુંબ સુખી કુટુંબ બની ગયેલ છે ત્યારે ઘર કુટુંબ ની મહિલાઓ ને ઉદભવતી શારીરિક સમસ્યાઓ નો ઉકેલ લાવવા કે માહિતી મેળવવા વિશ્વાસુ અનુભવી પાત્ર શોધવું પડે છે ત્યારે સમાજ જ્ઞાતિ દ્વારા બહેનોએ આયોજન કરેલાં બહેનો માટેના કાર્યક્રમમાં વક્તા તરીકે ડો નિશાબેન જોશી , ડો પ્રજ્ઞાબેન ધનેશા તથા ડો શ્રુતિ બેન વણપરીયા ઉપસ્થિત રહ્યા હતાં. ડો રમાબેન દેવાણી એ બહેનોના સામાજિક સમસ્યાઓ અને તેના નિરાકરણ અંગે વિસ્તૃત જાણકારી આપેલી હતી. ડોકટર ઈન્દુબેન જોષી દ્વારા ગીત રજૂ કરેલ હતું ઉપસ્થિત દરેક બહેનો તેમના ગીત થી પ્રભાવિત થયા હતા. બ્રહ્મ સમાજના મહિલા આગેવાન તથા જૂનાગઢ મહિલા મોરચાના મહા મંત્રી મમતાબેન રાવલ, દુર્ગા વાહિની માતૃ શક્તિ તાલુકા પ્રમુખ હેતલબેન દવે,ખાસ ગાંધીનગર થી પધારેલ નયનાબેન રામાણી વગેરે એ મહિલાઓ નો સમાજ, રાષ્ટ્ર ઘડતર માં મહત્વની ભૂમિકા બાબત સમજણ આપેલ કાર્યક્રમ ને સફળ બનાવવા સોનલબેન સોઢા તથા હેપ્પીબેન ધનેશા સહિત બહેનોએ જહેમત ઉઠાવવામાં આવી હતી કાર્યક્રમના અંતે બહેનોને ભેટ સોગાદો આપવામાં આવી હતી.

## કેશ કાઉન્ટર જ નથી, હોસ્પિટલની તમામ સેવાઓ ખૂબ જ વિનમ્રભાવે થતી નિઃશુલ્ક પ્રદાન

# સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની શુભેચ્છા મુલાકાત લેતા લોકગાયક કિર્તીદાન ગઢવી

**સમય મિરર | સાવરકુંડલા**





આજનાં મોંઘીદાટ આરોગ્ય તબીબી તપાસ સારવાર અને દવા સામાન્ય માણસના ઘરનું સંપૂર્ણ બજેટ ખોરવી નાખે છે એવા સમયે કોર્પોરેટ હોસ્પિટલોને ટક્કર મારે એવી આરોગ્ય સેવાઓ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે નિઃશુલ્ક ઉપલબ્ધ છે. અહીં નાતજાતના ભેદભાવ વગર અમીર ગરીબના ભેદભાવ વગર દર્દીને નારાયણનું સ્વરૂપ સમજીને નિદાન સારવાર દવા ઓપરેશન તમામ નિઃશુલ્ક પ્રદાન કરવામાં આવે છે આ બાબત કિરતીદાનભાઈ ગઢવીને ખૂબ સ્પર્શી ગઈ. અને તેના મોંમાંથી આ સંસ્થામાં લોકોને મનભરીને દાન આપવા અપીલ પણ કરી

સાવરકુંડલા શહેરમાં વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે ગતરોજ ગુજરાતના સુપ્રસિદ્ધ લોકગાયક કિર્તીદાનભાઈ ગઢવીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોના દર્દીનારાયણ માટે અહીં તમામ સુવિધાઓ નિઃશુલ્ક ઉપલબ્ધ હોય આ આરોગ્ય મંદિરના મુલાકાત અંગે તેઓ પણ ખૂબ પ્રભાવિત થયા હતા. તેમની સાથે આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો પ્રકાશ કટારીયા તથા અશોકભાઈ ડાભી, અમિતભાઈ જોષી, જસ્મીન રાઠોડ વગરે સ્ટાફ ઉપસ્થિત રહીને હોસ્પિટલની તમામ પ્રવૃત્તિઓની સવિસ્તર સમજ આપી હતી. સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક સહમંત્રી ભરતભાઈ જોષી સમેત તમામ ટ્રસ્ટીગણ આ સંસ્થાની અવિરત પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ રહે છે. પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે આ હોસ્પિટલ દિનપ્રતિદિન શ્રેષ્ઠ ચિકિત્સા તથા નિદાન સારવાર સાથે સતત પ્રગતિ કરી રહી છે.

# કોડીનાર-કૃષ્ણનગર રૂટની એસટી બસ રાબેતા મુજબ ચલાવવા નિર્ણય

## ૮ વાગ્યાના સમયે ચલાવતા મુસાફરોમાં આનંદો

**સમય મિરર | કોડીનાર**

કોડીનાર એસટી ડેપો સંચાલિત દિવસ દરમિયાનની એક માત્ર અમદાવાદની બસ કૃષ્ણનગર કોડીનાર. કે જે બસ સેવા છેલ્લા પચાસ વર્ષથી ખૂબ જ સારા ટ્રાફિક સાથે દોડી રહી હતી. આ બસ સેવા પચાસ વર્ષમાં બાવળા મોડાસા તલોદ અને છેલ્લે કોડીનાર ડેપો દ્વારા સંચાલિત થતી હતી. વહીવટી અનુકુળતા ખાતર કૃષ્ણનગર થી આઠ વાગ્યે ઊપડતી બસ સેવાને બે કલાક વહેલી કરી સવારે છ વાગ્યે ઉપાડવામાં આવી. જેથી કોડીનાર પંથકની પ્રજાને મુશ્કેલીઓ ઊભી થઈ. આ બસ સેવા સાથે કૃષ્ણનગર બગસરા અમદાવાદ થી અમરેલી સુધી તથા વડોદરા ઊના બસ ધંધુકા થી ઊના સુધી સમાંતર ચાલતી હોય. ભવિષ્યમાં કૃષ્ણનગર કોડીનાર બસ સેવા બંધ થવાનું જોખમ તથા અમરેલી થી કોડીનાર માટે બસ સેવાનો સમય પ્રતિકુળ થતાં કોડીનારના એસટી પ્રશ્ને સતતપણે જાગૃત અને એસટી નિગમના હિતેચ્છુ શ્રી અજીતભાઈ ચાવડાએ વિભાગીય નિયામક શ્રી અમરેલી સોલંકી રજૂઆત કરતાં સોલંકીએ તમામ મુદ્દાઓની ઝીણવટભરી તપાસ કરી આ બસ સેવાને કૃષ્ણનગર થી સવારે એક કલાક મોડી ઉપાડવાનો આદેશ કરતાં કોડીનારની પ્રજામાં આનંદ ફેલાયો છે. હવેથી આ બસ કૃષ્ણનગરથી સવારે સાત વાગ્યે ગીતામંદિરથી પોણા આઠે તથા અમરેલી થી બપોરે દોઢ વાગ્યે ઊપડી એજ દિવસે સાંજે પાંચ વાગ્યે કોડીનાર પહોચશે. હાલના સમય ફેરફારથી આ બસ સેવાની આવકમાં પણ વધારો થયેલ છે. આ બસ સેવાનો વધુમાં વધુ લોકો લાભ લે તેવી અપેક્ષા.

# રાજ્યમાં ૬૧ સરકારી સંસ્થાઓમાં ૧૯૨૦ સીટ અને ૯૯૭ ખાનગી સંસ્થાઓ ખાતે કુલ ૪૭,૧૭૦ સીટ સાથે નર્સિંગના વિવિધ કોર્ષ કાર્યરત

## મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં GMERS બનાવવાની કામગીરી શરૂ

**સમય મિરર | રાજકોટ**

ડોક્ટર અને દર્દીને સાંકળતી એક મહત્વની કડી નર્સ છે. કોઈપણ પ્રકારની આરોગ્ય સંબંધી સેવા પુરી પાડવામાં નર્સનો ફાળો ખુબ જ અગત્યનો છે. દર્દીની સારવારમાં નર્સીંગ કેરનો મહત્વનો ફાળો છે. નર્સીંગ કેર એટલે ફક્ત દર્દીને દવા અને ઈન્જેક્શન આપવા એટલું જ નહી પરંતુ નર્સીંગ કેર થકી દર્દીની સારવાર કરતી વખતે હોસ્પિટલમાં ઘર જેવું વાતાવરણ બનાવી આરોગ્ય સંબંધીત શિક્ષણની યોગ્ય સમજણ આપી સારવાર કરવાનો છે.

નર્સીંગની સેવાઓ સુદ્રઢ બનાવી શકાય અને દર્દીઓ સુધી ગુણવત્તાસભર સારવાર પુરી પાડવા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે. રાજ્યમાં સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સેવામાં હાલ ૧૩,૫૦૭ નર્સ ફરજ બજાવી રહી છે.

રાજ્યમાં હાલ કુલ-૬૧ સંસ્થાઓ ૧૯૨૦ સીટ સાથે અને ખાનગી સંસ્થાઓ ખાતે ૯૯૭ સંસ્થાઓ ખાતે કુલ ૪૭,૧૭૦ સીટ સાથે નર્સીંગના જુદા જુદા કોર્ષ ચાલી રહ્યાં છે. જેમાં દર વર્ષે વધારો કરવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યમાં નર્સીંગની સેવાઓ સુદ્રઢ બનાવવા માટે બી.એસ.સી.(ન.)ની ૫૦૦ સીટ અને પાંચ નવી કોલેજોને મંજુરી આપવામાં આવી હતી જેની કામગીરી હાલ ચાલી રહી છે. આ નવી કોલેજ ગુજરાતના મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં બનાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. રાજ્ય સરકાર દ્વારા નર્સીંગની સારવારની ક્ષમતામાં વધારો કરવાના હેતુથી સમયાંતરે આરોગ્યલક્ષી વિવિધ તાલીમ આપવામાં આવે છે. જેનો સીધો લાભ દર્દીઓને આપવામાં આવતી ગુણવત્તાસભર સેવાઓને મળે છે.

આરોગ્ય સેવાઓમાં નર્સના યોગદાનને ધ્યાનમાં લઈને સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૨ મેને 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નર્સીંગ વ્યવસાયમાં રહેલા નાગરિકોના સમર્પણ, સેવા અને મહેનતને બિરદાવાનો છે. આ દિવસ વિશ્વના નર્સો માટે એક ખુબ જ વિશિષ્ટ અને ગૌરવનો દિવસ છે. ૧૨ મેને પસંદ કરવાનો



ખાસ કારણ એ છે કે આ દિવસે જગવિખ્યાત નર્સ અને નર્સિંગ વ્યાવસાયિક પ્રવૃત્તિઓના પાયાના પથ્થર તરીકે ઓળખાતી ફ્લોરેન્સ નાઈટિંગેલનો જન્મદિવસ છે.

૨૦૨૫ના અંતરરાષ્ટ્રીય નર્સ દિવસની થીમ

વર્ષ ૨૦૨૫ માટે ICN દ્વારા અવર નર્સ, અવર ફ્યુચર, ધ ઈકોનોમીક પાવર ઓફ કેર નક્કી કરવામાં આવી છે. આ થીમના માધ્યમથી એ દર્શાવવામાં આવ્યું છે કે નર્સો માત્ર આરોગ્ય જાળવવાની જવાબદારી જ નથી ભજવતા, પણ તેઓ સમગ્ર આરોગ્ય વ્યવસ્થા અને અર્થતંત્ર માટે પણ આધારરૂપ છે. જ્યારે આરોગ્ય સેવાઓમાં યોગ્ય નર્સીંગ સ્ટાફ હોય, ત્યારે સારવારની ગુણવત્તા સુધરે છે, દર્દીઓ ઝડપથી સારાં થાય છે જેથી અર્થતંત્ર પરનો ભાર ઓછો થાય છે. નર્સીસ કોઈપણ પ્રકારની કટોકટીની પરિસ્થિતિ જેવી કે ભુકંપ, કોમી રમખાણો, પુર અને યુધ્ધમાં પણ પોતાના પરિવારની ચિંતા છોડીને રાષ્ટ્રસેવામાં હરહંમેશા ખડેપગે તૈયાર રહે છે. વિશ્વમાં કોરોના મહામારી (COVID-19) દરમિયાન નર્સોની ભૂમિકા વધુ સ્પષ્ટ બની હતી. પોતાનું જીવન જોખમમાં મૂકીને દર્દીઓની સારવાર કરી હતી. PPE કિટ પહેરીને સતત કલાકો સુધી ડ્યૂટી પર રહી, ઘરના સભ્યો સાથે સંપર્ક ઘટાડી મનોબળ સાથે તેમણે ફરજ બજાવી હતી.

## આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ : સેવા અને કરૂણાનું પ્રતિક

નર્સઃ આરોગ્ય ક્ષેત્રનો અદ્દશ્ય પાયો

નર્સો આરોગ્ય વ્યવસ્થાનો એક અનિવાર્ય અને અદ્દશ્ય પાયો છે. ડોક્ટર દર્દીને સારવાર આપે છે, પણ નર્સ તેનું જીવન બચાવવા માટે ૨૪ કલાક તેની સાથે રહી સેવા આપે છે. દર્દીની સંભાળ, સમયસર દવાઓ આપવી, સારવારની પ્રક્રિયા દરમિયાન સતત દેખરેખ રાખવી, અને દર્દી તથા તેના પરિવારજનોને માનસિક સહારો આપી નર્સો એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

નર્સ માત્ર વ્યવસાય નથી, તે એક સેવા છે. માનવતાની ભાવના ધરાવતી વ્યક્તિ નર્સ બની શકે છે. અંતરરાષ્ટ્રીય નર્સ દિન એ માનવ સેવા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનારી વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો દિવસ છે. આજે જ્યારે આખું વિશ્વ આરોગ્ય સેવાની નવી પડકારો સામે ઊભું છે, ત્યારે નર્સોની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની છે.

# શૈક્ષણિક સંસ્થાઓને જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ શરુ કરવા અંગેની અરજી કરવા સૂચના

**સમય મિરર | રાજકોટ**

તા. ૧૨ મે - ગાંધીનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં દરેક જિલ્લામાં ''જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ શરૂ કરવામાં આવનાર છે. જે અંતર્ગત પ્રથમ તબક્કમાં ઝોનમાં ૫ જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ (DLSC) શરૂ કરવા માટે રસ ધરાવતી સરકારી તથા ખાનગી કોલેજો કે અન્ય સંસ્થાઓએ તા.૧૫/૦૫/૨૦૨૫ થી તા.૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ અંગેની ઓનલાઈન અરજી sportsauthority.gujarat.gov.in વેબસાઈટ પરથી કરી શકાશે. અને કોલેજ પસંદગી માટેના ધારા-ધોરણો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નિયત ઠરાવમાં દર્શાવ્યા મુજબના રહેશે. જે અનુસંધાને રાજયની હયાત યુનિવર્સિટી/યુનિવર્સિટીની માન્યતા ધરાવતી કોલેજની જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ તરીકે વિચારણા કરી શકાશે. UGC સાથે સંલગ્ન યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત, બિન અનુદાનિત કે સ્વ-નિર્ભર કોલેજનો સમાવેશ કરી શકાશે. રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૫ એકર જમીનની ઉપલબ્ધિ યુનિવર્સિટી/કોલેજમાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના જિલ્લા રમત સંકુલ નજીકની કોલેજ હોય તો તેને છુટછાટ આપી શકાશે તેમજ ડી. એલ. એસ. એસ. શાળાની નજીકની કોલેજ/યુનિવર્સિટીને અગ્રતા આપવામાં આવશે. ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલ સુવિધા અને પ્રાથમિક ખેલ સુવિધા તેમજ વિકસિત મેદાન ઉપલબ્ધ હોય તે પ્રથમ પસંદગીને પાત્ર રહેશે. ''જિલ્લા કક્ષા સ્પોર્ટસ કોલેજ અંગેનો ઠરાવ sportsauthority.gujarat.gov.in ની વેબસાઈટ પરથી મેળવી શકાશે. તેમ ગાંધીનગર સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલશ્રીની યાદીમાં જણાવાયું છે.

# ભવિષ્યના પડકારો માટે સજ્જ બનતું ગુજરાતઃ ગુજરાતના યુવાનોને 'ફ્યુચર રેડી' બનાવવા માટે હવે અમદાવાદમાં 'આઈ-ફેક્ટરી લેબ'

### ઈન્ડસ્ટ્રી ૪.૦ની ઉભરતી ટેક્નોલોજી અંગેના અભ્યાસક્રમો શીખવા માટે લેબમાં તાલીમ મળશે | વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં આ પહેલ મહત્વપૂર્ણ યોગદાન આપશે

**સમય મિરર | ગાંધીનગર**

૧૨ મે, ૨૦૨૫ઃ કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા ઈન્ડસ્ટ્રી ૪.૦ જેવી ઉભરતી ટેકનોલોજી અંગે રાજ્યના યુવાનોને તાલીમ આપવા ઈન્ડસ્ટ્રી ૪.૦ લેબની શરૂઆત કરવામાં આવી છે. ભારત સરકારના ભારે ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી, કૌશલ્યા યુનિવર્સિટીએ અમદાવાદના કુબેરનગર ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં આ આધુનિક આઈ-ફેક્ટરી લેબનું નિર્માણ કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના યુવાનોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે સતત પ્રયાસો કર્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતે ''ફ્યુચર-રેડી'' હ્યુમન રિસોર્સ વિકસિત કરવા માટે નવીન અને આધુનિક અભિગમ અપનાવ્યો છે. આ લેબના માધ્યમથી વિવિધ અભ્યાસક્રમો દ્વારા ગુજરાતના યુવાનોને રોબોટિક્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), ડેટા એનાલિટિક્સ, અને સાયબર-ફિઝિકલ સિસ્ટમ જેવી ઈન્ડસ્ટ્રી ૪.૦ ટેકનોલોજીની તાલીમ મળશે.



''આઈ-ફેક્ટરી લેબ'' ની ઉપયોગિતા

ઈન્ડસ્ટ્રી ૪.૦ ના અમલીકરણ માટે આ લેબમાં સાયબર ફિઝિકલ સિસ્ટમ્સ, આઈ.ઓ.ટી., રોબોટીક્સને લગતા વિવિધ મોડ્યુલની તાલીમ આપવામાં આવશે. આ લેબમાં પ્રોડક્ટના ઓર્ડરથી લઈ તેના ડીલીવરી સુધીની સમગ્ર પ્રક્રિયા ઓટોમેટીક થાય તે માટેની ટેકનોલોજીની તાલીમ આપવામાં આવશે. તેનાથી ઉદ્યોગોમાં કાર્યરત માનવબળ આ નવીન ટેકનોલોજીથી માહિતગાર થશે. આ લેબના માધ્યમથી વિવિધ ઉદ્યોગો સંબંધિત માનવબળને તાલીમ આપી આ ટેકનોલોજી અપનાવે તે મુખ્ય હેતુ છે. આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક તેમજ ટેકનીકલ સંસ્થાઓના વિદ્યાર્થીઓને પણ તાલીમ આપવામાં આવશે. જેથી રાજ્યના ઉદ્યોગોને જરૂરિયાત અનુસારનું કુશળ માનવબળ મળી રહેશે અને રાજ્યના યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થશે.

આ પ્રયાસો માત્ર તાલીમ પૂરતા નથી, પણ રાજ્યમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉદ્યોગોનું માળખું ઊભું કરવાનું મુખ્ય લક્ષ્ય છે.

વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્રમાં રૂપાંતરિત કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવામાં આ પહેલ સકારાત્મક ભૂમિકા નિભાવશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત આજે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં ૪૦મા સ્થાને પહોંચી ગયું છે. વૈશ્વિક મૂલ્ય શ્રૃંખલાઓમાં ભારતને મહત્ત્વપૂર્ણ કડી બનાવવા માટે ઉદ્યોગો અને સાહસિકો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ઉપરીયાળાની પુત્રીએ SSCમાં ૯૭.૨૭ PR મેળવી ગામનું નામ રોશન કર્યુ



તાજેતરમાં ગુજરાત બોર્ડ દ્વારા ધો. ૧૦નું પરિણામ જાહેર થયું છે ત્યારે મુળ ઉપરીયાળા (જી. સુરેન્દ્રનગર)ના વતની અને હાલ રાજકોટ શહેરમાં વસતા શિક્ષક મહેશકુમાર કે. પરમારની પુત્રી દેવાંશીએ SSC બોર્ડમાં ૯૭.૨૭ PR મેળવેલ છે જેમાં ગણીત વિષયમાં ૯૪, વિજ્ઞાનમાં ૯૬ અને ગુજરાતી તથા અંગ્રેજીમાં ૯૦ ગુણ પ્રાપ્ત કરી પરિવાર અને ગામનું ગૌરવ વધાર્યુ છે. આ તકે શાળા પરિવાર તથા સમગ્ર શિક્ષણ જગતે દેવાંશીને અભિનંદન પાઠવ્યા છે.

# ઓપરેશન 'સિંદૂર'ને અર્પણ લીંબડી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**સમય મિરર | સુરેન્દ્રનગર**

દેશના જવાનો તથા નાગરીકો માટે રક્તની જરૂરિયાત ઉભી થાય તો તેને પહોંચી વળવાના હેતુથી સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં લીંબડી સરકારી હોસ્પિટલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે લીંબડી ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

આ તકે લીંબડી પ્રાંત અધિકારી શ્રી કુલદીપ દેસાઈએ નાગરિકોને વધુમાં વધુ બ્લડ ડોનેશન કરવા અનુરોધ કર્યો હતો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં લીંબડી પ્રાંત અધિકારી કચેરી, મામલતદાર કચેરીના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ સમગ્ર





સ્ટાફગણ, લીંબડી શહેર તથા તાલુકાના નાગરિકો, પોલીસ જવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાઈ હતી. દરેક રક્તદાતાઓને 'ઓપરેશન બ્લડ સિંદુર સર્ટિફિકેટ' આપવામાં આવ્યું હતું. આ તકે પદાધિકારીઓ, પૂર્વ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન શ્રી ભગીરથસિંહ રાણા સહિતના અગ્રણીશ્રીઓ, હોસ્પિટલના સ્ટાફગણ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા

### જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૩૩ મુજબ શિક્ષાપાત્ર થશે

# સુરેન્દ્રનગર જિલ્લામાં ડ્રોન ઉડાડવા જાહેરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

**સમય મિરર | સુરેન્દ્રનગર**

દેશમાં પ્રવર્તતી હાલની પરિસ્થિતિને અનુસંધાને લોકોમાં ખોટો ભય અને જાહેર વ્યવસ્થા ન ખોરવાય તે માટે સુરેન્દ્રનગર જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ શ્રી આર.કે.ઓઝા દ્વારા સમગ્ર જિલ્લામાં તમામ પ્રકારના ડ્રોન ઉડાડવા અને જાહેરમાં ફટાકડા ફોડવા તથા આતશબાજી ન કરવા પર પ્રતિબંધ ફરમાવતું એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામું તા.૨૩/૦૫/૨૦૨૫ સુધી અમલી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૩૩ મુજબ શિક્ષાપાત્ર થશે. જિલ્લાના હેડ કોન્સ્ટેબલ



થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

# પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ આવશ્યક ચીજ વસ્તુઓના ભાવ નિયંત્રણ જાળવવા અને સંગ્રહખોરી ન કરવા પુરવઠા વિભાગનો અનુરોધ

**કોઈ વ્યકિત કે સંસ્થા આવશ્યક ચીજ વસ્તુઓના સંગ્રહ કે જમાખોરીમાં સંડોવાયેલી જોવા મળશે તો આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે**

**સમય મિરર | સુરેન્દ્રનગર**

જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ આવશ્યક ચીજ વસ્તુની સંગ્રહખોરી કરી ભાવોમાં કોઈ વધારો ન થાય તે માટે આવશ્યક ચીજ વસ્તુના વિક્રેતા, રીટેઈલર્સ, પ્રોસેસર્સ, મિલર્સ અને ઈમ્પોર્ટર્સને સૂચના તથા કાયદાકીય નિયમોનું પાલન કરવા ખાસ તાકીદ કરવામાં આવે છે. જો કોઈ વ્યકિત કે સંસ્થા આવશ્યક ચીજ વસ્તુઓના સંગ્રહ કે



જમાખોરીમાં સંડોવાયેલી જોવા મળશે તો તેમના વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આથી તમામ નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓથી ગેરમાર્ગે દોરાવું નહી. જિલ્લા વહીવટીતંત્ર પર વિશ્વાસ સાથે સંપુર્ણ સહકાર આપવા વધુમાં યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટમાં ૧૫ મેના રોજ નાર્કો કો-ઓર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાશે



**સમય મિરર | રાજકોટ**

તા. ૧૨ મે - નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોના સેવનની પ્રવૃત્તિ વિશ્વ સમુદાય સામે પડકારરૂપ છે. રાજકોટ શહેરમાં નશાબંધીને લગતા ગુનાઓ અટકાવવા, તે શહેર પોલીસની પ્રાથમિકતા છે. નાર્કોટીક્સની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ અટકાવવા કાર્યરત કેન્દ્ર તથા રાજ્યના વિભાગો અને એજન્સીઓ સંકલનમાં રહીને સંયુક્ત રીતે કામ કરી શકે, તે હેતુસર NCORD (Narco Coordination Center) કમિશનરેટ વિસ્તારની કમિટી બનાવાઈ છે.

જે અન્વયે રાજકોટની સમિતિની બેઠક ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૧૫ મે, ૨૦૨૫ના રોજ સાંજે ૦૪ કલાકે યોજાશે. જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં પરિણીતાને પતિના શારીરિક અને માનસિક ત્રાસથી ઉગારતી અભયમ ટીમ

**સમય મિરર | રાજકોટ**

તા. ૧૨ મે - ગુજરાત સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન એટલે નારીને નિર્ભયતાનું વચન. રાજકોટ જિલ્લામાં અભયમ ટીમે અનેક મહિલાઓને શારીરિક, માનસિક અને સામાજિક હિંસા સામે સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે. જેનું વધુ એક દ્રષ્ટાંત સામે આવ્યું છે. જેમાં અભયમ ટીમે પરિણીતાને પતિના શારીરિક-માનસિક ત્રાસથી ઉગારી હતી.

રાજકોટ શહેરમાં રહેતા એક દંપતીના લગ્નને અંદાજે ૧૮ વર્ષ થયા છે, તેમને બે સંતાનો છે. પતિ નશીલા પદાર્થના રવાડે ચડી ગયો હતો અને તરૂણ વયના બે પુત્રોની સામે પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. વધુમાં, પત્નીને ઘરખર્ચ માટે નાણા આપવાનું પણ પતિએ બંધ કરી દીધું હતું. જેથી, પત્ની મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતી રહી. બીજી તરફ પત્નીનું અન્ય પુરુષ સાથે નામ જોડી દીધું અને બાળકો સામે શારીરિક સંબંધની માંગણી કરવા લાગ્યો. પીડિતા વિરોધ કરે તો ઘરેથી કાઢી મૂકવાની ધમકી આપી. પતિનો ત્રાસ અસહ્ય બનતાં પત્નીએ પિતાના ઘરે રહેવા જવાનું પણ વિચાર્યું. પરંતુ તેને બે સંતાનોની ચિંતા સતાવતી. આવી પરિસ્થિતિમાં મહિલાએ આખરે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની સહાય લેવાનું નક્કી કર્યું.

પીડિતાએ ૧૮૧ હેલ્પલાઇન પર કોલ કરીને ટૂંકમાં પોતાની આપવીતી જણાવી. આથી, અભયમ ટીમ રૂબરૂ તેની



મદદે આવી. કાઉન્સિલરશ્રી કાજલબેન પરમાર અને પોલીસ કોન્સ્ટેબલશ્રી પાયલબેને દંપતીનું કાઉન્સિલિંગ કર્યું. પીડિતાના પતિને પત્ની અને બાળકોનું મહત્વ સમજાવ્યું અને નશીલા પદાર્થનું સેવન કરવું અને શારીરિક ત્રાસ આપવો, એ કાયદાકીય રીતે ગુનો અને ગુનેગાર સજાને પાત્ર બનતો હોવાની સમજ આપી. અંતે પતિને પોતાની ભૂલ સમજતા, પત્ની અને સંતાનોને કોઈ પણ પ્રકારની હેરાનગતિ કે શારીરિક-માનસિક ત્રાસ નહીં આપવાની ખાતરી આપી હતી. આમ, સમગ્ર મામલાનો સુખદ અંત આવ્યો હતો. આ તકે પરિણીતાએ અભયમ ટીમ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ શહેરમાં ૧૫મી મે સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

**સમય મિરર | રાજકોટ**

હાલના સંજોગોમાં રાજકોટ શહેરમાં ફટાકડા ફોડવા પર શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝાએ પ્રતિબંધ ફરમાવ્યો છે. પ્રવર્તમાન સંજોગોમાં લોકોના જાન-માલની સુરક્ષા માટે




શહેરમાં દિવસ અને રાતે, જાહેર કે ખાનગી સ્થળે કોઈ પણ પ્રકારનું દારુખાનું કે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું ૧૫મી મે, રાતના ૨૪ કલાક સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનારા સજાને પાત્ર થશે.

# નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક તા.૧૭ મે ના રોજ યોજાશે

**સમય મિરર | રાજકોટ**

તા. ૧૨ મે - જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને રાજકોટ જિલ્લા/શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક



યોજાશે. કલેકટર કચેરી સભાખંડ ખાતે તા.૧૭ મે ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યોજાનાર બેઠકમાં સમિતિના તમામ સભ્યોએ સમયસર પહોંચવા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા જણાવાયું છે.

# રાજકોટમાં પૂર્વ પત્નીની હત્યાના કેસમાં હત્યારા પતિને આજીવન કેદ

## સાત વર્ષ પૂર્વે છૂટાછેડા બાદ કેટરર્સ ગયેલી ત્યકતાને બહાર બોલાવી પરાણે સંબંધ રાખવા દબાણ કરી છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું'તું

**સમય મિરર | રાજકોટ**


મરણ જનાર



આરોપી


એડવોકેટ

રાજકોટમાં સાત વર્ષ પૂર્વે છૂટાછેડા બાદ કેટરર્સના કામે ગયેલી પૂર્વ પત્નીનો પીછો કરી પાર્ટી પ્લોટ બહાર બોલાવી સબંધ રાખવા દબાણ કરી છરી વડે જીવલેણ હુમલો કરી હત્યા નિપજાવી હતી. પૂર્વ પત્નીની હત્યાના ગુનામાં સંડોવાયેલા પૂર્વ પતિને અદાલતે આજીવન કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં આવેલા આંબેડકનગરમાં રહેતી દીપિકાબેન રમેશભાઈ સોલંકીના રાજકોટમાં જ રહેતા અશ્વિન ડાયાભાઈ પરમાર સાથે લગ્ન થયા હતા અને દંપતિ વચ્ચે અણ બનાવ બનતા વર્ષ ૨૦૧૮ માં છુટાછેડા થઈ હતા. છુટાછેડા બાદ દીપિકાબેન સોલંકી તેની બહેન આસ્થાબેન સોલંકી સાથે તા.૧૧/૩/૨૦૧૮ ના રોજ કાલાવડ રોડ ઉપર આવેલ જે.એસ. પાર્ટી પ્લોટમાં કેટરર્સના કામે ગઈ હતી ત્યારે પૂર્વ પતિ અશ્વિન પરમાર રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં જે.એસ. પાર્ટીપ્લોટ ખાતે પહોંચ્યો હતો અને બે માસ પૂર્વે જ છુટાછેડા થઈ ગયા હોવા છતાં દીપિકાબેન સાથે સંબંધ રાખવાની જીદ સાથે દીપિકાબેનને ફોન કરી બહાર બોલાવતા દિપીકાબેન તેની નાની બહેન આસ્થાબેન સાથે પાર્ટી પ્લોટની બહાર આવી હતી. દીપિકાબેન પરમાર બહાર આવતાની સાથે જ પૂર્વ પતિ અશ્વિન પરમારે ઝઘડો કરી દિપીકાબેન ઉપર હુમલો કરી વાસા અને પેટના ભાગે છરીના ચાર જેટલા છરીના ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલી દીપિકાબેન પરમારને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગે તાલુકા પોલીસ મથકમાં દીપિકાબેન પરમારની માતાએ અશ્વિન પરમાર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા નજરે જોનાર સહિત કુલ ૧૭ જેટલા સાહેબોની જુબાની લેવામાં આવી હતી અને દીપિકાબેન આપેલ મરણોન્મુખ નિવેદન તેમજ સરકારી વકીલ અને ફરિયાદી પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઇ સેશન્સ કોર્ટે પૂર્વ પત્નીના હત્યારા આરોપી અશ્વિન ડાયાભાઇ પરમારને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા અને મૂળ ફરિયાદી વતી યુવા એડવોકેટ વિવેક એન. સાતા રોકાયા હતા.

# રાજકોટ : એક વર્ષમાં ઝડપાયેલા ૨.૧૪ કરોડના દારૂ-બિયર ઉપર રોલર ફરી વળ્યું



રાજકોટ પોલીસે છેલ્લા ૧ વર્ષ દરમ્યાન પકડી પાડેલા રૂ. ૨.૧૪ કરોડના દારૂ-બીયરનાં જથ્થાનો પોલીસે નાશ કર્યો હતો. રાજકોટનાં સાત હનુમાન નજીક સોખડા પાસે ૧ લાખ દારૂ-બીયરની બોટલોનો પોલીસે નાશ કરી તેના પર રોલર ફેરવી દીધુ હતુ. રાજકોટ પોલીસ દ્વારા શહેરનાં અલગ અલગ પોલીસ મથક અને કાઈમ બ્રાંચ દ્વારા છેલ્લા ૧ વર્ષ દરમ્યાન દારૂ-બીયરનો જથ્થો ઝડપી પાડયો હોય કુલ ૧૮૫ કેસમાં ૧ લાખ જેટલી દારૂ-બીયરનો જથ્થો પોલીસે કબજે કર્યો હતો. જેનો આજે નાકરાવાડી પાસે સરકારી ખરાબામા નાશ કરવામા આવ્યો હતો. પોલીસ અધિકારીઓની હાજરીમા રૂ. ૨.૧૪ કરોડના દારૂ-બીયરનાં જથ્થા પર રોલર ફેરવી દેવામા આવ્યુ હતું. ઝોન-૧ હેઠળ આવતા પોલીસ મથકોમા કુલ ૯૫, જયારે ઝોન-૨ મા આવતા પોલીસ મથકોમા ૭૦ અને ક્રાઈમ બ્રાંચ દ્વારા ૨૦ મળી કુલ ૧૮૫ પ્રોહિબીશનનાં કેસ કરવામા આવ્યા હતા.

### રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર અને ધંધુકામાં થયેલ બાઈક ચોરીના ભેદ ઉકેલાયા

# સૌરાષ્ટ્રમાં બાઈક ચોરી કરી પાર્ટસ વેચી નાંખવાના કૌભાંડનો પર્દાફાશ : ગેરેજ સંચાલક અને રીઢા તસ્કર ઝડપાયા

**સમય મિરર | રાજકોટ**





સૌરાષ્ટ્રના રાજકોટ, સુરેન્દ્રનગર,બોટાદ અને ભાવનગર અને ધંધુકા પંથકમાંથી મોટરસાઈકલ ચોરી કરી એન્જિન અને અન્ય પાર્ટ્સ છુટા કરીને વેચી દેવાના કૌભાંડનો વિંછીયા પોલીસે પર્દાફાશ કરી બે શખ્સોની ધરપકડ કરી હતી. આ બન્ને શખ્સોએ ૨૭બાઈક ચોર્યાની કબૂલાત આપી છે. પોલીસે ૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વિંછીયાના થોરિયાળી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ દરમિમયાન બે શખસોને કોથળીમાં બાઈકનું એન્જિન સાથે ઝડપી લીધા બાદ બન્ને શખસોની પૂછતાછ કરાતા ૨૭મોટરસાયકલ ચીરીનું રેકેટ ખૂલ્યું હતું. ધંધુકાના મોદી ફળી સાંકળી શેરીમાં રહેતા હરેશ ઉર્ફે હરી પ્રેમજી મેટાળિયા (ઉ.વ.૪૭) તથા ગેરેજ સંચાલક બાસીત એહમદ મારૂ (ઉ.વ.૩૯)ની વિંછીયા પોલીસે ધરપકડ કરી પૂછતાછ હાથ ધરી હતી.

બન્ને શખસોના બે દિવસના રિમાન્ડ મેળવીને પૂછપરછ કરતા વિંછીયા માંથી ૨૦ દિવસ દરમિયાન બે બાઈક ઉપરાંત સૌરાષ્ટ્રભર માંથી અલગ-અલગ સ્થળોએથી ૨૭જેટલા બાઈક ચોર્યાની કબુલાત આપી હતી.

હરેશ બાઈક ચોરીને ગેરેજ ધારક બાસીતને ત્યાં બાઈક લઈ જવાતા હતા. જ્યાં એન્જિન અલગ કરીને વેચતા હતા પૂછપરછ માં વાહન ચોરીને ભાંગી નાખી પાટ્સ વેચી દેવાનું રેકેટ ખુલ્યું છે. બન્ને શખસો અગાઉ પણ ચોરીમાં પકડાઈ ચૂક્યા છે.

પોલીસને જણાવ્યા મુજબ હરેશ ઉર્ફે હરી સામે સુરેન્દ્રનગર, બોટાદ, ધોળા, ધંધુકામાં ચોરીના પ્રોહિબિશનના આઠ ગુના નોંધાઈ ચૂક્યા છે. ગેરેજ ધારક બાસીત સામે પણ સુરેન્દ્રનગર કડીમાં ચોરીને ગુના નોંધાયા છે.

જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની સૂચના થી પીઆઈ જે.પી. રાવ તથા કે.બી. ગઢવીની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, મનોજભાઈ ડાભી, પ્રકાશ કુકડિયા, અમિત સુરૂ, બળવંત ડાભી, અરવિંદ સાપરા, વિક્રમસિંહ ગોહિલ, દિનેશ પલાળિયા, લાલજી ગઢાદરા, સુરેશ મીઠાપરા, જીજ્ઞેશ કુકળિયાએ કામગીરી કરી હતી.

# રાજકોટમાં લાઈનબોયને મારી નાંખવાની ધમકી આપવાના ગુનામાં ચાર આરોપીનો નિર્દોષ છુટકારો

## દુકાનના ભાડા પેટે એડવાન્સ આપેલ રૂપિયા અને માલસામાન નહિ આપી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ'તી

**સમય મિરર | રાજકોટ**


એડવોકેટ

શહેરમાં નાગેશ્વર વિસ્તારમાં ભાડે રાખેલ દુકાનના ભાડા પેટે એડવાન્સ આપેલા રૂપિયા અને માલ સમાન પરત નહિ આપી પોલીસ પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના કેસમાં ચાર આરોપીને નિર્દોષ મુક્ત કરતો કોર્ટે હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં જામનગર રોડ રહેતા ફરિયાદી ગૌરવગીરી પ્રવીણગીરી ગોસ્વામીએ નાગેશ્વર વિસ્તારમાં મુંબઈ સ્થિત મેહુલભાઈ મહેતાની માલિકીની દુકાન માસિક રૂ.૨૨,૦૦૦ના ભાડા પેટે રાખી હતી અને જેના ચાર મહિનાના ભાડા પેટે રૂ.૭૨૦૦૦ ગુગલ પે કરી આપ્યા હતા. અને એક મહિના માટે દુકાનનો ઉપયોગ સ્નૂકર ગેમ તરીકે કર્યો હતો. બાદ ફરીયાદીને દુકાનના માલિક મેહુલભાઈ મહેતાના પિતા શૈલેષભાઈ મહેતાએ ફોન કરી દુકાન બીજા વ્યક્તિને ભાડે આપવાની છે જેથી ખાલી કરી આપવાનું કહેતા દુકાનની ચાવી મેહુલભાઈના જાણીતા કેયુરભાઈ મહેતાને આપી દેવાનું જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ દુકાનની ચાવી કેયુરભાઈને આપી મેહુલભાઈને ફોન કરી એડવાન્સ પેટે આપેલી રકમના બાકી રહેતા રૂ.૫૦,૦૦૦ પરત આપી દેવા જણાવ્યું હતું. તેમ છતાં મેહુલભાઈ મહેતાએ રૂપિયા પરત આપ્યા ન હતા. જેથી ફરિયાદીએ દુકાનમાં તેમનો સામાન સ્નૂકર ગેમના બે થી ત્રણ ટેબલ તથા એસી વગેરે હોય તે ખાલી કર્યા ન હતા. બાદમાં દુકાનમાં કેયુરભાઈ મહેતાએ પોતાનો વધારાનો સામાન મુકેલ અને સ્નુંકર ગેમ ટેબલનો ઉપયોગ કરવા લાગ્યા હતા. જેથી ફરિયાદીએ કેયુરભાઈને આ સામાનનો ઉપયોગ કરવાની ના પાડતા કેયુરભાઈએ તમારો સામાન દુકાન માલિકના પિતા શૈલેષભાઈ પાસેથી ખરીદ કર્યાનું જણાવ્યું હતું અને જે અંગે કેયુરભાઈએ ધર્મેશભાઈ આહીર સાથે વાતચીત કરાવી ધર્મેશભાઈની નાગેશ્વર ખાતે આવેલી સાઈ એસ્ટેટ નામની ઓફિસ ખાતે મળવા બોલાવ્યા હતા. મળવા જતા ધર્મેશભાઈએ જણાવેલ કે તમારો સામાન તમારે પરત જોઈતો હોય તો દુકાનના ભાડા પેટે એક લાખ આપવા પડશે નહીંતર સામાન પરત મળશે નહીં બંનેએ ઝગડો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં ફોન કરી સામાનની માંગણી કરતા સામાન બાબતે ફોન કરીશ કે રૂબરૂ આવીશ તો તારું પૂરું કરી નાખીશ તેવી ધમકી આપેલી હતી. જે અંગે ફરિયાદી દ્વારા કેયુરભાઈ સુરેન્દ્રભાઈ મહેતા, ધર્મેશભાઈ મેરામભાઈ ચાવડા, મેહુલભાઈ શૈલેષભાઈ મહેતા અને શૈલેષભાઈ ગૌરીશંકર મહેતા વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી હતી. ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ કોર્ટે ચારેય આરોપીઓને નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, નિમેશ જાદવ, દયા કે. છાયાણી અને આસીસ્ટનટ શ્રધ્ધા આર. ખખખ્ખર રોકાયા હતા.

# રાજકોટમાં બુલેટ ડિવાઈડર સાથે અથડાતા ચાલક યુવાનનું મોત

## રાત્રીના બુલેટ લઈને આંટો મારવા નીકળતા સર્જાયો જીવલેણ અકસ્માત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં વાહન ચાલકો બેફામ બન્યા હોય તેમ અવાર નવાર અકસ્માત સર્જાયા હોવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી છે ત્યારે વધુ એક ઘટનામાં આસ્થા રેસિડેન્સીમાં રહેતો યુવાન રાત્રીના બુલેટ લઈને આટો મારવા નીકળ્યો હતો ત્યારે અટલ સરોવર પાસે બુલેટ ડીવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ઘંટેશ્વર એસઆરપી કેમ્પ પાસે આવેલા આસ્થા રેસિડેન્સીમાં રહેતા રાજ રમેશભાઈ સિંધવ નામનો ૩૩ વર્ષનો યુવા રાત્રીના અગિયારેક વાગ્યાના સમયમાં પોતાનું બુલેટ લઈને આંટો મારવા નીકળ્યો હતો ત્યારે અટલ સરોવર પાસે રાજ સિંધવે ડ્રાઈવિંગ પરનો કાબૂ ગુમાવતા બુલેટ ડિવાઈડર સાથે અથડાયું હતું અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રાજ સિંધવને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ રાજ સિંધવે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવકને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ છે.

### કોર્પોરેશન દ્વારા ચા અને પાનની કેબીનનો થડો ઉપડાવી લેતા બઘડાતી બોલી; પોલીસ ફરિયાદ

# રાજકોટમાં થડો ઉપડાવી લીધાની શંકાએ યુવાન ઉપર બેલડીનો હુમલો

**સમય મિરર | રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોરા પાસે કોર્પોરેશનમાં કહીને ચા અને પાનની કેબીનનો થડો ઉપડાવી લીધાની શંકાએ યુવાન પર બે શખ્સોએ હુમલો કરતાં મામલો પોલીસ પાસે પહોંચ્યો હતો. આ ઘટનામાં બન્ને આરોપી સામે કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

વધુ વિગતો મુજબ, કટારીયા ચોકડી પાસે લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા અને ડ્રાઈવીંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતાં નિલેશ શાંતિભાઈ પરમાર નામના યુવાને જયદીપ રાજુભાઈ રાતડિયા અને રાધે ભરતભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં નિલેશભાઈએ જણાવ્યું હતું કે, તેઓ અને તેમના સગા મોટાભાઈ રવિભાઈ લક્ષ્મીના ઢોરા પાસે અલખધણી નામની ચા તથા ફાકીની દુકાન ચલાવે છે. તેણી દુકાનની સામે જયદીપ રાતડિયા પણ ચા અને પાન ફાકીની દુકાન ચલાવતો હતો. પરંતુ થોડા સમય પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓએ જયદીપને પોતાનો ગેરકાયદેસર પાન-ફાકીની કેબીન ત્યાંથી ઉપાડી લેવાનું કહેતા આ બાબતે જયદીપની તેવી શંકા હતી કે કોર્પોરેશનમાં પોતે જાણ કરી ચા-પાનનો થડો ઉપડાવી લેવાની ફરિયાદ કરી છે. જેથી જેનો ખાર રાખી ગઈકાલે સાંજના સમયે જયદીપના સ્થળે ફાકી ખાવા ગયો ત્યારે ત્યાં ઉભેલા જયદીપ અને તેના મિત્ર રાધેએ ત્યાં આવી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો અને નીચે પડેલી ઈંટ લઈ માથામાં ઘા ઝીંકી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી નિલેશ પોતાના ઘરે ભાગી ગયો હતો અને આ વાત પોતાના ઘરે કર્યા બાદ પોતે જુની હોસ્પિટલમાં દાખલ થયો હતો. આ મામલે યુનિવર્સિટી પોલીસ સ્ટાફે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં યુવાને મિત્રને ફોન કરી ઝેર પી કર્યો આપઘાતનો પ્રયાસ

**સમય મિરર | રાજકોટ**

### કારણ અકબંધ; પોલીસ તપાસ યથાવત

રાજકોટ શહેરનાં તાલુકા પોલીસ મથકનાં વિસ્તારમા ૮૦ ફુટ રોડ સત્યમ એવન્યુ સર્વોદય સ્કુલની બાજુમા રહેતા યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પીટલ ખસેડાયો હતો જયા તેમનુ મોત નિપજયુ હતુ. યુવાનનાં મોતનુ કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી છે. બનાવની વધુ વિગતો અનુસાર સર્વોદય સ્કુલની બાજુમા સત્યમ એવન્યુમા રહેતા મનોજભાઈ જમનભાઈ ભડેરી (ઉ.વ. ૩૮) નામના યુવાને ગઈ તા. ૫ નાં રોજ ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે દોઢસો ફુટ રીંગ રોડ પર મેડીકેર હોસ્પિટલમા ખસેડાયો હતો. જયા તેમને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મનોજભાઈ બે ભાઈમાં નાનો હતો અને ખાનગી કંપનીમા નોકરી કરતો હતો. તેમણે દવા પીધા બાદ મિત્રને કોલ કર્યો હતો. જયારે તેમને હોસ્પીટલે ખસેડાયો ત્યારે બેભાન હતો. તેમણે જે પગલું ભર્યું છે તેમનુ કારણ જાણવા મળ્યુ નથી.

# રાજકોટમાં વીજશોક લાગતાં લિફ્ટના ખાડામાં પટકાયેલા શ્રમિકનું મોત

## તબીબના વાંકે મૃતક યુવાનની લાશ પાંચ કલાક સુધી રઝળી: પરિવારમાં ગમગીની

**સમય મિરર | રાજકોટ**

રાજકોટની પીડિયું સિવીલ હોસ્પિટલ ફરી એક વાર વિવાદમાં આવી છે. વીજ શોક લાગતા દાખલ કરેલ દર્દીનું એક કલાકમાં મૃત્યુ નિપજ્યું હોવા છતાં તબીબે સાડા પાંચેક કલાક સુધી મૃત્યુ જાહેર ન કરી મૃતકના સગ્ગાને રઝળાવ્યા હતા.

વધુ વિગતો મુજબ,કોઠારીયા રોડ ઉપર આવેલા નંદા હોલ પાસે રહેતા સૂરેશ રામકિશોર નિશાદ (ઉ.વ.૪૧) નામનો યુવક સાડા છએક વાગ્યા આસપાસ રિલાયન્સ પમ્પની સામેની શેરીમાં આવેલા મકાનમાં લીફ્ટનું કામ કરતો હતો ત્યારે વીજ શોક લાગતા બીજા માળેથી લિફ્ટના ખાનામાં પડી ગયો હતો.

ત્યારબાદ તેમને ઘવાયેલી હાલતમાં સિવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવના પગલે પ્ર.નગર પોલીસનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.બાદ સાડા સાતેક કલાકે તબીબે હોસ્પિટલ ચોકીના ચોપડે ડામા જાહેર કરાવ્યું હતું.

પરંતુ ત્યારે તો દર્દી મૃત્યુ પામ્યો હોવા છતાં તબીબે પાંચેક કલાક સુધી મરણ જાહેર ન કરી મૃતકના પરિવારને રઝડાવ્યા હતા તેમજ દર્દીની ફાઈલમાં કોણ સહી કરી ગયું તે તેના સગ્ગા પણ અજાણ છે. તેમજ પોલીસના રેકર્ડ પર મૃત્યુની જાણ કરી ન હતી. હાલ આ મામલે મૃતકના પરિવારે ફરીવાર નવી પ્રોસીઝર કરી હોવાનું તેના ભાઈ કાન્તા નિશાદે જણાવ્યું હતું. આ મામલે પ્ર. નગરના પીએસઆઈ જે.એમ.જાડેજા તપાસ ચલાવી રહ્યા છે. મૃતકને બે દીકરા એક દીકરી છે અને પોતે ચાર ભાઈ બે બહેનમાં મોટો હતો.

# રાજકોટમાં મંડપ સર્વિસના ધંધાર્થીનો લગ્ન પ્રસંગના હોલમાં ગળાફાંસો ખાઈ આપઘાત

## કારણ અકબંધ; યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરના ગંજીવાડામાં રહેતા મંડપ સર્વિસના ધંધાર્થીએ સંતકબીર રોડ પર કનકનગરમાં આવેલા મહારાણાપ્રતાપ હોલમાં અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસનો ધમધાટ શરૂ કર્યો છે.

જાણવા મળતી વિગત મુજબ, ગંજીવાડા શેરી નં.૫૭માં રહેતા અને ગંજીવાડામાં જ મોમાઈ મંડપ સર્વિસ કરતાં પાચાભાઈ વજકાણી (ઉ.૩૨) નામના યુવાને આજે બપોરે સંતકબીર રોડ પર કનકનગરમાં આવેલા આર.એમ.સી.ના મહારાણાપ્રતાપ હોલમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારજનો અને પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ ત્રણ બહેનમાં નાનો અને તેને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસમાં કોર્પોરેશનના હોલમાં ચોકીદાર પણ રાખવામાં આવ્યો છે. જો કે આજે જ ચોકીદાર ન હોય અને મંડપ સર્વિસનો ધંધાર્થી તેના કામ અર્થે હોલમાં આવ્યા બાદ આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. તેણે આપઘાત શા માટે કરી લીધો તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

### સિવિલ કોર્ટના ૨૦૦ સિનિયર સિવિલ જજ અને ૨૦૩ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અધિકારીઓ ૧૯મીએ ચાર્જ સંભાળશે

# રાજકોટ સહિત રાજ્યના ૬૩ ડિસ્ટ્રીક્ટ જજ કેડર સહિત ૪૬૬ ન્યાયાધીશોની બદલી

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યની સિવિલ કોર્ટના માળખામાં ફેરફાર કરીને ડિસ્ટ્રીક્ટ જજ કેડરના ૬૩ સહિત ૪૬૬ જજની બદલીનો ઓર્ડર કર્યો છે. જેમાં ૨૦૦ સિનિયર સિવિલ જજ અને ૨૦૩ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અધિકારીઓનો સમાવેશ થાય છે જે તમામ આગામી ૧૯મી મે ચાર્જ સંભાળશે.

હાઈકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ બદલીના ઓર્ડરમાં રાજકોટમાં ફરજ બજાવતાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ કેડરના એસ.વી. શર્માની ગાંધીનગર, ઈન્ડસ્ટ્રીઝ કોર્ટના એમ એ.ટેલરની વડોદરા, એમ જે બ્રહ્મભટ્ટની નડિયાદ ખાતે બદલી કરવામાં આવી છે. તેવી રીતે રાજકોટ સિનિયર સિવિલ જજ કેડરના એમ.જે.શાહની ગાંધીનગર, ડી. આર.જગુવાલા- ગાંધીનગર, જે.વી પરમાર-સાબરકાંઠા, એમ.ડી. ત્રિવેદી-ખેડા, કે.એમ. ગોહેલ-અમદાવાદ, આર્યરામ કુમાર-મહેસાણા, સી.પી. ચારણ-જામનગર, પી.એસ.સિધીની સુરત ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે રાજકોટ શહેર-જીલ્લામાં સિવિલ કોર્ટમાં મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે ફરજ બજાવતા જે.જે.જાદવ-ખેડા, એમ ડી પરમાર-તાપી, એન.ટી.કારિયા-સાબરકાંઠા, એ.એ.દવે-અરવલ્લી, જુંગલ દવે અમદાવાદ,પી. બી. ગામીત-વડોદરા, આર.આર. બારૈયા નવસારી, આર.કે.જાની બનાસકાંઠા, એ.પી.દવે અમદાવાદ, કે.એન.જોષી મહેસાણા, દામીની દીક્ષિત ગાંધીનગર, એન.ડી જોષીપરા, સી.સી.ગોંડલીયા અમદાવાદ અને કુમદેવસિહ ચુડાસમાની અમદાવાદ જ્યુડિશિયલ રૂરલમાં બદલી કરવામાં આવી છે.

# રાજકોટમાં કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજને પત્નીને મારી નાખવાની આપી ધમકી

## એક મહિનામાં ત્રીજી ફરિયાદઃ શુક્રવારે રાત્રે પણ તેણે બઘડાટી બોલાવી'તી

**સમય મિરર | રાજકોટ**



રાજકોટના કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજન વિરૂધ્ધ વધુ એક ફરિયાદં નોંધવામાં આવી છે. આ ઘટના તેમણે તેમની પત્નીને જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આ ઘટનામાં કરણપરા શેરી નં.૧૩માં રહેતા મેઘાબેન હર્ષદભાઈ માંડલીયા (સોની)એ પોતાની ફરિયાદમાં પોતાના પતિ હર્ષદ માણેકલાલ માંડલીયા, કમલેશ હર્ષદભાઈ અને તેનો સાગ્રીત નિલેશ ઉર્ફે બાબુ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં મેઘાબેને ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ૧૦ દિવસ પહેલા પતિ-દીકરા જેનીષના સાસરીયે આનંદનગર પહોંચી માથાકુટ કરી હતી અને જેથી જેનીષની સગાઈ તુટી ગઈ હતી. આ બાબતે પતિ સાથે અવારનવાર માથાકુટ થતી અને તેમને વાત કરી કે આપણે જેનીષને સમજાવી કે સગાઈ ભલે તુટી ગઈ હોય પણ તું આડુ અવડું પગલું ભરતો નહીં તેમ કહેતા પતિએ સાથે આવવાની ના પાડી દીધી હતી અને ગાળો આપી બોલાચાલી કરી અને ઘરમાંથી કાઢી મુકી હતી. ત્યારબાદ મેઘા પોતાના પિયર જતી રહી હતી. ત્યારબાદ તા.૯નાં રોજ રાત્રિનાં ૧૦ વાગ્યે પતિનો ફોન આવ્યો હતો અને તારે જેને બોલાવવા હોય તેને બોલાવી લેજે અને ગાળો આપી હતી. તેમજ પતિ હર્ષદ માથાભારે હોય જેથી મેઘા અને તેના પિયરપક્ષના લોકો ત્યાંથી નીકળી સરકારી હોસ્પિટલ જામટાવર પાસે પહોંચ્યા હતાં ત્યારે ત્યાં હર્ષદના મિત્રએ બાઈક આડુ નાખી અને ગાડી ઉભી રખાવી તેમજ પતિ હર્ષદે છરી કાઢી ગાડીના બોનેટ પર ધુમ્બો માર્યો હતો. તેમજ છરીને એક ઘા કાર પર માર્યો હતો અને મેઘાબેનના ભાઈને ધમકી આપી કહ્યું કે ગાડીનો કાચ ખોલ નહીંતર બધાને જાનથી મારી નાખી તેમજ જાહેરમાં ઝઘડો કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# ભાવનગર નજીક અકસ્માતમાં એક જ પરિવારના ૪ સહિત પાંચના મોત

**ધોલેરા હાઈવે પર સાંઢીડા નજીક બે કાર સામસામે અથડાતા થયેલો અકસ્માત સગા ત્રણ ભાઈ કાળને ભેટ્યા : ચાર લોકોને ઈજા**

સમય મિરર । ભાવનગર

ધોલેરા ભાવનગર હાઈવે પર આવેલ સાંઢિડા ગામ નજીક બે કાર સામસામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એકે જ પરિવારના ચાર લોકો અને અન્ય એક મહિલા સહિત પાંચ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતાં. આ અકસ્માતમાં અન્ય ઘાયલ થયેલા ચાર લોકોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. આ તમામ લોકો ભાવનગર અને પાલિતાણાના હોવાનું સામે આવ્યું છે. હાઈવે પર અકસ્માત સર્જાતા ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહોના કબ્જા લઈ ટ્રાફિક પૂર્વરત કરાવતા વાહન વ્યવહાર ફરી શરૂ થયો હતો. એક જ પરિવારના ચાર લોકોના મૃત્યુ થતાં પરિવારજનો પર આભ તુટી પડ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ સ્કોર્પિયો અને કીયા કાર વચ્ચે ભાવનગર-ધોલેરા હાઈવે ઉપર



અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ભાવનગરના મહુવા તાલુકાના અને હાલ અમદાવાદ શહેરના સાઈનસીટી વિસ્તારમાં રહેતા ત્રણ સગાભાઈ અને તેમના એક બાળકનું મોત નિપજ્યું હતું. જ્યારે પાલિતાણાના મહિલાને પણ આ અકસ્માતમાં ગંભીર ઈજા થતાં પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું.

અકસ્માત એ સમયે સર્જાયો જ્યારે ભાવનગર તરફથી આવી રહેલી કિયા કાર અને ધોલેરાથી ભાવનગર તરફ જઈ રહેલી સ્કોર્પિયો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ. અકસ્માતની ઘટના સર્જાતા માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ધોલેરા પોલીસને બનાવની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને રાહત બચાવ કાર્ય તથા ટ્રાફિક નિયમન શરૂ કરાવ્યું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે ઘટનાસ્થળે પહોંચીને ઘાયલોને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ધોલેરા ભાવનગર હાઈવે માર્ગ નું કામ ચાલી રહ્યું છે ગોકળગતીએ ચાલતા આ કામ ને કારણે પાછલા કેટલાક સમયથી આ માર્ગ પર અનેક જીવલેણ અકસ્માતો સર્જાયા છે આજે સાંઢીડાના પાટીયા નજીક ભાવનગર તરફથી મૂળ પાલીતાણાના રહેવાસી લોકો કિયા કારમાં ધોલેરા તરફ આવી રહ્યા હતા ત્યારે ધોલેરા તરફથી ભાવનગર બાજુ જઈ રહેલી SCORPIO કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં SCORPIO કાર પલટીને રોડની નીચે ગઈ હતી. અકસ્માતની જાણ થતા ધોલેરા ૧૦૮ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આ દુર્ઘટનામાં ઘાયલ લોકોને સારવાર અર્થે ભાવનગર ખાતે લઈ જવામાં આવ્યા હતા.

### મૃતકોની વિગત

૧.ગોરધનભાઈ ગોબરભાઈ ડોબરીયા
૨.અશોકભાઈ ગોબરભાઈ ડોબરીયા
૩.ગૌરવભાઈ ગોબરભાઈ ડોબરીયા
૪.તીર્થ ગૌરવભાઈ ડોબરીયા
૫.દિશાબેન કિરીટભાઈ પ્રબતાણી, પાલીતાણા

# રાપર સ્વામિનારાયણ મંદિરમાં સૈનિકો માટે યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૫૦૦ બોટલ એકત્ર

**મંદિરના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દેશસેવા માટે થયેલું વિશેષ કાર્ય**

સમય મિરર । કચ્છ





રાપર ખાતે નૂતન સ્વામિનારાયણ મંદિરના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન વિશેષ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ભારત-પાકિસ્તાન સરહદ પર તૈનાત જવાનો માટે આ રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

સ્વામિનારાયણ મંદિર ભુજ, રાપર અને જી.કે. જનરલ હોસ્પિટલના સંયુક્ત પ્રયાસથી યોજાયેલા કેમ્પમાં ૫૦૦ બોટલ રક્તદાન એકત્રિત કરવામાં આવ્યું. અક્ષરપ્રિય સ્વામીના માર્ગદર્શન હેઠળ 'ઓપરેશન સિંદૂર'ને અર્પણ કરાયેલા આ કેમ્પમાં પોલીસ સ્ટાફ અને જીઆરડી જવાનોએ પણ રક્તદાન કર્યું. રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, શહેર ભાજપના આગેવાનો, સ્વામિનારાયણ મંદિરના સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો. જી.કે. જનરલ હોસ્પિટલ પેથોલોજી વિભાગના વડા ડો. જિજ્ઞાબેન ઉપાધ્યાયના નેતૃત્વમાં ડો. નિષ્ઠા શાહ, દર્શન રાવલ, સત્યજીતસિંહ રાઠોડ અને મેહુલ દવેની ટીમે સેવાઓ આપી.

એકત્રિત કરાયેલું રક્ત યુદ્ધની પરિસ્થિતિમાં દેશહિત માટે ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં હરિભક્તો, સંતો અને પોલીસ સ્ટાફે રક્તદાનમાં ભાગ લીધો હતો.

# રાજ્યમાં પડેલા માવઠાંથી ઉભો પાક ઉંધે કાંધ સરકારે નુક્સાનીનો પ્રાથમિક અંદાજ મંગાવ્યો

**કેરીમાં ૫૦ ટકા, પપૈયામાં ૨૦ ટકા, કેળામાં ૧૫ ટકા, તલમાં ૪૦ ટકા અને ડાંગરમાં ૧૫ ટકા નુક્સાનીના એંધાણ**

સમય મિરર । રાજકોટ

રાજ્યમાં પડેલા કમોસમી વરસાદથી ખેતીપાકમાં ભારે નુકસાન થયું છે. બાગાયતી પાકમાં ખેડૂતોને મોટા નુકસાનનો અંદાજ છે. માવઠાના લીધે કેરીના પાકમાં ૫૦% નુકસાનની શક્યતા છે પપૈયામાં ૨૦% અને કેળામાં ૧૫% નુકસાનનો અંદાજ છે. તલમાં ૪૦% અને ડાંગરમાં ૧૫% નુકસાન થયાનો અંદાજ છે. વરસાદ બંધ થતા નુકસાનીનો સર્વે શરૂ કરાય તેવી શક્યતા છે.

તલ, મગ, અડદ સહિતના પાકને ભારે નુકસાન થતા ખેડૂતોએ રોવાનો વારો આવ્યો છે. વરસાદને કારણે કેશોદ,માંગરોળ, માણાવદર, તેમજ ગીર વિસ્તાર સહિતના વિસ્તારોમાં ખેડૂતોના ઉભા પાકને નુકસાન થયું



છે. લાખો રૂપિયા ખર્ચ કરી ખેડૂતોએ વિવિધ પાકનું વાવેતર કર્યું હતું. જો કે અચાનક પડેલા કમોસમી વરસાદને ખેડૂતોની તમામ મહેનત પર પાણી ફેરવી નાખ્યું છે. ત્યારે ખેડૂતોએ સરકાર પાસે પાક નુકસાનીનો સર્વે કરી રાહત પેકેજ જાહેર કરવાની માગ કરી છે.

કેસર કેરીનું હબ મનાતા ગીર સોમનાથ જિલ્લાના તાલાલામાં માવઠાએ કેરીના પાકને ગંભીર અસર કરી છે.. ભારે પવન ફૂંકાતા સેંકડો આંબાઓ પરથી કેરી ખરી પડી છે જેથી ખેડૂતોને આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે ગ્લોબલ વોર્મિંગના કારણે આંબાઓ પર કેરીનું ફ્લાવરિંગ બગડી જતા આ વર્ષે કેરીનું માંડ ૫૦ ટકા જ ઉત્પાદન થયું છે અને હવે આંબાઓ પર રહેલી કેરીઓ પણ ખરી પડતા બગાયતી ખેડૂતોને ભારે આર્થિક ફટકો પડ્યો છે.

વરસાદની સ્થિતિ થોડી શાંત થતાં હવે સરકારે જિલ્લા પ્રમાણે પાક નુકસાનીનો પ્રાથમિક અંદાજ મંગાવ્યો છે. જેમા બાગાયતી અને ખાસ કરીને કેરીના પાકમાં પ્રાથમિક નુકસાનની વિગતો મંગાવાઈ છે. જેમાં SDRFના નિયમો મુજબના અંદાજોને આધારે સરકાર કામગીરી આગળ વધારશે. બીજી તરફ કેટલાક મકાનો અને દુકાનોને પણ નુકસાન પહોંચ્યુ છે. ભારે પવનના કારણે સોલાર પેનલોને પણ નુકસાન પહોંચ્યું છે.

**અમદાવાદથી પોરબંદર જતાં માર્કેટ યાર્ડ પાસે યમરાજનો ભેટો : અન્ય ત્રણ લોકોને ગંભીર ઈજા**

# માતાના જનાઝામાં જતા પુત્રનું રાજકોટમાં કારની ઠોકરે હિટ એન્ડ રનમા કરુણ મોત

સમય મિરર । રાજકોટ

રાજકોટના માર્કેટ યાર્ડ નજીક GJ-03-BU-7839 નંબરની રિક્ષાનો ચાલક ગ્રીનલેન્ડ ચોકડીએથી મુસાફરોને બેસાડીને ગોંડલ રોડ ચોકડી તરફ જવા રવાના થયો હતો. ત્યારે માર્કેટ યાર્ડ પુલથી આજીડેમ ચોકડી તરફ જતા રસ્તે અચાનક પાછળથી પૂરપાટ ઝડપે એક કાર આવી હતી અને રિક્ષાને અડફેટે લઇ ફરાર થઇ ગઇ હતી, જેમાં જોરદાર ટક્કર વાગતાં રિક્ષા પલટી મારી ગઇ હતી, જેથી અંદર બેઠેલા મુસાફરો પૈકી એક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે ૩ મુસાફરને ઈજાઓ થઇ હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટનાસ્થળે જ મૃત્યુ પામનારનું નામ યુસુફભાઇ અનવરભાઇ મુકાદમ




(ઉં.વ.૩૪) હોવાનું ખૂલ્યું હતું. પંચનામું કરી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. વધુ વિગતો મુજબ મૃત્યુ પામનાર યુસુફભાઇ હાલ અમદાવાદ રહી નોકરી કરતો હતો. તે મૂળ પોરબંદરના વતની હતો અને તેની માતાનું મૃત્યુ થતાં તેમની મૈયતમાં સામેલ થવા અમદાવાદથી પોરબંદર જવા નીકળ્યો હતો. સવારે ૬ વાગ્યે ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચી ત્યાંથી ગોંડલ રોડ ચોકડીએ જવા તે રિક્ષામાં બેઠો હતો અને યાર્ડ નજીક હિટ એન્ડ રનમાં તેનું મૃત્યુ થયું હતું, જેથી પોરબંદર રહેતાં પરિવારજનોમાં ભારે શોક વ્યાપી ગયો હતો. બનાવને પગલે લોકોનાં ટોળાં ભેગાં થઇ ગયાં હતાં અને ૧૦૮ને જાણ કરતાં બે એમ્બ્યુલન્સ પહોંચી હતી. અકસ્માતમાં ઘવાયેલા કુવાડવા રોડ રામ પાર્કના ગોપાલભાઇ કરસનભાઇ પઢારિયા (ઉં.વ.૪૮), અમદાવાદ સરખેજના જેઠાભાઇ મંગળભાઇ ચૌહાણ (ઉં.વ. ૬૩) અને ગોંડલના વિવેક ત્રિમોહનભાઇ શુક્લા (ઉં.વ.૨૪)ને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન આજી ડેમ પોલીસ પથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

**ચાર દિવસથી ફસાયેલા મુસાફરો માટે આનંદો**

# રાજકોટ-ભૂજ, જામનગર, કેશોદ, પોરબંદર કંડલા સહિત સૌરાષ્ટ્રના એરપોર્ટ શરૂ કરાયા

**સીઝ ફાયરની જાહેરાત બાદ પરિસ્થિતિ રાબેતા મુજબ થતાં ઓથોરિટી દ્વારા બે દિવસ વહેલી જાહેરાત કરાઈ**

સમય મિરર । રાજકોટ

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલતા યુદ્ધથી દેશભરમાં તણાવની સ્થિતિ સર્જાઈ હતી. આ તણાવની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા રાજકોટ સહિત સૌરાષ્ટ્રના આઠ એરપોર્ટો સિવિલ સર્વિસ માટે બંધ કરવામાં આવ્યા હતા. અને માત્ર સૈન્ય અને સુરક્ષા એજન્સીઓ માટે જ અનામત રાખવામાં આવ્યા હતા. આ એરપોર્ટ તા. ૧૫મી મે સુધી બંધ રાખવાની જાહેતા કરવામાં આવી હતી. પરંતુ શનિવારે સીઝ ફાયરની જાહેરાત થતાં અને પરિસ્થિતિ હળવી પડતા સૌરાષ્ટ્રના તમામ એરપોર્ટો આજથી જ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પરિસ્થિતિ થાળે પડતા બે દિવસ વહેલા જ એરપોટો શરૂ કરવાનો નિર્ણય ઓથોરીટી દ્વારા કરાવમાં આવ્યો છે.







અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત-પાકિસ્તાન યુદ્ધને લઈને તા. ૧૦ મેથી ૧૪ મે સુધી ગુજરાતમાં રાજકોટ ખાતે આવેલ હિરાસર, ભૂજ, કંડલા, કેશોદ, જામનગર, નલિયા, મુંદ્રા, પોરબંદર, એરપોર્ટ પેસેન્જર સેવા માટે બંધ કરવામાં આવ્યા હતાં. પરંતુ હાલ પેસેન્જર ફ્લાઈટો માટે પણ એરપોર્ટો ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથીને અટવાયેલા મુસાફરોમાં રાહતની લાગણી જોવા મળી ગઈ છે.

પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈકને કારણે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી તમામ ફ્લાઈટ્સ ૭થી ૧૪ મે સુધી રદ કરવા માટેની જાહેરાત કરાઈ હતી, જોકે યુદ્ધવિરામની જાહેરાત થતાં આજથી મુસાફર લક્ષી ફ્લાઈટ્સ શરૂ કરવા માટે એરપોર્ટ ઓથોરિટી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જ્યારે ઈન્ડિગો અને એર ઈન્ડિયા એરલાઈન્સ દ્વારા બુકિંગ શરૂ કરવામાં આવશે અને ત્યાર બાદ ફ્લાઈટ્સનો પ્રારંભ થશે.

યુદ્ધના તણાવ વચ્ચે જામનગર એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું, તે આજરોજ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આજથી જ એરપોર્ટ પ્રવાસીઓ માટે ખુલ્લું કરી દેવામાં આવ્યું છે. હવેથી અહીંથી રાબેતા મુજબ દરરોજ વિમાન ઉડાન ભરશે.

### પેસેન્જર ફ્લાઈટ્સ શરૂ કરતાં મુસાફરોને રાહત

રાજકોટથી ઈન્ડિગોની મુંબઈની ૩, દિલ્હી, બેંગલુરુ, હૈદરાબાદ અને ગોવાની ૧-૧ ફ્લાઈટ રદ કરાઈ હતી, જ્યારે એર ઈન્ડિયાની મુંબઈની ૨ અને દિલ્હીની ૧-૧ ફ્લાઈટ્સ કેન્સલ જાહેર કરવામાં આવી હતી, જોકે રાજકોટ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તાજેતરમાં જ પેસેન્જર ફ્લાઈટ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે, જેથી મુસાફરોને રાહત થઈ છે.

### ૩૨૦૦થી વધુ મુસાફરો હેરાનગતિમાં મુકાયા હતા

રાજકોટ-અમદાવાદ હાઈવે પર હીરાસરમાં સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી ઊપડનારી તમામ ૧૦ ફ્લાઈટ્સ ૭થી ૧૪ મે સુધી રદ કરવામાં આવી હતી, જેથી દૈનિક ૩,૨૦૦ હવાઈ મુસાફરને ટ્રેન, બસ અથવા તો કાર મારફત જવું પડતું હતું. ઈન્ડિગો અને એર ઈન્ડિયાની તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવતાં દરરોજ રાજકોટ એરપોર્ટ પર આવતાં ૧૫૦૦ તો અહીંથી હવાઈ ઉડાન ભરી જતાં ૧૭૦૦ મુસાફર મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, એટલે કે ૩૨૦૦થી વધુ મુસાફરો હેરાનગતિમાં મુકાયા હતા.

# સુરતમાં ધો. ૧૨માં અભ્યાસ કરતી પુત્રીના દેહને અભડાવતો પિતા

**સતત છ વર્ષ સુધી શારિરીક અત્યાચાર કર્યાની ફરિયાદ : ધરપકડ**

સમય મિરર । સુરત

સુરતમાં ધો. ૧૨માં ભણતી વિદ્યાર્થીનીનો તેના બાપે જ દેહ અભડાવ્યો હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. સતત છ વર્ષ સુધી શારીરીક શોષણ કરનાર પિતા વિરુદ્ધ ફરિયાદ કરાતા ઈચ્છાપોર પોલીસ દ્વારા નરાધમની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી દીકરી પર તેના હેવાન પિતાએ સતત ૬ વર્ષ સુધી દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવતાં ચકચાર મચી જવા પામી છે. પરિવારે દીકરીને તેના કાકાને ત્યાં મોકલ્યા બાદ સમગ્ર હકીકત બહાર આવી છે. નરાધમ પિતા દીકરીને માર મારતો હતો. દીકરીએ પિતાની ગંદી હરકતો અંગે તેની માતા અને દાદા-દાદીને જાણ કરી હતી.



પિતાએ પરિવાર સાથે ઝઘડો કર્યો હતો. તે તેની પુત્રીને માર મારતો હતો. આ ઘટનામાં પોલીસ ફરિયાદ કરતા ઈચ્છાપોર પોલીસે પિતાની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પરિવારમાં ઝઘડા થતાં દીકરીને તેના કાકાને ત્યાં મોકલી દેવાઈ હતી. જયાં તેને પોતાની સાથે થયેલી યાતના વર્ણવી હતી. ત્યાર બાદ સમગ્ર વાત બહાર આવી હતી. પરિવારે પિતાની પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરના ગૌતમગઢ નજીક ભોગાવો નદીમાં ડૂબી જતાં બે ભાઈના મોત

**ગરમીથી રાહત મેળવવા ન્હાવા પડેલા બન્ને ભાઈને કાળ ભેટ્યો : પરિવારમાં માતમ**

સમય મિરર । સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર ગૌતમગઢ નજીક ભોગાવો નદીમાં ભરપૂર માત્રામાં પાણી છે ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે બે ભાઈઓ નદીમાં નહાવા પડયા હતા અને ત્યારે બન્ને ભાઈઓ નદીની વચ્ચોવચ સુધી પહોંચી ગયા હતા અને નદી ઉંડી હોવાથી તેઓ બહાર નીકળી ના શકયા જેના કારણે તેમનું મોત થયું છે, મામા-ફઈના ભાઈઓના મોત થવાથી પરિવારમાં શોકની લાગણી છવાઈ છે, ઘટનાની જાણ થતાની સાથે જ ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચ્યું હતુ અને બન્નેના મૃતદેહને બહાર કાઢયા હતા.



તો ફાયર વિભાગની સાથે સુરેન્દ્રનગર પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, તો બન્ને ભાઈઓના મૃતદેહને પીએમ માટે ખસેડયા છે, તો પીએમ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે, તો પરિવારજનોના નિવેદન પણ પોલીસે નોંધ્યા છે, તો ગામમાં પણ શોકનો માહોલ છવાયો છે કેમકે એક જ પરિવારના બે યુવાનોના મોત થયા છે. સુરેન્દ્રનગરમાં નદીમાં ડૂબી જતા બે ભાઈના મોત થયા હોવાની વાત સામે આવી છે, ગૌતમગઢ નજીક ભોગાવો નદીમાં બે ભાઈઓ નાહવા ગયા હતા તે દરમિયાન તેમના મોત થયા હોવાની વાત સામે આવી છે, નદીમાં ડૂબી જવાથી મોત થયા છે, કિશોરસિંહ જાડેજા, અજયસિંહ પરમારનું મોત થયું છે, તો ફાયર ટીમે ભારે જહેમતે મૃતદેહ બહાર કાઢ્યો છે.

# વૈશાખી પૂર્ણિમા : મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું

**શામળાજીમાં ભગવાનને હિરાજડીત મુગટનો શણગાર : અંબાજી, હર્ષદ સહિતના ધાર્મિક સ્થળોએ વિવિધ કાર્યક્રમો યોજાયા**





સમય મિરર । રાજકોટ

વૈશાખી પૂર્ણિમા નિમિતે ગુજરાતમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોએ ભક્તોનું ઘોડાપુર ઉમટીપડ્યુ હતું અને વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સહિત દેશભરમાં શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. યાત્રાધામ શામળાજીમાં ભગવાનને હિરાજડીત મુગટનો શણગાર કરવામાં આવ્યો હતો. અંબાજી મંદિરમાં વહેલી સવારે મંગળા આરતી સાથે ઢોલ નગારા ગુંજી ઉઠતા વાતાવરણ ધાર્મિક બની ગયું હતું. હરસીદ્ધિમાં નવચંડી યજ્ઞ યોજાયો હતો. ઉંઝામાં ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા નિકળી હતી. આ પ્રસંગે ભગવાન શામળિયાને કુશળ કારીગરો દ્વારા તૈયાર કરાયેલા ખાસ વાઘા પહેરાવવામાં આવ્યા હતા. મંદિરમાં ભગવાનને સુવર્ણ અને હીરાજડિત મુગટથી શણગારવામાં આવ્યા હતા. કાળિયા ઠાકરની શણગાર આરતી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઊમટેલા ભક્તોએ શામળિયાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ ગણાતા મા જગતજનની અંબાના ધામમાં વૈશાખ સુદ પૂનમની ભવ્ય ઉજવણી થઈ. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો મંદિરે ઊમટ્યા હતા. મુખ્ય પૂજારી ભટજી મહારાજે મંગળા આરતી કરી. આદિવાસી સમાજના લોકો ઢોલ સાથે મંદિરે પહોંચ્યા હતા. 'બોલ મારી અંબે જય જય અંબે'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

હિંમતનગરના હરસિદ્ધિ માતાજીના મંદિરે પણ પૂનમ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો છે. સ્વ.રાજેન્દ્રભાઈ રેવાભાઈ પરિવાર દ્વારા નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું છે. સોની પરિવારના યજમાનના હસ્તે મંત્રોચ્ચાર સાથે માંગલિક પ્રસંગોના પૂજન-અર્ચનથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. સવારથી શરૂ થયેલો હવન સાંજે શ્રીફળ હોમ સાથે પૂર્ણ હતો.

### ઊંઝા ઉમિયા માતાજી મંદિરે ૧૧ લાખની કિંમતની ૧૧ તોલા સોનાની પાદુકા અર્પણ

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારના નિવાસી અને મૂળ વિજાપુર તાલુકાના ગવાડા ગામના વતની પટેલ અંબાલાલ જોઈતારામ મહાદેવિયા પરિવારે માતાજીને સોનાની પાદુકા અર્પણ કરી. આ પાદુકા ૧૧ તોલા શુદ્ધ સોનાની બનાવવામાં આવી છે. આ પાદુકાની બજાર કિંમત આશરે ૧૧ લાખ રૂપિયા છે. મહાદેવિયા પરિવાર વતી સતીશભાઈ અને પ્રવીણભાઈએ શ્રદ્ધાપૂર્વક આ પાદુકા માતાજીના ચરણોમાં અર્પણ કરી.